Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૮૩
તા.૨૨-૧૧-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

સૂર્યોદય : ૦૬:૫૮ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન

ડીસા	૧૮.૪	વડોદરા	૧૫.૪
અમદાવાદ	૧૭.૬	સુરત	૧૯.૪
ગાંધીનગર	૧૭.૦	નલિયા	૧૦.૦

ચાંદી : ૪૦,૬૦૦ સોનું : ૩૦,૫૦૦

ભાજપે ગુજરાતને કર્ફ્યુ - હિંસામુક્ત કર્યું : અમિત શાહ

વંશવાદ અને જાતિવાદ સામે મોદીનો વિકાસવાદ જીતશે : ભાવનગરમાં ભાજપ અધ્યક્ષની જંગી સભા

અમદાવાદ

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ભાવનગરના ગુલિસ્તા મેદાન ખાતે જંગી જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતની ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી એ બે રાજકીય પાર્ટી વચ્ચેની ચૂંટણી નથી પરંતુ આ ચૂંટણી વંશવાદ, જાતિવાદની સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસવાદની ચૂંટણી છે. આ ચૂંટણીમાં વિકાસવાદ વિજયી પામશે અને ગુજરાતની પ્રગતિ માર્ગ વધુને વધુ ખુલશે. તેઓએ જણાવ્યું હતું કે, ચૂંટણીએ મુદ્દા ઉપર લડાવી જોઈએ. કોંગ્રેસ પાસે ગુજરાતના ગૌરવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિરોધ સિવાયનો કોઇ મુદ્દો નથી. કોંગ્રેસ કયા મુદ્દે ચૂંટણી લડે છે તે સ્પષ્ટ કરે. ભાજપ સર્વાંગિણ વિકાસનો મુદ્દો લઇને ચૂંટણીના મેદાનમાં ઉતરી છે. ગુજરાતને ૧૯૮૫થી ૧૯૯૫ના ૧૦ વર્ષના સમય ગાળાના જાતિવાદના ઝેરના

અનુસંધાન પાના નં.૬

ભાજપનો ચૂંટણી ઢંઢેરો ૨૮મી નવેમ્બરે જાહેર થાય તેવી સંભાવના

અમદાવાદ

ગુજરાતમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટેના ઉમેદવારોની જાહેરાત થતાં જ ભાજપ-કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોએ ચૂટણી ઢંઢેરાને આખરી ઓપ આપવાની તૈયારી લગભગ પુર્ણ કરી દીધી છે. નાણાંમંત્રી અરૂણ જેટલી ગુજરાતમાં ગઇકાલે આવ્યા હતાં અને તેમણે આ મુદ્દે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિતના આગેવાનો સાથે ચુંટણી ઢંઢેરાને લઇને ચર્ચા વિચારણા કરી હતી.

ભાજપ સુત્રોનું કહેવું છે કે મોટે ભાગે ૨૮મી નવેમ્બરના રોજ ભાજપ તરફથી ચૂંટણી ઢંઢેરો જાહેર કરાશે. ભાજપના સુત્રોએ કહ્યું હતું કે ભાજપના ચુંટણી ઢંઢેરામાં વિકાસના મુદ્દા પર વિશેષ પ્રાધાન્ય અપાશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની કામગીરી અંગે માહિતી હશે ૨૮મી નવેમ્બરના રોજ અરૂણ જેટલી, અમિત શાહની ઉપસ્થિતિમાં ચુટણી ઢંઢેરો જાહેર કરાશે એમ જાણવા મળેલ છે.

બીજી તરફ કોંગ્રેસે પણ ચૂટણી ઢંઢેરાને મંજુરી અર્થે સીડબલ્યુસી મોકલી આપ્યો છે. લગભગ ૧૦૦ જેટલા મુદ્દાઓને આવરી લેતાં ચૂંટણી ઢંઢેરાને કોંગ્રેસે ગુજરાત વિઝન-૨૦૧૭ નામ આપ્યુ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ માટે નિમાયેલી સમિતિના ચેરમેન મધુસુદન મિસ્ત્રી તથા કન્વીનર દિપક બાબરીયા છે એમ વધુ વિગતો આપતા ચૂંટણી ઢંઢેરા સમિતિના સભ્ય અશોક પંજાબીએ જણાવ્યુ હતુ. તેમણે વિશેષમાં જણાવ્યુ હતુ કે ટેકનોક્રેટ તથા કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી સામ પિત્રોડાએ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં વેપારી, વકીલો, ડોક્ટરો સહિત સમાજના વિવિધ સ્તરના આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરી ગુજરાત વિઝન-૨૦૧૭ તૈયાર કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ૧ લી ડીસેમ્બર પહેલાં જાહેર કરાશે.

મોદી સરકાર કાયદો બનાવવા માટે સંપૂર્ણ સક્રિય

ત્રિપલ તલાક પર બ્રેક માટે શિયાળુ સત્રમાં ખાસ બિલ લાવવા તૈયારી

જટિલ ત્રિપલ તલાક ઉપર બ્રેક મુકવા સાથે સંબંધિત બિલ તૈયાર કરવા માટે ઉચ્ચસ્તરીય કમિટિની રચના કરાઈ : શિયાળુ સત્રને લઇ સરકારે કમરકસી

નવદિલ્હી

એક સાથે ત્રણ તલાક પર પ્રતિબંધ મુકવા માટે કેન્દ્ર સરકાર હવે કાયદો બનાવવા પર વિચારણા કરી રહી છે. ટીવી રિપોર્ટસમાં દાવો કરવામાં આવ્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર શિયાળુ સત્રમાં ત્રણ તલાક પર પ્રતિબંધ મુકવા માટે બિલ રજૂ કરી શકે છે. થોડાક સમય પહેલા જ સુપ્રીમ કોર્ટે એક સાથે ત્રણ તલાક પર પ્રતિબંધ મુકીને સરકારને કાયદો બનાવવા માટેની સલાહ આપી હતી. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે બિલ તૈયાર કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. જજોએ સુનાવણી વેળા કબુલાત કરી હતી કે તે પાપ તરીકે છે. જેથી ત્રિપલ તલાકના મામલે સરકારને ચોક્કસપણે દરમિયાનગીરી કરવી જોઇએ. સાથે સાથે તલાકને લઇને કાયદો બનાવવો જોઇએ. બન્નેએ કહ્યુ હતુ કે ત્રણ તલાક પર છ મહિના માટે સ્ટે મુકવામાં આવે તે જરૂરીછે. આ દરમિયાન સરકાર કાયદો બનાવી લે તે જરૂરી છે. ન્યાયાધીશ ખેહરે કહ્યુ હતુ કે તમામ પાર્ટીઓએ રાજનીતિથી ઉપર ઉઠીને આ મામલે નિર્ણય કરવો જોઇએ. શાયરો બાનો વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને તેની સાથે જોડાયેલા બીજા મામલામાં ૨૨મી ઓગષ્ટ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે સુનાવણી ચલાવતી વેળા ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. દેશના પર્સનલ લોમાં આ નિર્ણય ટર્નિંગ પોઇન્ટ હોવાની વાત કરવામાં આવી હતી. આ નિર્ણય બાદ મહિલાઓને તલાકની જટિલ વ્યવસ્થામાંથી

અનુસંધાન પાના નં.૬

કોંગ્રેસની બીજી નવ ઉમેદવારોની યાદી જાહેર

બે બેઠકો ઉપર જનતાદળ (યુ)એ ઉમેદવારીપત્રકો ભર્યા

અમદાવાદ

કોંગ્રેસે તેના નવ સભ્યોની બીજી યાદી બહાર પાડી છે આ નવ સભ્યોમાં એક વર્તમાન સભ્ય જામખંભાળિયાના મેરામણભાઇ મોરીયાની બેઠક બદલાવીને દ્વારકાની બેઠક આપવામાં આવી છે આ ઉપરાંત જામખંભાળીયાની બેઠકના ઉમેદવાર તરીકે ભૂતપૂર્વ સંસદસભ્ય અને ભૂતપૂર્વ ધારાસભ્ય વિક્રમ માંડમને જામખંભાળીયાની બેઠક ઉપરના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ઝધડીયા અને ડેડીયાપાડા બેઠક ઉપરથી જનતાદળ યુના બે ઉમેદવારોએ ઉમેદારીપત્રકો ભર્યા છે. તેમને આ બેઠક ફાળવવામાં આવી છે. માંગરોલ (સુરત જિલ્લા)ની બેઠકના ઉમેદવાક જાહેર કરવામાં બાકી રહે છે.

કોંગ્રેસે જે ૯ ઉમેદવારો અને બેઠકોના નામ જાહેર કર્યા છે તે આ પ્રમાણે અબડાશા પ્રદ્યુમન સિંહ જાડેજા(નવા ઉમેદવાર), ભુજ આદમભાઇ ચાકીવાળા (નવા ઉમેદવાર), રાપર શ્રીમતી સંતોકબેન આરેડીયા (નવા ઉમેદવાર), રાજકોટ પૂર્વ મુળુભાઇ ડાંગા (નવા ઉમેદવાર), રોજકાટ દક્ષિણ દિનેશભાઇ ચોવટીયા (નવા ઉમેદવાર), જામનગર ઉત્તર જીવનભાઇ ભરવડીયા (નવા ઉમેદવાર), જામનદર

અનુસંધાન પાના નં.૬

ભાજપના ૪૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

પ્રથમ દોર માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા આજે પુરી થઇ હતી. ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ચકાસણી થઇ રહી છે. ચકાસણી બાદ જ ઉમેદવારો પ્રથમ તબક્કામાં કેટલા મેદાનમાં રહ્યા તે અંગે ચિત્ર સ્પષ્ટ થશે. આજે છેલ્લા દિવસે મોટી સંખ્યામાં ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાને આવરીલેતી ૮૯ સીટ ઉપર ૯મી ડિસેમ્બરે મતદાન થશે. ૨.૧ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ પ્રથમ તબક્કામાં કરશે. ભાજપના ૪૧ ઉમેદવારોએ વંદેમાતરમ અને ભારત માતા કી જયના જયઘોષ સાથે ઉમેદવારીપત્રો ભર્યા હતા. ફળદુએ વિજય

અનુસંધાન પાના નં.૬

બંને પક્ષોએ ઓછા પ્રમાણમાં ટિકિટો આપી

મહિલાઓને ટિકિટ આપવા મુદ્દે ભાજપ-કોંગ્રેસ ઉદાસીન

રાજકીય પક્ષોના ઉપેક્ષિત વલણના લીધે ભાજપ - કોંગ્રેસના મહિલા સંગઠનમાં હાલ ભારોભાર નારાજગીની લાગણી

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન આ વખતે મહિલાઓને પ્રાધાન્યતા આપવાની મોટી મોટી વાતો ભાજપ અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી પરંતુ બંને પક્ષોની અત્યારસુધી જાહેર થયેલી યાદીમાં મહિલા ઉમેદવારોની ભારોભાર ઉપેક્ષા થઇ હોવાની વાત સામે આવતાં ભાજપ અને કોંગ્રેસ પક્ષના મહિલા સંગઠનમાં ભારોભાર નારાજગીની લાગણી પ્રવર્તી રહી છે. હવે બાકી રહેલી યાદીમાં મહિલાઓને પૂરતુ પ્રાધાન્યતા આપી યોગ્ય રીતે મહિલા ઉમેદવારોને ટિકિટ

અનુસંધાન પાના નં.૬

ટિકિટ વિવાદને લઈને ભરતસિંહ સોલંકીને દિલ્હીનું તેડું

ગાંધીનગર

કોંગ્રેસે અત્યાર સુધી પ્રથમ તબક્કાના ઉમેદવારની બે યાદી બહાર પાડી છે. કોંગ્રેસની યાદીને લઈને અનેક જગ્યાએ વિરોધ જોવા મળી રહ્યો છે. ઉમેદવારો નામોની જાહેરાત બાદ કોંગ્રેસે પાંચ જેટલી બેઠકો પર ઉમેદવારો બદલવાની ફરજ પડી છે. જેને લઈને વિવાદ ઉભો થયો છે. વિવાદને લઈને કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહને દિલ્હી બોલાવવા માં આવ્યા છે.

ડીસામાં એક ઉમેદવારી ફોર્મ ભરાયું

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરાવાનું શરૂ થતા બીજા તબક્કામાં ડીસા વિધાનસભા બેઠક માટે બીજા દિવસે ત્રણ ફોર્મ વિતરણ થયા હતા. જયારે એક ફોર્મ ભરાયુ હતું.

ડીસામાં વિધાનસભાની બેઠક માટે ભાજપ અને કોંગ્રેસ હજુ ઉમેદવારો જાહેર કરે તે પહેલા બે દિવસમાં ૧૪ ફોર્મનું વિતરણ થયું છે. જયારે મંગળવારે બીજા દિવસે એક ફોર્મ ભરાઈને પરત આવ્યું હતું. ડીસામાંથી પ્રથમ ફોર્મ ભરનાર પ્રહલાદજી વાલજીજી ઠાકોર (રહે શ્રી રામ સિનેમા પાસે, રેલવે સ્ટેશન વિસ્તાર)એ મંગળવારે પોતાનું ફોર્મ રજૂ કર્યું હતું. ડીસામાં ભાજપ દ્વારા ઠાકોર કે માળી સમાજના ઉમેદવારને ટિકિટ આપવી કે અન્યને ટિકિટ આપવી તે અંગે હજુ રહસ્ય અકબંધ છે ત્યારે ઠાકોર સમાજના વ્યક્તિએ પ્રથમ અપક્ષ ફોર્મ ભરી દેતા રાજકીય ચર્ચાઓએ જોર પકડયું છે.

ડીસા શહેરીજનોનો એક સુર : ફ્લાય ઓવરબ્રીજ નહી તો મત નહી

ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં શિરદર્દરૂપ ટ્રાફીક સમસ્યા અંગે વારંવાર અખબારોમાં અહેવાલ પ્રસિધ્ધ થયા છે. અને ઓવર બ્રીજની પણ માંગ કરાઈ છે. જેની જાગૃતીના ફળ સ્વરૂપે આજે શહેરની સંસ્થાઓ સહિત નાગરીકો એક મંચ ઉપર આવ્યા છે. અને ફ્લાય ઓવરબ્રીજના મુદ્દે લડત લડી લેવાના મુડમાં જણાય છે.

ડીસા

ડીસામાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર ટ્રાફીક સમસ્યાના કાયમી નિવારણ રૂપે ઓવર બ્રીજની શહેરીજનો દ્વારા છેલ્લા અનેક વર્ષોથી માંગ થઈ રહી છે. પરંતુ તેનો કોઈ ઉકેલ સાધાયો નથી. પરીણામે શહેરીજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે ગઈકાલે આ મુદ્દે શહેરના અગ્રગણ્ય નાગરીકો અને વિવિધ સંસ્થાઓ દ્વારા બેઠક મળી હતી. જેમાં પિલ્લર ઉપરનો ફ્લાય ઓવર બ્રીજ નહી બને તો મતદાન ન કરવાના શપથ લેવામાં આવ્યા હતા. અને શુક્રવારે સમગ્ર શહેરીજનો દ્વારા મૌન રેલી કાઢી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી શહેરની બજારો સ્વંયભુ બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય વેપારી મથક અને મેડીકલ હબ ગણાતા ડીસા શહેરના મધ્યમાંથી પાલનપુર - કંડલા નેશનલ હાઈવે પસાર થાય છે. એક તરફ ડીસા શહેરનો વાહન વ્યવહાર તેમજ હાઈવે પરથી પસાર થતાં વાહનોના કારણે દિન - પ્રતિદિન ટ્રાફીકની સમસ્યા વધુને વધુ જટીલ બની રહી છે. જોકે હાઈવે પરની ટ્રાફીક સમસ્યાને નિવારવા વર્ષોથી શહેરીજનો ઓવર બ્રીજની માંગ કરી રહ્યા છે. પરંતુ કોઈને કોઈ કારણોસર આ મુદ્દે આજદિન સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. ટ્રાફિકની શિરદર્દ સમસ્યા અને અવાર - નવાર સર્જાતા અકસ્માતોને લઈ શહેરના નાગરીકો ખુબજ પરેશાન થવાની સાથે હાઈવે ઉપરથી પસાર થવામાં ભય અનુભવે છે. વારંવાર આ બાબતે રજુઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં શહેરના નાગરીકો દ્વારા ગઈકાલે એક બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ડીસા શહેર ફલાય ઓવર બ્રીજ સંઘર્ષ સમિતિની રચના કરવામાં આવી હતી. આ બેઠકમાં શહેરની વિવિધ સંસ્થાઓ, ટ્રસ્ટો, એસોસીએશનો તથા અગ્રગણ્ય નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. અને હાઈવે ઉપર પિલ્લર

અનુસંધાન પાના નં.૬

શહેરના અગ્રગણ્ય નાગરીકો અને સંસ્થાઓની બેઠક મળી : ફ્લાય ઓવરબ્રીજ મુદ્દે નિર્ણય નહિ લેવાય તો ચૂંટણી બહિષ્કારની ચિમકી

વિચાર વૈભવ...

ગુલાબ

દિલ્હીના તખ્તપરનો તાજ પહેરનાર એક સમયનો સમ્રાટ બાદશાહ જહાંગીર અને બેગમ નૂરજહાં.

બન્ને જણા એકવાર સાંજના સમયે ફરવા નીકળ્યા. આ એ સમય હતો કે જ્યારે જહાંગીર ગાદી પર નવો નવો જ બેઠો હતો.

ફરતાં ફરતાં બન્ને જણાં એક એવી જગ્યાએ જઈને બેઠા જ્યાં કોઈ તેને નડતરરૂપ ન બને. તેમની પ્રેમ વાતોમાં ક્યાંય અવરોધ ન આવે. વાતો કરતાં કરતાં અંધારું થઈ ગયું. અર્થાત્ રાત પડી ગઈ. તેવા સમયે કોઈ સરસ સુગંધ તેમને તરબતર કરી ગઈ.

નૂરજહાંએ જહાંગીરને કહ્યું: 'કેવી સરસ સુગંધ! ક્યાંથી આવે છે? ચાલો તપાસીએ.'

અને બન્ને જણાં સુગંધની દિશામાં આગળ વધ્યા.

આગળ વધતાં વધતાં તેઓ એક વાડી આગળ અટકી ગયા. આ ફૂલવાડીમાંથી મસ્ત મજાની સુગંધ આવી રહી હતી.

બધાં એક જ જાતનાં ફૂલો હતા. જહાંગીરે તેમાંથી એક ફૂલ ચૂંટીને નૂરજહાંને આપ્યું. ફૂલ તો બન્ને પ્રેમીઓનાં પ્રેમનું પ્રતીક છે. નૂરજહાં તેને સૂંઘીને ખુશ ખુશ થઈ. પ્રેમ હોય ત્યાં ખુશાલી જ હોય ને! 'વાહ શું ખૂબસૂરત ફૂલ છે!' આવો ઉદ્ગાર પણ નૂરજહાંના મુખમાંથી સરી પડ્યો.

તે શબ્દો સાંભળીને નજીકમાં જ ઊંઘી ગયેલો તે વાડીનો માળી જાગી ગયો.

બાદશાહને સામે ઊભેલો જોઈ તે માળી તરત તેમને નમ્રતાથી ફૂલોથી લચી ગયેલા ડાળીની જેમ ઝૂકી પડ્યો.

બાદશાહે પૂછ્યું: 'આ શાનાં ફૂલ છે?'

'જહાંપનાહ! આ ગુલાબના ફૂલ છે. આજ સુધી ગુલાબના ફૂલને અને તેની સુગંધને નહીં જાણનાર-માણનાર બાદશાહને માળીએ જણાવતાં કહ્યું.

'અચ્છા તો આ ગુલાબના ફૂલ છે? પણ તે અહીં બધાં ગુલાબના જ ફૂલ કેમ લગાડ્યા? બીજા કોઈ ફૂલ નથી લગાડ્યા.' નૂરજહાંએ પૂછ્યું.

'એનું એક ખાસ કારણ છે.' માળીએ ડરતાં ડરતાં કહ્યું.

'શું કારણ છે?' ડર રાખ્યા વિના નિઃસંકોચ જણાવ.

માળીએ નીચું જોઈને કહ્યું: 'મારા દીકરાને આ ફૂલ બહુ જ ગમતા હતા' અને એની આંખો ભીની થઈ ગઈ.

'ક્યાં છે તારો દીકરો?' બાદશાહે પૂછ્યું.

'એ તો જહાંપનાહના સૈન્યમાં સૈનિક તરીકે રહ્યો હતો અને યુદ્ધમાં શહીદ થઈ ગયો.' માળીએ એક ઊંડો નિસાસો નાંખતા કહ્યું.

'ઓહ! માળીના દુઃખે દુઃખી બાદશાહે કહ્યું: 'ચાલ મારી સાથે તને શાહ- માળી બનાવી દઉં.'

'ના, હજૂર! આ તો મારી યાદ છે. હું જીવીશ ત્યાં સુધી અહીં જ રહીશ. મારા એકના એક દીકરાની સ્મૃતિનો હું તાજ પહેરીને જીવન પૂરું કરીશ.

હાં અને આપને આ ફૂલ બહુ જ ગમે છે ને તો હું રોજ આપને આ ફૂલ પહોંચતું કરીશ. આપ એનો સ્વીકાર કરી મારી બેઅદબી માફ કરશો. માળીએ નવું તાજું ગુલાબનું ફૂલ ચૂંટીને સત્યનાં શબ્દોનું પુષ્પ રજૂ કર્યું.

જહાંગીર અને નૂરજહાં એ માળીની વાત સહર્ષ સ્વીકારી લીધી અને ત્યાંથી વિદાય થયા.

બીજા દિવસથી ગુલાબના ફૂલ નૂરજહાં પાસે પહોંચવા લાગ્યા.

નૂરજહાં પણ એક ફૂલ હંમેશાં હાથમાં રાખતી. બધાંને બતાવતી અને બોલતી- 'જિંદગી ભલે અલ્પ હોય પણ હોવી જોઈએ. આ પુષ્પ (ફૂલ) ની જેમ મહેકતી.'

પં.રાજહંસવિજયજી ગણિ

ગતકડું....

- દેવન વ્યાસ



આંગળી પર મતદાન કર્યાનું નિશાન હોવું તે સારા નાગરીક હોવાની નિશાની છે...!!!

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?

- માથાનો દુઃખાવો
- ખેંચ-વાઇ
- લકવો-પક્ષાઘાત
- મગજનો ટીબી
- ચક્કર
- ગરદન અને કમરના મણકાની તકલીફો
- યાદશક્તી ઓછી થવી
- હાથપગની ધ્રુજારી
- નસોની નબળાઇ
- હાથપગમાં ઝણઝણાટી
- સાયેટીકા

ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફીઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

સૂર્યોદય - ૬.૫૯ સૂર્યાસ્ત - ૫.૫૩

તિથિદર્શન

માગસર સુદ-૪ બુધવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :ચોથ બુધવાર નક્ષત્ર: પૂર્વષાઢા યોગ : શુલ કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ હવિષા કૃષ્ણ વર્ત્મેવ ભૂય એવાભિર્ધતે

ખરેખર તો, વાસનાઓ- ઈચ્છાઓ એનો ઉપયોગ કરી લેવાથી પણ શમતી નથી, સંતોષાતી નથી, શમન થતું નથી, પણ જે રીતે અગ્નિકુંડમાં હોમવાનાં દ્રવ્યો- દ્રવ્ય સામગ્રી ઘી- તેલ- ચોખા વગેરે હોમવાથી જેમ અગ્નિકુંડનો અગ્નિ વધારે પ્રદીપ્ત પ્રજ્જવલિત થાય છે તેમ, વાસનાઓને જેમ જેમ ભોગવવામાં આવે તેમ તેમ તે વધતી જ જાય છે. વાસનાઓ ભોગવવાથી પરિતૃપ્તિ થતી નથી, સંતોષાતી નથી...'

માણસને જેમ ભૂખ લાગે અને ખાવાનું જોઈએ અને ખાધા પછી જેમ સંતોષનો ઓડકાર આવી જાય, ભૂખ શમી જાય,પછી કોઈ આગ્રહ કરીને ખવડાવે તો 'ના' પાડવી પડે છે, જેમ તરસ લાગી હોય અને લોટો પાણી પીધા પછી સંતોષ થઈ જાય, પછી એક ઘૂંટડો પણ પાણી પી શકાતું નથી, તરસ છિપાઈ જાય છે. આમ , ભૂખ અને તરસના ઉપભોગ પછી જેમ તેનું શમન થઈ જાય છે તેમ વાસનાઓ- ઈચ્છાઓ કે અપેક્ષાઓ કદાપિ પૂર્ણ થતી નથી, સંતોષ થતો નથી, ઊલટું હવનમાં જેમ જેમ દ્રવ્ય ઉમેરવામાં આવે તેમ તેમ અગ્નિ વધારે ભભૂકે છે, વધારે માગે છે તેમ વાસનાઓનું છે.

વાસનાઓ- ઈચ્છાઓની પરિતૃપ્તિ કદાપિ શક્ય નથી. એક ઈચ્છા પૂરી થાય અને બીજી જન્મે જ છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) પ્રયત્ન પ્રમાણે જોઇએ તેવી સફળતા ન મળે. ગૃહજીવનમાં સંવાદિતતા રહે.
વૃષભ : (બ.વ.ઉ.) મિત્રોની મદદની આશાએ ન બેસી રહેવું. વ્યર્થ ચિંતા અનુભવાય.
મિથુન : (ક.છ.ઘ.)નાનો ખર્ચનો પ્રસંગ બને. માનસિક પ્રફુલિતતા રહે.
કર્ક : (ડ.હ.) કાર્યોમાં ધારી સફળતા મળે. વેપાર-ધંધામાં પ્રગતી થાય.
સિંહ : (મ.ટ.) સુખ અને આનંદમાં વધારો થાય, ગુપ્ત શત્રુથી સાવધ રહેવું.
કન્યા : (પ.ઠ.ણ.) આર્થિક આયોજન ગોટે ચડે. વડીલવર્ગથી મતભેદ રહે.
તુલા : (ર.ત.) ખાવાપીમાં કાળજી રાખવી. સસરાપક્ષથી લાભ થાય.
વૃશ્ચિક :(ન.ય.) વેપાર-ધંધામાં લાભ રહે. અગત્યના કાર્યમાં સફળતા મળે.
ધન : (ભ.ફ.ધ.)અગત્યના કાર્યમાં નાનું વિધ્ન આવે. આરોગ્યમાં તંદુરસ્તી અનુભવાય.
મકર : (ખ.જ.)કોર્ટ-કચેરીના કાર્યો ટાળવા, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કુંભ : (ગ.શ.સ.) સંતાનવર્ગ સાથે મનદુઃખ રહે. આવકમાં વૃધ્ધિથાય.
મીન : (દ.ચ.જ.થ.)સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

અમેરિકાના સૌથી નાની ઉંમરના અને લોકપ્રિય બનેલા રાષ્ટ્રપ્રમુખ શ્રી જહોન એફ કેનેડીની પુણ્યતિથિ છે. જન્મ ૨૯-૫-૧૯૧૭.

એમનો જન્મ બોસ્ટનના બ્રુકલીન નામે એક પરામાં થયો હતો. ૧૯૪૧માં તેઓ નૌકાદળમાં જોડાયા. ૧૯૪૩માં એમણે નૌકાદળમાં જે સાહસ અને વીરતા દાખવ્યાં તેનાથી તેમની કીર્તિ જગતભરમાં પ્રસરી ગઈ.

૧૯૪૫માં માત્ર ૨૮ વર્ષની વયે તેઓ અમેરિકન સંસદની ચુંટણીમાં દશ જેટલા હરીફ ઉમેદવારોને હરાવી સંસદમાં ચૂંટાયા. ૧૯૬૦માં અમેરિકાના પ્રમુખ પદની ચૂંટણીમાં એમને જવલંત સફળતા મળી. ત્રણ જ વર્ષની એમની પ્રમુખ તરીકેની જવલંત કામગીરીથી એ વિશ્વના રાજકારણના તખ્તા પર પ્રસિદ્ધ પામ્યા. તા.૨૨-૧૧-૧૯૬૩ના રોજ એમનું અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૨૨.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૨૯૦ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!

તા. ૨૧.૧૧.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૩૫૧ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૧૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૯૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૮૩ પોઈન્ટ થી ૧૦૪૦૪ પોઈન્ટ, ૧૦૪૪૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૪૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

તા. ૨૧.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૭૯૨ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૪૪૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૮૩૩ પોઈન્ટ થી ૨૫૯૦૯ પોઈન્ટ, ૨૫૯૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૯૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૩૪૦) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૨૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૧૩ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૫૬ થી રૂ.૧૩૬૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

એશિયન પેઈન્ટસ (૧૧૬૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૫૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૧૪૦ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૧૮૪ થી રૂ.૧૧૯૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

બાટા ઈન્ડિયા (૭૭૨) :- રૂ.૭૬૦ પ્રથમ તેમજ રૂ.૭૪૭ ના બીજા સપોર્ટથી ફૂટવેર સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૮૯ થી રૂ.૮૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

તાતા સ્ટીલ (૭૧૪) :- સ્ટીલ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૨૯ થી રૂ.૭૩૫ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૭૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

ગ્લેનમાર્ક ફાર્મા (૫૯૨) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૮૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૦૩ થી રૂ.૬૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

ડો. huœe (૨૪૦૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૪૪૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૩૮૭ થી રૂ.૨૩૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૪૭૭ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

ડિવિઝ લેબ (૧૦૪૫) :- રૂ.૧૦૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૬૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૨૭ થી રૂ.૧૦૧૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૬૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ઇન્ફોસિસ (૯૬૯) :- ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૮૮ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૫૧ થી રૂ.૯૩૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

એકસીસ બેન્ક (૫૪૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૬૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૧ થી રૂ.૫૨૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૬૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

ટેક મહિન્દ્રા (૪૯૭) :- રૂ.૫૦૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૮૪ થી રૂ.૪૭૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૧૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણીલક્ષી વિવિધ પરવાનગીઓ માટે સિંગલ વિન્ડો સીસ્ટમ કાર્યરત

પાલનપુર

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ચૂંટણી કાર્યક્રમ ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી ધ્વારા તા.૨૫/૧૦/૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી ખાતે તેમજ દરેક વિધાનસભા મત વિસ્તારના મુખ્ય મથકે આ ચૂંટણી દરમ્યાન ઉમેદવારો/ રાજકીય પક્ષો અને જાહેરસભા/ રેલી/ સરઘસ/ વાહન અને લાઉડ સ્પીકર જેવી વિવિધ ચૂંટણીલક્ષી પરવાનગીઓ એક જ સ્થળેથી સમયસર મળી રહે તે હેતુથી સિંગલ વિન્ડો સીસ્ટમ કાર્યરત છે. જેના માટે અધિકારીશ્રીના નામ, હોદ્દો, સંપર્ક નંબરની વિગત નીચે પ્રમાણે છે.

અ.નં.	વિધાનસભા મતદાર વિભાગનું નામ	નોડલ અધિકારીનું નામ/હોદ્દો	કચેરીના સંપર્ક નંબર	મોબાઈલ નંબર
૧	જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, બ.કા.પાલનપુર	એફ.પી.બાબી, નાયબ કલેક્ટર મ.ભો.યો. બ.કા. પાલનપુર	૦૨૭૪૨-૨૫૭૨૫૩	૯૯૭૮૯૦૧૩૦૯
૨	૭-વાવ	પી.કે.ચૌધરી નાયબ મામલતદાર, મામલતદારની કચેરી, વાવ	૦૨૭૪૦-૨૨૧૦૨૨	૯૭૨૩૮૧૧૮૫૭
૩	૮-થરાદ	એચ.આર.મકવાણા, નાયબ મામલતદાર ઈધરા મામલતદારની કચેરી, થરાદ	૦૨૭૩૭-૨૨૩૭૭૫	૯૩૨૭૫૭૭૭૮૮
૪	૯-ધાનેરા	બી.એસ.ખરાડી, મામલતદાર, ધાનેરા, મામલતદારની કચેરી, ધાનેરા	૦૨૭૪૮-૨૨૨૦૧૩	૭૫૬૭૦૦૧૯૮૦
૫	૧૦-દાંતા	પી.એસ.રબારી નાયબ મામલતદાર મહેસૂલ મામલતદારની કચેરી, દાંતા	૦૨૭૪૯-૨૭૮૧૩૪	૯૪૨૯૦૪૩૦૯૭
૬	૧૧-વડગામ	કે.એમ.પટેલ નાયબ મામલતદાર મહેસૂલ મામલતદારની કચેરી, વડગામ	૦૨૭૩૯-૨૬૨૦૨૧	૯૭૨૬૧૮૩૦૧૧
૭	૧૨-પાલનપુર	એમ.કે.માંગરોળા નાયબ મામલતદાર મહેસૂલ મામલતદારની કચેરી, પાલનપુર	૦૨૭૪૨-૨૫૭૨૬૧	૯૪૨૯૧૯૩૩૦૧
૮	૧૩-ડીસા	એ.એમ.પ્રજાપતિ નાયબ મામલતદાર મહેસૂલ મામલતદારની કચેરી, ડીસા	૦૨૭૪૪-૨૨૨૨૫૦	૯૪૨૬૦૩૬૨૧૮
૯	૧૪-દિયોદર	એ.એન.મામતોરા નાયબ મામલતદાર મહેસૂલ મામલતદારની કચેરી, દિયોદર	૦૨૭૪૪-૨૪૪૭૨૬	૯૪૨૯૦૬૮૦૪૧
૧૦	૧૫-કાંકરેજ	એ.એ.ત્રિવેદી નાયબ મામલતદાર ઈધરા મામલતદારની કચેરી, કાંકરેજ	૦૨૭૪૭-૨૩૩૨૨૧	૯૯૦૪૦૬૬૬૧૧

વર્ષ ૨૦૧૮થી વિનાશકારી ભૂકંપ આવશે : વિશ્વના દેશ ચિંતિત

નવદિલ્હી

આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૮ અને તેના બાદ દુનિયાના કેટલાક દેશોમાં વિનાશકારી ભૂકંપ આવી શકે છે. આ ચેતવણી વૈજ્ઞાનિકો દ્વારા જારી કરવામાં આવ્યા બાદ વિશ્વના અનેક દેશો અને ખાસ કરીને ભૂકંપ પ્રભાવિત દેશોના લોકો દહેશતમાં મુકાઇ ગયા છે. ચિંતાજનક બાબત એ પણ છે કે ભૂકંપને પૃથ્વીના પરિભ્રમણની ઝડપથી સાથે જોડવામાં આવે છે. જે પ્રતિ દિવસે કેટલાક મિલી સેકન્ડ ગતિ ઓછી થઇ રહી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ દાવો કર્યો છે કે ભૂકંપ અને પૃથ્વીના પરિભ્રમણ વચ્ચે સીધા સંબંધ છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે ભૂકંપ સાથે સંબંધિત ખતરા માટે પાંચ અથવા તો છ વર્ષ પહેલા એડવાન્સ ચેતવણી પણ આપવામાં આવી શકે છે. દિવસની લંબાઇ આમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. આના મારફતે ડિઝાસ્ટર પ્લાનિંગ સારી રીતે કરવામાં આવી શકે છે. જો કે રિસર્ચમાં સાફ શબ્દોમાં એમ કહી શકાયુ નથી કે તેઓ જે મોટા ભૂકંપ આવવાની વાત કરી રહ્યા છે તે ભૂકંપ ક્યાં વિસ્તારમાં અથવા તો દેશમાં આવી શકે છે. મિસૌલામાં યુનિવર્સિટી ઓફ મોન્ટેનાના રેબેકા બેન્ડિક અને યુનિવર્સિટી ઓફ કાલારાડોના રોજર નામના વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે છેલ્લી સદીમાં પાંચ વખત એવુ બન્યુ છે

અનુસંધાન પાના નં.૬

ચૂંટણી ખર્ચ અને આચારસંહિતાને લગતી ફરીયાદો માટે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ કાર્યરત

પાલનપુર

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૭ની જાહેરાતની તારીખથી ચૂંટણીલક્ષી ખર્ચ અને આચારસંહિતાને લગતી ફરીયાદો માટે જિલ્લા કક્ષાએ ફરીયાદ પર દેખરેખ નિયંત્રણ માટે ૨૪ કલાક કન્ટ્રોલ રૂમ અને કોલ સેન્ટર કાર્યરત છે જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૭૪૨ તેમજ હેલ્પલાઇન નંબર ૦૨૭૪૨-૨૫૧૭૯૨ છે.

ચૂંટણીલક્ષી ફરીયાદો આ નંબર પર કરી શકાશે. તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, બનાસકાંઠા, પાલનપુર ધ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

૩૬ રાફેલ ખરીદીને લઇને ભ્રષ્ટાચારનો આરોપ

ગુજરાત ચૂંટણીમાં કોંગ્રેસ રાફેલ ડીલ મુદ્દાને ઉઠાવશે

નવી દિલ્હી

કોંગ્રેસ પાર્ટીએ ભાજપ સરકાર પર ૩૬ રાફેલ વિમાનો ખરીદવાના મામલે ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા છે. એલબત્ત માનવામાં આવે છે કે બોફોર્સ કોંભાડને ફરી સજીવન કરવા અને ઓગષ્ટા વેસ્ટલેન્ડના મામલાને ફરી સજીવન કરવાના ભાજપના પ્રયાસનો જવાબ આપવા માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા આ મુદ્દાને ઉઠાવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી અને સંસદમાં રાફેલ વિમાનો ખરીદવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારના નિર્ણયને ઉઠાવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત ચૂંટણી દરમિયાન કોંગ્રેસ પાર્ટી રાફેલના મુદ્દાને ઉઠાવવા માટે તૈયાર છે. રાજકીય પાર્ટીઓ પોતાના હરિફને પછાડી દેવા માટે પહેલા પણ સંરક્ષણ મુદ્દાને ઉઠાવતા રહ્યા છે અને હાલમાં પણ ઉઠાવી રહ્યા છે. રાજીવ ગાંધીના શાસનકાળના સમય બોફોર્સ મામલાને લઇને તત્કાલીન સંરક્ષણ પ્રધાન વીપી સિંહે બળવો કરીને કોંગ્રેસ સરકારને ભીંસમાં લીધી હતી. જ્યારે બીજી બાજુ કોંગ્રેસે તહલકા એક્સપોઝ મારફતે ભાજપ સરકારના તત્કાલીન સંરક્ષણ પ્રધાન જ્યોર્જ ફર્નાન્ડિઝ અને એ વખતના ભાજપના પ્રમુખ બંગારુ લક્ષમણને ટાર્ગેટ બનાવ્યા હતા. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે કોંગ્રેસ રાફેલ કોંભાડને સંસદના સત્ર દરમિયાન, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન તેમજ અન્ય રાજ્યોમાં જોરશોરથી ઉઠાવવા માટે કમર કસી ચુકી છે. હાલમાં જ ભાજપના સાંસદોએ બોફોર્સ મામલામાં ફરીથી વિચારણા કરવા માટેની સંસદીય પેટા સમિતી સમક્ષ માંગ કરી હતી.આના માધ્યમથી કેન્દ્ર સરકાર કોંગ્રેસ પાર્ટીને પરેશાન કરનાર મુદ્દાને ફરી ઉઠાવવા માંગે છે. કોંગ્રેસી નેતાઓ પણ હાલમાં બીજા નેતાઓના સંપર્કમાં છે. જેના કારણે આને ભ્રષ્ટાચાર અને રાષ્ટ્રીય હિત સાથે સમજુતી કરવાની બાબત તરીકે રજૂ કરી શકાય. જો કે સંરક્ષણૅ પ્રધાન નિર્મલા સીતારમને કહ્યુ છે કે કોંગ્રેસ દ્વારા બિનજરૂરી હોબાળો મચાવી દેવામાં આવી રહ્યો છે. પરંતુ કોંગ્રેસનો આક્ષેપ છે કે સીતારમન કેટલાક પ્રશ્નોનો જવાબ આપી શકી નથી. મોદી સરકારે રાફેલ વિમાનોની ખરીદી યુપીએ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી કિંમત કરતા ઉંચી કિંમતે કરી હતી કે કેમ તે પ્રશ્નને લઇને કોંગ્રેસ પાર્ટી પ્રશ્નો ઉઠાવી રહી છે. કોંગ્રેસના કેટલાક અન્ય પ્રશ્નો પણ છે. મોદીએ પેરિસમાં આ સમજુતીની જાહેરાત કરતા પહેલા સુરક્ષા મામલા અંગેની કેબિનેટ સમિતિની મંજુરી લીધી હતી કે કેમ તેને લઇને પણ પ્રશ્ન કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉઠાવવામાં આવે છે. મોદીએ આ ડીલ કરતી વેળા હિન્દુસ્તાન એરોનોટિક્સની અવગણના કેમ કરી હતી તે પ્રશ્નોનો લઇને મોદી સરકારની મુશ્કેલી વધારી દેવાની નિતી તૈયાર કરવામાં આવી છે. જો કે ભાજપ સરકાર પણ કોંગ્રેસ પર ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા વધારે આક્રમક નિતી અપનાવીને આગળ વધવા માટે તૈયાર છે.

શિયાળુ સત્ર ડિસેમ્બરમાં બોલાવાશે : અનંતકુમાર

નવીદિલ્હી

સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે આજે કોંગ્રેસના એવા આક્ષેપોને ફગાવી દીધા હતા કે, શિયાળુ સત્ર બોલાવવાને લઇને બિનજરૂરી વિલંબ કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું હતુ કે, સરકાર ડિસેમ્બર મહિનામાં સંસદનું શિયાળુ સત્ર બોલાવશે અને આની તારીખ ટૂંક સમયમાં જ જાહેર કરાશે. અનંતકુમારે કહ્યુ હતું કે, વિરોધ પક્ષો દ્વેષભાવથી પીડિત છે. કોંગ્રેસના નેતૃત્વમાં અગાઉના શાસનકાળ દરમિયાન આ પ્રકારની સ્થિતિ હતી. ડિસેમ્બર ૨૦૦૮ અને ૨૦૧૩ દરમિયાન શિયાળુ સત્ર યોજવામાં આવ્યું હતું. સામાન્યરીતે વિધાનસભાની ચૂંટણીની સાથે શિયાળુ સત્રને લઇને ધ્યાન રાખવામાં આવે છે. ભૂતકાળમાં પણ આ બાબત જોવા મળી ચુકી છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા હતાશાના કારણે આ પ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાન સભાની ચૂંટણીમાં કોંગ્રેસની હાર નિશ્ચિત બની ચુકી છે. ગઇકાલે જ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, સરકાર સંસદના શિયાળુ સત્રને ખોરવી નાંખવા માટેના પ્રયાસ કરી રહી છે. સોનિયા ગાંધીએ કોંગ્રેસ કારોબારી સમિતિને સંબોધન કરતા કહ્યું હતું કે, મોદી સરકારના અહંકારના કારણે સંસદીય લોકશાહી વ્યવસ્થાને માઠી અસર થઇ છે. ભાજપ પર સંસદનો સામનો કરવાની હિંમત નથી તેવો આક્ષેપ કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ આશ્ચર્યજનક કારણો આપીને સંસદમાં શિયાળુ સત્રને ટાળી દેવાની વાત કરી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, જો કોઇ લોકશાહીના મંદિર ઉપર તાળા લગાવી દેવાનું કામ કરે છે તો આ ખોટી બાબત છે. ચૂંટણી પહેલા આ બંધારણીય જવાબદારીથી ભાગવા જેવું કામ છે. ચૂંટણી પહેલા તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. નોટબંધીને લઇને સરકાર પર પ્રહાર કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, એક વર્ષનો ગાળો થઇ ગયો હોવા છતાં તેની અસર હજુ ખતમ થઇ નથી.

હવે ચેકબુક ખતમ કરવાની દિશામાં પગલા લઈ શકાય

નવીદિલ્હી

નોટબંધીના કારણે દેશની અર્થવ્યવસ્થાની સાથે સાથે પેમેન્ટના તરીકા પણ સંપૂર્ણપણે બદલાઈ ગયા છે. નોટબંધીની પાછળ સરકારની દલીલ દેશને લેશ કૈશ ઈકોનોમી બનાવવા માટેન રહી છે. ડિજિટલ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે સરકારે ગયા વર્ષે કેટલાક કાર્યક્રમો યોજ્યા હતા. હજુ પણ ડિજિટલ લેવડદેવડને સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ દિશામાં સરકારે હવે વધુ એક મોટુ પગલું લેવાની તૈયારી શરૂ કરી દીધી છે. ચેકબુક ખતમ કરવાની હિલચાલ ચાલી રહી છે. આની પાછળ સરકારનો ઉદ્દેશ્ય લેવડદેવડને સંપૂર્ણપણે ડિજિટલ બનાવી દેવાનો રહ્યો છે. કન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના સેક્રેટરી જનરલ પ્રવિણ ખંડેવાલે કહ્યું છે કે, આની પુરતી શક્યતા છે કે, સરકાર ભવિષ્યમાં ડિજિટલ લેવડદેવડને પ્રોત્સાહન આપવા માટે ચેકબુક વ્યવસ્થાને ખતમ કરી દેશે. ખંડેવાલે ડિજિટલ રથના લોંચિંગ પ્રસંગે કહ્યું હતું કે, ચેકબુક વ્યવસ્થા ખતમ કરવાની હિલચાલ ચાલી રહી છે.

અનુસંધાન પાના નં.૬

થરાદમાં શિવગીરી બાપુની મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમનો પ્રારંભ

પ્રતિનિધિ થરાદ

થરાદની જુની આરટીઓ ચેક પોસ્ટ પાસે આવેલા મારૂતી ધામ ખાતે સુપ્રસિધ્ધ કથાકાર શ્રી બટુક મોરારી બાપુ (મહેશ ભગત) દ્વારા તેમના ગુરુવર સંત શિરોમણી પ.પુ.શ્રી શિવગીરી બાપુની મુર્તી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ત્રિદીવસીય શ્રીમદ ભાગવત પર્વ દિવ્ય સત્સંગનું આયોજન કરવામાં આવ્યુંછે.ત્રણ દિવસ ચાલનારા આ મહોત્સવનો મંગળવારથી પ્રારંભ્ થયો હતો.જેની પુર્ણાહુતી ગુરુવારે થશે.મંગળવારે સવારે મારૂતીધામથી વાજતેગાજતે પોથીયાત્રા યોજાઇ હતી.તેમજ યજ્ઞ પણ યોજાયો હતો.કથાના વક્તા તરીકે પુજય શ્રી મહેશ ભગત અને યજ્ઞાચાર્ય હરેશભાઇ ઓઝા (વડગામડાવાળા) છે. ગુરૂવારના સવારે બાપુની મુર્તીની પ્રાણપ્રતિષ્ઠા કરાશે.જ્યારે રાત્રે ભજન સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે પુજય શ્રી યોગેશ્વરી માતાજી, (શાહપુર પેટલાદ), પુજ્ય મહંતશ્રી જગદીશપુરી બાપુ ચૌહટન મઢ રાજસ્થાન) આશિર્વચન આપવા ઉપસ્થિત રહેશે તેમ બટુકમોરારીએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ભાજપ સરકારને ઉખાડીને ફેંકી દઈશું : લાલુ

લાલુ ગુજરાતમાં ભાજપ વિરુદ્ધ કરશે પ્રચાર : જેડીયુ ૭૦ ઉમેદવાર ઉભા રાખશે

(જી.એન.એસ) પટણા

ગુજરાતમાં ચૂંટણી માટે પ્રચારને લઈને માહોલ ગરમાયો છે ત્યારે આરજેડીના લાલુપ્રસાદ યાદવ પણ રાજયમાં ચૂંટણી પ્રચારમાં ઝંપલાવશે. લાલુ કોંગ્રેસ માટે પ્રચાર કરશે. લાલુ ઉપરાંત કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પણ ફરીવખત ચૂંટણી પ્રચાર માટે ગુજરાત આવી રહ્યા છે. ચૂંટણી પ્રચાર અંગે લાલુએ કહ્યું હતું કે, ભાજપ સરકારને ઉખાડીને ફેંકી દઈશું. ગુજરાતમાં કોંગ્રેસને જીતાડવા માટે તમામ પ્રયાસો કરીશું.

ગુજરાતની ચૂંટણીમાં જેડીયુ પણ પોતાના ૭૦ ઉમેદવાર ઉભા રાખશે. જેડીયુ શરદ યાદવ જૂથના શરદ યાદવ વિરુદ્ધ પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારશે. સોમવારે જેડીયુ ગુજરાતના અધ્યક્ષ જયંતિભાઈ પટેલની નીતિશ કુમાર સાથે મુલાકાત થઈ હતી. આ અંગે જનતા દળના રાષ્ટ્રીય પ્રવક્તા તેમજ રાજ્યસભાના સાંસદ કે.સી.ત્યાગીએ પણ નીતિશ કુમાર સાથે મુલાકાત કરી હતી.

નોંધનીય છે કે ગુજરાતની ચૂંટણી માટે છોટુભાઈ વસાવા અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થયું છે. પ્રથમ તબક્કામાં કોંગ્રેસે છોટુભાઈ વસાવાને ત્રણ બેઠક પરથી તેમના ઉમેદવાર ઉભા રાખવાની છૂટ આપી છે. છોટુભાઈ ઝઘડિયા, માંગરોળ અને ડેડિયાપાડા પરથી પોતાના ઉમેદવાર ઉભા રાખશે.

જામનગર દક્ષિણ બેઠક પરથી આરસી ફળદુએ ફોર્મ ભર્યું

રાહુલ ગાંધી માટે વિકાસ મજાક છે, ભાજપ માટે મિજાજ છે : વિજય રૂપાણી

(જી.એન.એસ) જામનગર

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ જામનગર દક્ષિણ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર અને પૂર્વ ભાજપ પ્રદેશ અધ્યક્ષ આર.સી ફળદુએ ઉમેદવારી પત્રક ભર્યુ છે. આ પ્રસંગે તેમની સાથે રાજયના મુખ્યપ્રધાન વિજય રૂપાણી પણ હાજર રહ્યાં હતાં.

મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ જામનગર દક્ષિણ બેઠક પર મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ કરાવ્યો છે. આ પ્રસંગે તેમણે જનસભાને સંબોધતાં મુખ્યપ્રધાને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર નિશાન તાક્યું હતું. વિજય રૂપાણીએ જણાવ્યું કે, રાહુલ ગાંધી માટે વિકાસ એ મજાક છે. જ્યારે ભાજપ માટે વિકાસ એ મિજાજ છે. આ ઉપરાંત મુખ્યપ્રધાને કોંગ્રેસ પર પરિવારવાદનો આરોપ પણ લગાવ્યો છે.

ગુજરાત : જાદુગરોની ૩૬ ટીમ ચૂંટણી પ્રચારમાં સક્રિય દેખાશે

ભાજપના જાદુગરો ગ્રામ્યની ૧૪૪ બેઠકોના ક્ષેત્રમાં જાદુના ખેલ અને પ્રયોગો દ્વારા વિકાસ માટેનો સંદેશો રજૂ કરશે

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં ભાજપ દ્વારા સૌપ્રથમવાર જાદુગરો દ્વારા ચૂંટણી પ્રચારનો નવતર પ્રયોગ થવા જઇ રહ્યો છે. ગુજરાતના રાજકારણના ઈતિસહાસમાં સૌપ્રથમવાર કોઇ રાજકીય પક્ષ દ્વારા પ્રચાર માટે જાદુગરોનો પ્રયોગ થઇ રહ્યો છે. આવતીકાલથી ભાજપના જાદુગરોની ૩૬ ટીમો ગુજરાતભરમાં ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ભાજપના જાદુગરો ગ્રામ્ય વિસ્તારની ૧૪૪ બેઠકોના મતક્ષેત્રમાં જાદુના ખેલ અને પ્રયોગો દ્વારા ગુજરાતના વિકાસ, ભાજપના પ્રચાર અને વધુમાં વધુ મતદાન કરવાના સંદેશા અને વાતને જન-જન સુધી રજૂ કરશે. ભાજપ દ્વારા આ માટે જાદુગરોને ખાસ સૂચનાઓ અને કાર્યક્રમના પ્લાનીંગ વિશે પણ વાકેફ કર્યા છે. આ અંગે ભાજપ પ્રચાર પ્રસાર વિભાગના કન્વીનર દક્ષેશ શાહ અને પ્રવકતા ડો.જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ ગુજરાતની જનતાને મતદાન માટે અસરકારક રીતે સંદેશો આપી શકાય અને લોકોમાં મતદાન પરત્વે જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશય સાથે ભાજપ દ્વારા સૌપ્રથમવાર જાદુગરોની મદદ લેવાઇ છે. જાદુગરોના ખેલ અને પ્રયોગનું માધ્યમ લોકોને સંદેશો આપવા માટેનું અસરકારક માધ્યમ બની રહેશે. આવતીકાલથી ભાજપના જાદુગરોની ૩૬ ટીમો ગુજરાતમાં પક્ષના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારની ૧૪૪ બેઠકોના મતક્ષેત્ર પર આ જાદુગરો સ્થાનિક નાગરિકો-મતદારોને જાદુના વિવિધ ખેલ અને પ્રયોગો બતાવી તેમને ગુજરાતના વિકાસની ગાથા, ભાજપના વિકાસલક્ષી કાર્યો અને યોજનાઓની સાથે સાથે વધુ મતદાન અને મતાધિકારના ઉપયોગની મહત્તા સમજાવશે અને લોકોમાં જાગૃતિ ફેલાવશે. આ જાદુગરોની સાથે ભાજપના સ્થાનિક કાર્યકરો અને આગેવાનો પણ જોડાશે. સવારે ૧૦થી રાત્રે આઠ દરમ્યાન ભાજપના જાદુગરો કુલ આઠ શો યોજશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત વિધાનસભાની પહેલા તબક્કાની ચૂંટણીની ૭૨ બેઠકો અને બીજા તબક્કાની ૭૨ બેઠકો માટે ભાજપના આ જાદુગરોની ટીમ પ્રચાર-પ્રસાર કરશે. આજે એસ.જી.હાઈવે પર ભાજપના મીડિયા સેન્ટર કાર્યાલય ખાતે સૈય્યદ ઈરફાન સહિતના કેટલાક જાદુગરો પણ હાજર રહ્યા હતા અને તેઓએ જાદુના ખેલ અને પ્રયોગ બતાવી ભાજપ પક્ષના પ્રચારના કેટલાક નમૂના દર્શાવી ભાજપના નેતાઓ, આગેવાનો સહિતના મીડિયાના લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

બેવટા નજીક પીકઅપ ડાલામાંથી વિદેશી દારૂ ઝડપાયો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા પોલીસે જીજે ૧૨-એટી- ૧૦૨૪ નંબરના પીકઅપ ડાલામાં પરપ્રાંતિય દારૂ ભરી રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવનાર છે. તે બાતમી આધારે બેવટા ગામે નાકાબંધી કરી પીકઅપડાલુ આવતા જેને કાચા નેળીયામાં સરકારી વાહનથી બ્લોક કરી ચાલક નિતેષકુમાર મનસુખલાલ પુજારા રહે. પૂર્ણિમા સોસાયટી દિયોદર તા. દિયોદરવાળાને પકડી પાડ્યો હતો. જો કે તેની સાથેના ઈસમ રઘાભાઈ લેરાભાઈ રહે. માંજરૂ તા. દિયોદર બાવળોની ઝાડીમાં નાસી છુટ્યા હતા. પોલીસે પીકઅપડાલુ ચેક કરતા પરપ્રાંતિય વિદેશી દારૂની પેટી નંગ-૧૯ મળી કુલ બોટલ નંગ-૯૧૨ કુલ કિ.રૂા. ૯૧૨૦૦/- નો મુદ્દામાલ તથા પીઅકપડાલાની કિ.રૂા. ૨,૦૦,૦૦૦/- ની કુલ મળી કુલ કિ.રૂા. ૨,૯૧,૨૦૦/- નો મુદ્દામાલ મળી આવતા તેના વિરૂધ્ધ પો.કોન્સ. સુરેશભાઈ સામતાભાઈએ પ્રોહી એક્ટ કલમ મુજબની ફરિયાદ લઈ ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

વિધાનસભાની ચૂંટણીને લઈને તંત્ર હરકતમાં

બનાસકાંઠા જિલ્લામાં ૩૯૭૭ હથિયારો જમા લેવાયા

અટકાયતી પગલાં માટે ૩૯૨૧ કેસો કરાયા : ૬ ઈસમોની પાસા હેઠળ અટકાયત કરાઈ

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી શાંતિમય માહોલમાં સંપન્ન થાય તે માટે તંત્ર હરકતમાં આવ્યું છે. જે અંતર્ગત લાયસન્સ ધરાવતાં વ્યકિતઓ પાસેથી હથિયારો જમા લેવામાં આવી રહ્યા છે. અસામાજીક તત્વોની અટકાયત સહિતના કેસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી જાહેર થઇ ગઈ છે. ત્યારે આ ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયી થાય તે માટે તંત્રએ તકેદારીના પગલાં ભરવા શરૂ કર્યા છે. જે મુજબ બનાસકાંઠા જિલ્લામાં અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે. અટકાયતી પગલાંઓ અંતર્ગત હથિયાર પરવાનેદારો પાસેથી પોલીસ ધ્વારા હથિયારો જમા લેવામાં આવી રહ્યા છે. જેમાં જિલ્લામાં કુલ- ૪૫૬૧ હથિયાર પરવાનેદારો પૈકી ૩૯૭૭ હથિયારો જમા લેવામાં આવ્યા છે અને બાકીના હથિયારો જમા લેવાની કામગીરી ચાલુ છે. અટકાયતી પગલાં માટે જિલ્લામાં કુલ-૫૦૪૪ કેસો કરી ૬ ઈસમોની અટકાયત કરવા હુકમ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, બનાસકાંઠા જિલ્લામાં સી.આર.પી.સી.ની કલમ-૧૫૧ હેઠળ ૨૯૦ કેસો નોંધાયા હતા. જે તમામનો નિકાલ કરાયો છે. સી.આર.પી.સી.ની કલમ-૧૦૭ મુજબ ૧૮૬૧ કેસો નોંધાયા હતા જે પૈકી તમામ કેસોનો નિકાલ કરી ૪૬૧ ને જાત જામીન તથા ૧૪૦૦ ને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. સી.આર.પી.સી.ની કલમ ૧૦૯ મુજબ ૪૧ કેસો નોંધાયા હતા તે તમામ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. સી.આર.પી.સી.ની કલમ-૧૧૦ મુજબ ૨૫૦૦ કેસો નોંધાયા હતા તે પૈકી તમામ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. પ્રોહી કલમ- ૯૩માં કુલ-૨૪૬ કેસો નોંધાયા હતા તેમાંથી ૧૯૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. પાસાના કાયદા હેઠળ કુલ-૯૬ કેસો નોંધાયા હતા તેમાંથી ૭૦ કેસોનો નિકાલ કરાયો છે અને ૬ ઈસમોની અટકાયત કરવા હુકમ કરવામાં આવ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

અંકલેશ્વર - હાંસોટ વિધાનસભામાં અનિલ ભગત અને ઈશ્વર પટેલ વચ્ચે ખરાખરીનો જંગ

અંકલેશ્વર

અંકલેશ્વર હાંસોટ વિધાનસભાને લઈને હાલમાં સોશિયલ મીડીયામાં વેર ચાલી રહ્યું છે જેમાં બંને પક્ષો પોત પોતાના ઉમેદવારોની જીતના દાવપેચ રમી રહ્યા છે. અંકલેશ્વર - હાંસોટ વિધાનસભામાં છેલ્લી ત્રણ ટર્મથી ઈશ્વરભાઈ પટેલ ચૂંટાઈ આવે છે જેમને ભાજપ પક્ષ તરફથી આ વિધાનસભાની ચુંટણીમાં પણ પક્ષ તરફથી ફાળવવા ઈશ્વરભાઈ પટેલ ગ્રુપના કેટલાક હોદેદારો હાશકારો અનુભવી રહ્યા છે. જ્યારે કોંગ્રેસ પક્ષમાંથી છોટુભાઈ વસાવા જુથના તેમજ હાલના ભરૂચ જિલ્લા પંચાયતના કરોબારી અધ્યક્ષ અનિલ ભગતને ટીકીટ ફાળવતા ખરાખરીનો જંગ જોવા મળી રહ્યો છે. ભાજપના ૧૫૪ અંકલેશ્વર હાંસોટ વિધાનસભાના ઉમેદવાર અને હાલના સહકારમંત્રી ઈશ્વરભાઈ પટેલને છેલ્લા ત્રણ ટર્મથી જંગી બહુમતીથી જીત મેળવી ચુકયા છે. જ્યારે છોટુભાઈ વસાવા જુથના અગ્રણી અનિલ ભગતને આ વિધાનસભામાં દાવેદારી કરવાનો સોનેરી અવસર કોંગ્રેસ દ્વારા ફાળવવામાં આવ્યો છે. જેને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. જો કે અંકલેશ્વર - હાંસોટ વિધાનસભામાં આદિવાસી મતો પણ નિર્ણાયક હોવા છતાં આદિવાસી સમાજની વ્યક્તિને પ્રથમવાર કોંગ્રેસ દ્વારા ટીકીટ ફાળવવામાં આવતા કેટલાક સતાપક્ષના રાજકીય આગેવાનો ભારે મુંઝવણમાં મુકાઈ જવા પામ્યા છે. થોડા સમય અગાઉ યોજાયેલ ચુંટણીમાં સાંસદ તરીકે અહેમદભાઈ પટેલને ચુંટાવામાં છોટુભાઈ વસાવાનો એક મત નિર્ણાયક સાબિત થવા પામ્યો હતો જને અનુલક્ષીને પણ અહેમદ પટેલ દ્વારા અનિલ ભગતને કોંગ્રેસ ટીકીટ ફાળવાઈ હોય તેવી લોકચર્ચા વહેતી થઈ છે.

અંકલેશ્વર હાંસોટ વિધાનસભામાં સૌ પ્રથમવાર કોંગ્રેસ દ્વારા અદિવાસી સમાજના અગ્રણીને ટીકીટ ફાળવતા રાજકીય વર્તૂળોમાં ચહલપહલ મચી જવા પામી છે. ત્યારે અંકલેશ્વર હાંસોટ વિધાનસભાની ચુંટણીમાં અનિલ ભગત દ્વારા ઈશ્વર પટેલને હાર અપાવવા કયા દાવપેચ રમવામા આવે છે એના ઉપર સૌની નજર મંડાઈ છે. ભાજપનું ગઢ ગણાતી અંકલેશ્વર - હાંસોટ વિધાનસભામાં કોંગ્રેસમાંથી ઉમેદવારી કરનાર અનિલ ભગત આદિવાસીઓને પોતાના મત આપવા તેમજ ઈશ્વરભાઈ પટેલને મોત આપવા શું રાજકીય રમત રમે છે. તેમજ આવનારા દિવસોમાં અનિલ ભગત દ્વારા ક્યા મુદાઓ તેમજ વિકાસલક્ષી વાતો કરવામાં આવે છે તે ટુંક સમયમાં બહાર આવવા પામશે.

ઉમરા સંઘમાં પ્રવજ્યા પર્વનો ઉત્સાહભેર પ્રારંભ

કસ્તુરીયા મૃગની નાભિમાં સુગંધ છે, સુખ ભીતરમાં છે : આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી

વસંત બારોટ

સુરત

'કસ્તુરીયો મૃગ સુગંધને માટે આમ તેમ ભટકે છે અને ખબર નથી કે સુગંધી તો એની નાભિમાં જ છે. દરેક જીવને સુખ જોઈએ છે. સુખ માટે ઠેર ઠેર ફાંફા મારે છે, કોઈપૈસામાં, કોઈ પદમાં, કોઈ પ્રતિષ્ઠામાં, કોઈ પત્નીમાં, કોઈ પરીવારમાં સુખ શોધે છે પણ સુખ તો ભીતરમાં છે. સુખનું સાચું સરનામું મોક્ષ છે. સંસાર દુઃખનું દ્વાર, મોક્ષ સુખનું દ્વાર છે. ઉપરોક્ત ઉદગાર દીક્ષા દાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીજીએ 'પ્રવજ્યા પર્વ' ના ત્રણ દિવસના મહોત્સવના પ્રારંભે કહ્યું. સુરી પ્રેમભુવનભાનુ જિતેન્દ્ર પ્રવજ્યાનગરીમાં આચાર્ય રવિ - રશ્મિસુરીજીના આચાર્યપદના નવમા વર્ષની પૂર્ણાહુતિ, પુણ્યરેખાશ્રીના પદના ૨૧ મા વર્ષના વધામણા થયા.

આચાર્ય રવિરત્નસૂરીજીએ પૂજ્ય દીક્ષા દાનેશ્વરીની નિશ્રામાં ૩૭૦ દીક્ષાની વિગ્રહ આપી. આચાર્ય રશ્મિરત્ન સુરીજીએ કહ્યું કે, જેમ મદારી ખેલ શરૂ કરતા પહેલાં ડમરું વાગે છે, ડમરૂં વાગે લોકો ભેગા થાય પછી ખરો ખેલ શરૂ થાય છે એમ આ ઓછવ મહોત્સવમાં ભેગા થયા બાદ હૈયાને ભીનું બનાવી ધર્મના બીજ વાવવાના, ધર્મને અંકુરીત કરનારૂં, મોક્ષલક્ષી સાધના માર્ગે પા પા પગલી માંડતી. આ જ મહોત્સવનું પ્રાણ છે. રાત્રે ૧૪ મુમુક્ષુઓનો વિદાય સમારંભ બલર ફાર્મમાં યોજાશે. નિવાસી ગજીબેન અંબાલાલ તલકચંદ મહેતા પરિવાર આયોજીત ત્રિ-દિવસીય પ્રવજ્યા પર્વ મહોત્સવના બીજા દિવસે સવારે ૯ કલાકે ૧૪ મુમુક્ષુઓની વર્ષીદાન યાત્રાનો અભૂતપૂર્વ માહોલ સર્જાશે. વર્ષીદાન યાત્રા થી પ્રારંભ અઠવાલાઈન્સ, લાલ બંગલા, ખુડદોડ રોડથી બલર ફાર્મ જશે.

વિધાનસભા સામાન્ય ચુંટણી-૨૦૧૭

સુરત જિલ્લાની ૧૪ વિધાનસભા બેઠકો પરથી ૬૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

આજરોજ સુરત ઉત્તર અને મહુવા બેઠક પર કોઈ ઉમેદવારી નોંધાઈ ન હતી : ચુંટણી આડેના ગણતરીના દિવસોમાં ઉમેદવારી નોંધાવવા ભારે ધસારો

સુરત

વિધાનસભાની ચુંટણીમાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે આજરોજ સોમવારે મોટી સંખ્યામાં ભાજપ, કોગ્રેસ, આમઆદમી પાર્ટી, યુવા સરકાર તેમજ અપક્ષ ઉમેદવારોએ નામાંકન ફોર્મ ભર્યા હતા. જેમાં ૧૫૫-ઓલપાડ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીના મુકેશભાઈ ઝીણાભાઈ પટેલે ચાર ફોર્મ તથા યોગેશભાઈ પટેલે બે ફોર્મ, રાષ્ટ્રવાદી કોગ્રેસ પાર્ટીમાંથી કિશોભાઈ સંઘાણીએ ચાર ફોર્મ ભર્યા હતા.

૧૫૬-માંગરોળ વિધાનસભામાંથી ભારતીય જનતા પાર્ટી તરફથી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવાએ ચાર ફોર્મ તથા શાંતિલાલ વસાવાએ એક ફોર્મ ભર્યું હતું. ૧૫૭- માંડવી બેઠક પર ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસમાંથી ચૌધરી આનંદભાઈ મોહનભાઈએ તથા ભારતીય જનતા પક્ષમાં અનિલભાઈ વેચાણભાઈ વસાવા અને ચૌધરી પ્રવિણભાઈએ ઉમેદવારી નોંધાવી હતી. ગામીત યાકુબભાઈએ જેડીયુમાંથી તથા ગામીત અરવિંદભાઈ હાટીયાભાઈ આમ આદમી પાર્ટીમાંથી ઉમેદવારી નોંધાવી હતી.

૧૫૮-કામરેજ બેઠક પરથી આપણી સરકાર પાર્ટી તરફથી પીપલીયા હર્ષાબેન રાજેશકુમારે, શિવસેનામાંથી સોરઠીયા નરેન્દ્રભાઈએ, અપક્ષમાંથી ગજેરા ધનશ્યામભાઈ તથા આમ આદમી પાર્ટી તરફથી રામભાઈ ધડુકે ઉમેદવારી નોંધાવી હતી.

૧૫૯-સુરત પૂર્વમાંથી ભારતીય બહુજન પક્ષમાંથી નિરબાન ફારૂક શબ્બીર, બહુજન સમાજ પાર્ટી તરફથી કાપડીયા મોહમદ સલમાન મોહમદ ઈરફાન તથા કાપડીયા મોહમદ ઈરફાન ગુલામ મહમદ, ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસમાંથી ભરૂચા નીતીનકુમાર ઠાકોરદાસ તથા જરીવાલા મોહમદશફી નુર મોહમદ, અપક્ષમાંથી કોડાવાલા ઈમરાન નિઝામુદીને ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૦-સુરત ઉત્તરમાંથી કોઇ ફોર્મ ભરાયું ન હતું.

૧૬૧- વરાછા રોડ બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીમાંથી કિશોરભાઈ શિવાભાઈ કાનાણીએ ચાર ફોર્મ તથા રમેશભાઈ કુરજીભાઈ લાઠીયાએ બે ફોર્મ ભર્યા હતા. યુવા સરકારમાંથી લાલજીભાઈ હિરપરા તથા અપક્ષ તરીકે સતીષકુમાર પ્રજાપતિએ ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૨-કરંજમાંથી ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોગ્રેસ પાર્ટીમાંથી લાડુમોર હિમતભાઈ બાધાભાઈ, આમ આદમી પાર્ટી તરફથી મહેતા જિજ્ઞેશ ધિરજલાલ તેમજ અશોકભાઈ સીસારાએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી.

અનુસંધાન પાના નં.૬

પદ્માવતી ફિલ્મ રિલીઝ થતી અટકાવવા પાલનપુરમાં પોસ્ટકાર્ડ ઝુંબેશ

સામાજીક સંગઠનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

સંજય જોષી

પાલનપુર

જાણીતા ફિલ્મ ડાયરેક્ટર સંજય લીલા ભણશાળી દ્વારા બનાવવામાં આવેલી પદ્માવતી ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડા કરાયા હોવાના આક્ષેપ વિવાદના વમળમાં ફસાઈ છે. રાજપૂત સમાજ સહિત હિન્દુ સામાજિક સંગઠનો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ ફિલ્મ થિયેટરમાં રિલીઝ ન થાય તે માટે પાલનપુરમાં રાજપૂત સમાજ સહિત વિવિધ સમાજના આગેવાનોએ પોસ્ટકાર્ડ ઝુંબેશ હાથ ધરી હતી. બાદમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવાયું હતુ.

પદ્માવતી ફિલ્મમાં ઈતિહાસ સાથે થયેલા ચેડાથી ક્ષત્રિય સમાજ સહિત હિન્દુ સંસ્થાઓમાં ભારે આક્રોશ ઉઠવા પામ્યો છે. આ ફિલ્મ રિલીઝ ન થાય તે માટે પાલનપુર ખાતે જોરાવર પેલેસ આગળ રાજપૂત સમાજ, જાગીરદાર દરબાર સમાજ, ક્ષત્રિય ઠાકોર સેના, નવ કોટડી રાજપૂત સમાજ, ધાનેરા રાજપૂત સમાજ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ, શિવસેના, બ્રહ્મસેનાના અગ્રણીઓ, કાર્યકરો એકમંચ પર એકત્ર થયા હતા. જેમણે ફિલ્મ રિલીઝ ન થાય તે માટે પોસ્ટકાર્ડ લખ્યા હતા. બાદમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું હતુ.

અનુસંધાન પાના નં.૬

કાંકરેજમાં બીજા દિવસે એકપણ ઉમેદવારીપત્ર રજુ ન થયું : બે દિવસમાં ૯ ફોર્મનું વિતરણ

તા.પ્રતિ. થરા

ગુજરાત વિધાનસભા - ૨૦૧૭ ની ચુંટણીમાં બીજા તબક્કા માટેનું જાહેરનામું તા.૨૦/૧૧/૨૦૧૭ ના જાહેર થતાં ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ ચુકી છે. ૧૫ કાંકરેજ વિધાનસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર તરીકે કિર્તિસિંહ પી.વાઘેલા જાહેર થયા છે જ્યારે કોંગ્રેસ તરફથી ઉમેદવારની જાહેરાત થઈ નથી જાણવા મળતી માહિતીનુસાર તા.૨૦/૧૧/૨૦૧૭ ના એક ઉમેદવારીપત્રનું વિતરણ થયેલ જ્યારે ગઈકાલે તા.૨૧/૧૧/૧૭ ના ૦૮ એમ કુલ ૦૯ ઉમેદવારીપત્રોનું વિતરણ થયું છે. પરંતુ એકપણ ઉમેદવારે બે દિવસમાં ઉમેદવારીપત્ર ભરીને રજુ કર્યું નથી આજે બુધવાર હોવાથી કોઈ ઉમેદવાર પોતાની ઉમેદવારી કરશે નહી તવું જણાય છે. ત્યારે આવતીકાલે ગુરૂવારને તા.૨૩/૧૧/૧૭ થી ઉમેદવારીપત્રો રજુ થાય તેવી શક્યતા છે.

માંકડી ખાતે જાહેર - ખાનગી સહકારી ભાગીદારી વિશે સહકાર સપ્તાહની ઉજવણી

પાલનપુર

૬૪ મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી મુ.માંકડી, તા. દાંતા મુકામે જિલ્લા સંઘના માનદ્ મંત્રી નરસંગભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે મુશ્કેલ વિસ્તારમાં છેવાડાનાં ગામડાં સુધી બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, સહકારી સપ્તાહ શિબિર યોજી લોકો સુધી જાગૃક્તા લાવે છે. તેમણે આપણા જિલ્લામાં મેડિકલ કોલેજ બને છે તેમાં સહકાર આપવા બદલ દરેક મંડળીને અભિનંદન આપ્યા. તેમજ તે ખુબ જ ઉપયોગી બનશે તેમ જણાવ્યું. બનાસડેરી ફેટના ભાવમાં વધારો કરી દરેક સભાસદોને નફો પહોંચાડે છે. જેથી બનાસડેરીના નિયામક મંડળ તેમજ ચેરમેન શંકરભાઈને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે બનાસડેરીના ડિરેક્ટર તથા જિલ્લા સંઘના ડિરેક્ટર દિલીપસિંહ બારદે જણાવેલ કે દરેક મંડળીઓએ સફાઈ તેમજ સ્વચ્છતા રાખવી જોઈએ. તેમજ દૂધમાં ભેળસેળ ન કરવી જોઈએ. દરેક મંડળીના કર્મચારીઓએ તાલીમ અને અનુભવ મેળવવો પડશે તો જ મંડળીનો વહીવટ પારદર્શક બનશે. આ પ્રસંગે જિલ્લા સંઘના કે.જી. ચૌધરીએ જણાવેલ કે જિલ્લા સંઘ ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સમગ્ર જિલ્લામાં સહકાર સપ્તાહની ઉજવણી કરે છે.

આ પ્રસંગે જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર રમેશભાઈ પટેલે જિલ્લા સંઘના શિક્ષણ અને તાલીમ વિશે માહિતી આપી હતી. તેમજ સહકાર સપ્તાહની ઉજવણીની રૂપરેખા સમજાવી હતી. તેમણે જણાવેલ કે છેલ્લા ગામડાનો માણસ લાભ લઈ શકે એવા જિલ્લા સંઘના પ્રયાસો છે. તેમણે સહકારની માહિતી મેળવવા તથા નવી મંડળી બનાવવા માટે જિલ્લા સંઘની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો.

આ સભામાં દૂધ મંડળીના ચેરમેન/ મંત્રી તથા કમીટી સભ્યો, સરપંચ,ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સભાનું સમગ્ર સંચાલન તેમજ આભારવિધિ સંઘના એકાઉન્ટન્ટ ભારમલભાઈ પટેલે કરી હતી.

ધાનેરામાં ડાયાબીટીસ જાગૃતિ મહાઅભિયાન

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

લાયન્સ ક્લબ ઓફ ધાનેરા દ્વારા લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીક્ટ ૩૨૩૨- બી ના સહયોગથી ડી.બી. પારેખ હાઈસ્કુલ, ધાનેરામાં શ્રી વિવેકાનંદ વિદ્યાલય તથા ડી.બી. પારેખ હાઈસ્કુલના ૨૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ તારીખ ૨૦/૧૧/૧૭ ના રોજ સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન ડાયાબીટીસ જાગૃતિ મહાઅભિયાનમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે વક્તા ડૉ.દિગ્વિજયસિંહ દવે, લાયન્સ ક્લબના પ્રેસીડેન્ટ રમેશભાઈ ડી.ઠક્કર, ડિસ્ટ્રીક્ટ ચેરપર્સન મગનભાઈ આકોલીયા, સેક્રેટરી મુગટલાલ જોષી, ડૉ.ખંડેલવાલ, એન.કે.મોદી તથા બંને શાળાના આચાર્ય એસ.એસ. સોલંકી તથા ગોવિંદભાઈ પટેલ તથા સ્ટાફગણ તથા પત્રકાર મિત્રોએ સારો સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવેલ આ પ્રોગ્રામની આભારવિધિ ગોવિંદભાઈ એમ. પટેલે કરી.

આ પ્રોગ્રામ દ્વારા લાયન્સ ક્લબ ઈન્ટરનેશલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨-બી નું નામ ગીનીશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ થવા જઈ રહ્યું છે. જે આપણા માટે ગૌરવની વાત છે.

શ્રી સૂર્યોદય માધ્યમિક શાળા ધાનેરાનું ગૌરવ

તા.પ્રતિનિધિ ધાનેરા

જિલ્લા રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા તારીખઃ ૧૮/૧૧/૨૦૧૭ ને શનિવારના રોજ સરસ્વતી વિદ્યાસંકુલ ડીસા ખાતે જિલ્લા યુવા મહોત્સવનું આયોજન કરેલ હતું. જેમાં બનાસકાંઠા જિલ્લાના દરેક તાલુકા કક્ષાએ પ્રથમ આવેલ યુવાનોએ ભાગ લીધેલ હતો. જેમાં અલગ-અલગ કુલ મળીને ૪૮ પ્રવૃત્તિઓ હતી. જેમાં શ્રી સૂર્યોદય માધ્યમિક શાળાના શિક્ષક પ્રજાપતિ ડુંગરભાઈ લક્ષ્મણભાઈએ એકપાત્રીય અભિનયમાં ભાગ લઈ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળા પરિવાર તેમજ ધાનેરા તાલુકાનું ગૌરવ વધારેલ છે.

ડીસા સહિત જિલ્લામાં આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વધશે

નરસિંહ દેસાઈ

વહેલી સવાર અને મોડી સાંજે તાપણાની મૌસમ જામી

પ્રતિનિધિ વડાવળ

માગશરની શરૂઆતમાં જ ઠંડીની મૌસમ જામતા પ્રજાજનોને શિયાળાની ઋતુનો પ્રથમ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે દેશના ઉત્તરીય પહાડી વિસ્તારોમાં બરફ વર્ષાની સાથે વેસ્ટન ડિસ્ટબંન્સને લઈ ને સમગ્ર જિલ્લાના વાતાવરણમાં પલટો આવતા ઠંડા પવનો ફુંકાવાથી શીતલહેર પ્રસરી ગઈ હતી ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વધવાની શક્યતાઓ જોતા તાપમાનનો પારો ૪ થી ૫ ડીગ્રી સુધી ગગડી શકે છે જેથી સમગ્ર વિસ્તારોમાં ઠંડીનું મોજુ ફરી વળવાની આગાહી કરવામાં આવી છે સવાર - સાંજ ઠંડીનું વિશેષ પ્રમાણ જોવા મળી રહ્યું છે જેથી શહેરી વિસ્તાર સહિત ગ્રામ્ય પ્રદેશોમાં જ સવાર - સાંજ ઠેરઠેર તાપણ મૌસમ જામી રહી છે સાથે સાથે પ્રજાજનો ઠંડીથી બચવા ગરમ વસ્ત્રોમાં પણ જોવા મળી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં ઠંડીનો ચમકારો વધતા કાતિલ ઠંડીનો અનુભવ થશે.

વડગામના હડમતીયા ગામે બોડી ચેકઅપ કેમ્પ યોજાયો

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ગઈકાલ મંગળવાર તા. ૨૧/૧૧/૧૭ ના રોજ વડગામના હડમતીયા ગામે આઈએમસી દ્વારા ગ્રામ પંચાયત કચેરી ખાતે ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ગ્રામજનો જોડાયા હતા. સરપંચ શારદાબેન ખેમાભાઈ રાવળ, વિરાભાઈ પ્રજાપતિ, પૂર્વ સરપંચ મોહનભાઈ પ્રજાપતિએ દિપ પ્રાગટ્ય કરી કેમ્પનું ઉદ્ઘાટન કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ગ્રા.પં. પરિવારે કર્યું હતું.

દિયોદર- વાવ વિધાનસભા યુવક કોંગ્રેસમાં નિમણુંક

પ્રતિનિધિ કોતરવાડા

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપુતના આદેશથી ૧૪- દિયોદર વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ સુરેશભાઈ બી. ગળસોરે દિયોદર વિધાનસભા યુવક કોંગ્રેસના મંત્રી પદે ઠાકોર દિનેશજી હરજીજી (સણાવ) ની તેમજ વાવ વિધાનસભા યુવક કોંગ્રેસના પ્રમુખ ભૈરવદાન ગઢવીએ વાવ વિધાનસભા યુવક કોંગ્રેસના મહામંત્રી પદે ઠાકોર બાબુજી પોપટજી (બિયોક) ની નિમણુંક કરી છે. જેથી કોંગ્રેસનું સંગઠન વધુ મજબુત બનવા પામશે તેવી યુવક કોંગ્રેસ કાર્યકરોને આશા બંધાઈ છે.

ખોડા હાઈસ્કુલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ મિલન અને શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો

મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાના ખોડા ગામે શ્રી સર્વોદય ટ્રસ્ટ દિયોદર સંચાલિત વિનય વિદ્યા મંદિર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કુલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન અને શિક્ષક ચૌધરી કરશનભાઈ અભેરાજભાઈ વય નિવૃતનો વિદાય સમારોહ, બનાસબેંકના ચેરમેન એમ.એલ.ચૌધરી તથા મુખ્ય મહેમાન ધારસિંહભાઈ, ખાનપુરા (ધારાસભ્ય કાંકરેજ), અતિથિ વિશેષ ભરતભાઈ ચૌધરી (કારોબારી સભ્ય ગુ.રા.મા.શિક્ષણ બોર્ડ ગાંધીનગર), રમેશભાઈ ડી. ચૌધરી (સભ્ય ગુ.રા.પરીક્ષાબોર્ડ ગાંધીનગર) તથા સંસ્થાના વડા અને માજી ધારાસભ્ય દિયોદર કાળુભાઈ વી. તરક વગેરે મહેમાનોએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો ખુલ્લો મુકવામાં આવેલ. શાળાના આચાર્ય જયંતિભાઈ વી.પટેલે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાના વિદ્યાર્થી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ગ્રામજનો તેમજ મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વિદાય લેનાર શિક્ષક કરશનભાઈ ચૌધરીને ગ્રામજનો તથા શાળા પરિવાર દ્વારા સન્માન કરી તેમનું જીવન શિક્ષણમય જીવે તેમજ નીરોગી રહે તેવા આશીર્વચન આપેલ. આ કાર્યક્રમમાં ગ્રામજનો, કાંકરેજ વિસ્તારના આગેવાનો, શાળાના આચાર્યો, શિક્ષણવિદો, શિક્ષકગણ તેમજ આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. અંતે સંસ્થાના આચાર્ય જયંતિભાઈ વી.પટેલે સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

તંત્રી સ્થાનેથી ...

આઝાદી એ વિકાસનું પહેલું પગથિયું છે...

જાલીનોટ અને સોનાની તસ્કરીને પડકારવા તેજાબી પગલાં જરૂરી

અર્થતંત્રને ચિંથરે હાલ બનાવવા દેશમાં જાલી નોટોની ઘુસણખોરી થઈ રહી છે. સાથે સાથે સોનાની દાણચોરી વધી છે. તાજેતરમાં અમદાવાદના એરપોર્ટ પરથી બે થી ત્રણ વખત કરોડોનું બિનઅધિકૃત સોનું પકડી પાડવામાં આવેલ. ત્યારે હજુ હમણાં નોટબંધી બાદ રૂા. ૨૦૦૦ ની નવી નોટ બહાર પાડવામાં આવી હતી. તેના જેવી જ જાલી ૨૦૦૦૦ ની નોટનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો. આવી બનાવટી નોટોનું છાપકામ મોટેભાગે પાકિસ્તાનના પેશાવરમાં થાય છે. પેશાવર જાલીનોટોનું માન્ચેસ્ટર બની ચુક્યું છે. જ્યાં દરેક દેશનું બનાવટી ચલણ બનાવાય છે. તમે અમેરિકન બનાવટી ડોલર માગો તો ત્યાંથી મળી રહેશે. મોટાભાગના દેશના અર્થતંત્રને બેહાલ બનાવવામાં પાકિસ્તાનીઓનો વિશેષ હાથ છે. સ્થાનિક બેંકમાં નાણાં જમા કરાવવા આવતા લોકોના ચલણી નોટોના બંડલમાંથી બે - ત્રણ બનાવટી નોટ મળી આવતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવતી હોય છે. બાદમાં એ નોટ રિઝર્વ બેંકને મોકલી આપવામાં આવતી હોય છે. જો કે આ બાબતે બેંકો ભારે તકેદારી રાખતી હોય છે.

જ્યારે સોનાના દાણચોરો હવે ભારતમાં કસ્ટમ અધિકારીઓની આંખથી બચવા માટે દાણચોરી માટે તેમના પરંપરાગત અપાતી દેશોના રૂટને બદલે યુરોપીય રૂટ પર પસંદગી ઉતારી છે. કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર તાજેતરમાં ઝડપાયેલા સોનાની દાણચોરીના કિસ્સા થકી આ નવા તથ્યો સામે આવી રહ્યા છે. કસ્ટમ અધિકારીઓ સોનાની દાણચોરીને રોકવા દેશમાંથી આવતા તમામ પ્રવાસી પર નજર રાખી રહ્યા છે. પરંતુ યુરોપથી આવતી ફ્લાઈટ્સમાં તપાસ સામાન્ય હોય છે. તેને પગલે યુરોપથી આવતા પ્રવાસી દ્વારા સોનાની દાણચોરીનું પ્રમાણ વધ્યું છે. મોટાભાગના સોનાના દાણચોરો સોનાની દાણચોરી માટે યુરોપના રૂટ જ પસંદ કરી રહ્યા છે. ગત ૧૦ નવેમ્બરના રોજ ફ્રેન્કફર્ટ ખાતેથી ભારત આવેલા વૃધ્ધ દંપતી પાસેથી રૂા. ૨૫ લાખ ઉપરાંત કિંમતનું સોનું ઝડપાયું હતું. અન્ય એક કિસ્સામાં લંડનથી આવેલા પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હતી. રૂા. ૩૦ લાખના મુલ્યું ૪૦૦ ગ્રામ સોનું તેની પાસેથી જપ્ત કરવામાં આવ્યું હતું. ત્યારે કસ્ટમ વિભાગે કાયદેસરની કાર્યવાહી કરી છે. સોનું ક્યાંથી લાવ્યા અને કોને આપવાનું છે. વગેરે માહિતી મેળવી રહ્યા છે. જ્યારે પેરિસથી આવેલા એક પ્રવાસી પાસેથી ૬૬ લાખના મુલ્યનું બે કિલો સોનું કસ્ટમ વિભાગે જપ્ત કર્યું હતું.

ગત મહિને ઈટાલી તરફથી આવેલા રૂા. ૪૫ લાખના મુલ્યનું દોઢ કિલો સોનું કસ્ટમના અધિકારીઓએ ઝડપી પાડ્યું હતું. આમ સોનાની તસ્કરી વધતા દેશના મહાનગરો જેવા કે મુંબઈ, નવી દિલ્હી, બેંગલોર, કોલકતા અને અમદાવાદના એરપોર્ટ પર કસ્ટમ દ્વારા જબરજસ્ત તકેદારી રાખવામાં આવી રહી છે. મોટાભાગના જે આંતરરાષ્ટ્રીય વિમાની મથકો પર મોડી રાત્રે આવતી ફ્લાઈટોનું ચેકીંગ પણ સઘન બનાવાયું છે. દાણચોરો સોનાની દાણચોરી અને જાલી નોટોની હેરાફેરી માટે મહિલા મુસાફરોનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરી રહ્યા છે. ગત વર્ષે રાજધાની દિલ્હીની ટ્રેઈનમાંથી ઉતરેલી એક મહિલા સામાનની તપાસ ચલાવતા ૨૮ લાખની જાલી નોટો મળી આવી હતી. વર્તમાન સંજોગોમાં દેશમાં કરેલી જાલી નોટો ફરતી થઈ છે તે બાબતે ચુનંદા અધિકારીઓ તપાસ ચલાવી રહ્યા છે. અગાઉ નેપાલની સરહદ પારથી જાલીનોટોના જથ્થો આવતો હતો પરંતુ સરહદ પર કસ્ટમ પોઈન્ટ ઉભા કરવામાં આવતા જાલીનોટોની તસ્કરી બંધ થઈ છે. હવે કેટલાક તત્વો દેશમાં જ જાલીનોટો બનાવતા હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. નાના શહેર અને ગામડાઓમાં વેપાર કરતા વેપારીઓને ત્યાં જાલીનોટો પધરાવાઈ છે. એ નોટો બેંકમાં જમા થાય ત્યારે તેની ચકાસણી થતાં બેંક અધિકારી પોલીસમાં ફરિયાદ નોંધાવતા હોય છે.

ગત જાન્યુઆરી મહિનાથી ઓક્ટોબર સુધીમાં ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકેથી રૂા. ૩૭ કરોડના મુલ્યનું ૧૧૦ કિલો સોનું કસ્ટમે ઝડપી પાડ્યું હતું. જેથી વિમાની મથકો પર તકેદારીના ઉચ્ચ સ્તરે પગલાં ભરવામાં આવી રહ્યા છે.

"રિશ્તા લિખેન્ગે હમ નયા" ના સેટમાંથી અભિનેતા રોહિત સૂચંતી ગુમ થઈ ગયા

તાજેતરમાં જ લોન્ચ કરાયેલ શો "રિશ્તા લિખેન્ગે હમ નયા" માં "રતન માનસિંહ" ની ભૂમિકા ભજવતા રોહિત સુચંતિએ તાજેતરમાં જ સેટમાંથી ગુમ થઈ ગયા હોવાથી દરેક ગભરાઈ ગયા હતાં. સેટ પર શૂટીંગ કરતી વખતે અને એક દ્રશ્ય માટે શૂટ કરવા માટે થોડીવાર પહેલાં જ બોલાવવામાં આવ્યાં હતાં, ક્રૂ મેમ્બરે નિરંતર રોહિતને પૂરા સેટ પર શોધવાનું શરૂ કર્યું હતું.હદ સુધી, સભ્યોએ તેના નજીકનાં મિત્રો અને પરિવારને પણ જાણવાનું કહ્યું હતું કે જ્યાં સુધી કોઈએ ત્યજી દેવાયેલા રૂમમાંથી ખખડાવાનો અવાજ સાંભળી માત્ર અભિનેતા ત્યાં પુરાઈ ગયા છે તે જાણવા માટે ત્યાં ગયાં.રોહિતને લાગતું હતું કે તે પોતાની ટીખળથી દૂર થઈ શકે છે, તે આખી ઘટના સાથે હચમચી ગયાં હતાં કારણ કે લૉક કરેલી બારીઓ અને જૂના ગામઠી દરવાજા ધરાવતો જૂનો રૂમ હતો. જ્યારે તેમને બચાવી લેવાયા હતા, ત્યારે દરેકએ પરિસ્થિતિને હલકી લીધી અને બધાને અંતે ખૂબ જ હસી આવી.સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનનો રિશ્તા લિખેન્ગે હમ નયા, સોમ-શુક્ર, રાત્રે ૯: ૦૦ વાગ્યે જુઓ.

આત્મચિંતન

સાહસ બતાવો

કર્તવ્ય - કર્તવ્યની ગુંચ કંઈ બહુ મુશ્કેલીભરી નથી. માનવ જીવનનો સદપયોગ કે દુરપયોગ શેમાં છે તે જાણવું કંઈ અઘરું નથી. આજ સુધી જે સાંભળ્યું, સમજ્યા તથા વિચાર્યું છે તેની મદદથી એવો કાર્યક્રમ સરળતાથી બનાવી શકાય છે કે આપણે પોતાને આજના કીચડમાંથી નીકાળી કાલના સુવર્ણ સિહાંસન પર બેઠેલા જોઈ શકીએ. આપણે એ જાણતાં નથી એવું નથી. વાત માત્ર સાહસના અભાવની છે. કંજૂસાઈ, સંકુચિતતા તથા ડરપોકપણું આપણને ત્યાગ અને બલિદાનનું કોઈ સાહસપૂર્ણ કદમ ઉપાડવા નથી દેતાં જો આ વર્તુળને તોડી નાખવાનું કોઈનાથી શક્ય બને તો આપણા સાહસના બળે જ નરમાંથી નારાયણ બની શકાય છે.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

કવિશ્રી આનંદી

ગતાંકથી ચાલુ

જાગીરદારોએ પ્રજા ઉપર ધાક બેસાડવા માટે એ ગરીબ રામા કોળીને તીર માર્યું. આ સમાચાર ગામમાં ફરી વળ્યા. વાસણા સેંભર ગામના જાગીરદાર પ્રજામંડળના સભ્ય મોહનલાલ પંચાલને એ સમાચાર મળ્યા. તેઓ ત્વરિત દોડ્યા. બાજુના પાંચડા ગામેથી મોટર લઈ આવ્યા અને રામાને વડગામ લાવ્યા. વડગામથી કવિશ્રી આનંદી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા આ રામાને લઈને પાલનપુર આવ્યા. તેને તાત્કાલિક દવાખાનામાં દાખલ કર્યો. કવિએ ફરિયાદ દાખલ કરાવતા જ ડી.એસ.પી.એ વાસણા સેંભર ગામના લોકોની સલામતી માટે બે પોલીસનું થાણું મુક્યું. પણ આ પ્રસંગે કવિશ્રી આનંદીએ ઉશ્કેરણી કરી છે તથા જાગીરદારો અને વેઠીયાઓને લડાવી મારવાના પ્રયાસો કવિ તરફથી થાય છે. એવી ફરિયાદ થતાં કવિ આનંદીને પકડવામાં આવ્યા.

કલેક્ટરશ્રી પાટીલ તથા ડી.વાય.એસ.પી. શ્રી દોશી પણ કવિશ્રી આનંદીની આ લડત વિરુધ્ધ હતા. કવિને પકડીને મેજિસ્ટ્રેટ સામે રજૂ કર્યા. મેજિસ્ટ્રેટે કવિને લડત બંધ કરવાની અને જામીન આપવાની શરતે છોડી મુકવા જણાવ્યું. પણ કવિશ્રીએ જામીન આપવાની ના પાડી. સાત દિવસ તેઓ કાચી જેલમાં રહ્યા. એ દરમિયાન કલેક્ટરશ્રી પાટીલની બદલી થતાં શ્રી એમ.ડબલ્યુ દેસાઈ નવા કલેક્ટર તરીકે આવ્યા. કલેક્ટરની તટસ્થતાને કારણે કેસની ખોટી રજૂઆત મેજિસ્ટ્રેટ સામે ન થઈ શકી. મેજિસ્ટ્રેટને લાગ્યું કે આખો કેસ ઉપજાવી કાઢેલ છે. તેમણે એ કેસ કલેક્ટરશ્રીને પરત મોકલી આપ્યો. કલેક્ટરશ્રીએ કેશ વિઢો કરી તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો. વેઠપ્રથા સામેનો આ પ્રથમ વિજય પ્રાપ્ત થતાં જાગીરદાર પ્રજામંડળનું આંદોલન વધારે તીવ્ર બન્યું. સ્વાતંત્ર્યના લડવૈયા ગુલામરસુલ કુરેશીના પ્રમુખ સ્થાને રૂપાલમાં એક સભા મળી. તેમાં જાગીરદારી પ્રજાની મુક્તિ માટે સંગઠિત લડત લડવી અને રજૂઆત કરવી તેવું નક્કી થયું. આ પ્રશ્ન સરકાર સમક્ષ મુક્યો અને પ્રજાએ જાગીરદારોને અપાતો વજેભાગ બંધ કર્યો. આ બધી લડતો ચાલતી હતી. ત્યાં તો સ્વરાજનો એ સોનેરી દિવસ આવી ચડ્યો. સ્વરાજ અનેક સમસ્યાઓ લઈને આવ્યું. સૌથી મોટી સમસ્યા ભારત પાકિસ્તાનના ભાગલાની હતી. નિર્વાસિતોનો પ્રશ્ન, કોમી આગ અને તેવો જ મોટો પ્રશ્ન હતો. રાજ- રજવાડાંઓનો, બ્રિટીશ સરકારે બધા સંસ્થાનોને મુક્ત કરી દીધાં હતા. જાગીરદારોની સ્વતંત્રતા પાછી આવી રહી હતી. જો કે વિલીનીકરણ થયું એટલે રાજ- રજવાડાં ભારત સંઘમાં ભળ્યાં. પરંતુ શરૂઆતના તબક્કામાં કેટલાક ગૂંચવાડાઓ સર્જાયા. આઝાદી પહેલાં થોડા સમય પહેલાં લડતને કારણે પાલનપુર સ્ટેટના જાગીરદારોની વેઠ તેમજ ભાગબટાઈ બંધ થઈ હતી. આઝાદી પછી સ્પેશિયલ પ્રાન્ત ઓફિસરશ્રી કે.યુ.ભટ્ટની નિમણુંક થઈ અને તેમના હાથે જાગીરદારી પ્રજાના ખેતીના ખાતેદાર તરીકેના હક્કો નક્કી થયા. ત્યાં એવું નક્કી થયું કે જ્યાં સુધી ચોક્કસ નીતિ નક્કી ના થાય, ત્યાં સુધી ગામવાર ઉચ્ચક મહેસુલ વસુલ કરવું. આમ જાગીદારોને પુનઃ ભાગ આપવાનું શરૂ થયું. આ દરમ્યાન પણ ૧૯૫૦-૫૧ માં કવિશ્રીને આ પ્રશ્ને કારાવાસમાં જવું પડેલ. સ્વતંત્ર ભારતમાં પણ હજુ સંપૂર્ણ ભાગ- બટાઈ બંધ ન હતી. વેઠપ્રથા પણ લગભગ ચાલુ હતી. છેવટે તા. ૧-૮-૫૪ ના રોજ વેઠપ્રથા અને ભાગબટાઈ અંગેનો સ્પષ્ટ કાયદો પસાર થતાં કાયમી માટે વેઠપ્રથા અને ઉચ્ચક મહેસુલ આપવાનું બંધ થયું. એ પછી જાગીરદારી પ્રજામંડળને વિખેરી નાખવામાં આવ્યું અને તેની જગ્યાએ ખેડુત મંડળની સ્થાપના કરવામાં આવી.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની પ્રેરણાથી શરૂ થયેલ ખેડુત મંડળે પહેલું કામ 'હાળી પ્રથા' બંધ કરાવવાનું કર્યું. વડગામ તાલુકામાં હાળી(સાથી) પ્રથા ચાલતી હતી. નોકરોનો પગાર નહીં ને રકમનું વ્યાજ નહીં. કોળી, ઠાકોર, હરિજન અને વસવાયા કોમ લગ્ન કે કારજ જેવા પ્રસંગોએ ખમતીધર ખેડુત પાસેથી પૈસા વ્યાજે લે. આ પૈસા જ્યાં સુધી ચૂકતે ના થાય ત્યાં સુધી પૈસા લેનાર દેણદારના ઘરનો એક સભ્ય ખેડૂતને ત્યાં હાળી તરીકે રહે. પછી તો એવું બને કે પેલો હાળી ઘરના કરજમાં વધારે ને વધારે દેવાદાર બનતો જાય. ક્યારેક જરૂરિયાતથી તો મોટેભાગે ઉડાઉ ખર્ચા કરતી આ ગ્રામ્ય પ્રજા આયોજનના અભાવે એ ઋણમાંથી મુક્ત થઈ શકે નહીં. કાયમ એ હાળી તરીકે રહે. ઘણીવાર તો બે - બે ત્રણ- ત્રણ પેઢી સુધી આ હાળી પ્રથા ચાલે. આ ગુલામો ક્યારેય છૂટી ના શકે. હાળી જાગીરદારના ખેતરમાં કામ કરે. તેની પત્ની જાગીરદારનું ઘરકામ કરે અને હાળીનાં છોકરાં જાગીરદારોનાં ઢોર- ઢાંખર સાચવે. બદલામાં તેમને રોટલા અને કપડાં અપાય. કેવળ પેટ ભરવા જીવતાં આવાં માનવ મડદાંને એ જંજીરોમાંથી છોડાવવા કવિશ્રી આનંદીએ ડીયાલ મુકામે ઠાકરડાઓની એક સભા બોલાવી. તેમણે હાળીઓને હળબંધી એટલે કે કામબંધ કરવાનો ઠરાવ ઠરાવ્યો. એ સમયે જલોત્રાના ફલજીભાઈ પટેલ તેમજ ઓખાભાઈ ગોળે આ ઠરાવને વધાવી લઈ તેમાં સુધારો સૂચવ્યો. જે ધિરાણ છે તેનું વ્યાજ ગણવું, તથા હાળીને કપડાં, ખાવનું તથા દર મહિને વીસ રૂપિયાનો પગાર આપવો. આ પગાર જમે થતાં મોટાભાગના હાળીઓ થોડા સમયમાં દેવામુક્ત થાય તેવી યોજના હતી. આ રીતે તેમણે વર્ષો જૂની હાળીની ગુલામ પ્રથા બંધ કરાવી.

કવિશ્રી આનંદી એક વખત સવારના વહેલા શેરપુરા ગામેથી નીકળીને પાંચડા ગામે જતા હતા. ત્યાં વચ્ચે નદી કિનારે પાનોના ઝૂંડમાંથી તેમના ઉપર ગોળીબાર થયો. ગોળી મારનાર નિશાન ચૂકી ગયો. તેથી ગોળી કાનથી અડધા ફૂટ દૂર થઈને નીકળી ગઈ. ગોળીનો અવાજ સાંભળીને આજુબાજુના ખેતરમાંથી ખેડુતો દોડી આવ્યા પણ ગોળી છોડનારનો પત્તો લાગ્યો નહીં... કવિશ્રી એ સમયે આમ બચી ગયા. એક વખત કવિશ્રીને પેંડામાં ઝેર ભેળવીને ખવડાવવામાં આવેલ પણ તેઓ તુરત જ દવાખાને પહોંચી ગયા અને બે દિવસની સારવાર પછી તેઓ બચી ગયા.

ભારત આઝાદ થતાં પશ્ચિમ પંજાબ અને પૂર્વ બંગાળાના ખેતીથી સમૃદ્ધ પ્રદેશો પાકિસ્તાનમાં ચાલ્યા ગયા. અનાજની અછત ઊભી થઈ. ગોળ- ખાંડની પણ અછત. ગોળને ખાંડ કંટ્રોલમાં મળે. એમાં પણ કંટ્રોલના સંચાલકો પૂરો ગોળ- ખાંડ લોકોને આપે નહીં. કવિશ્રીએ એ સામે લડત ઉપાડી. ગોળ- ખાંડ પૂરા પ્રમાણમાં ના આપે તો ના લેવાં. પાલનપુરમાં સ્વાતંત્ર્ય સેનાની કંટ્રોલ મિનિસ્ટર શ્રી ડાહ્યાલાલ મણિલાલ મહેતાની ઓફિસે ફરિયાદ દાખલ થઈ. આમ આઝાદી પણ કવિશ્રીની લોકલડત ચાલુ હતી.

૧૯૫૧-૫૨ ના અરસામાં દાંતા મુકામે પીવાના કૂવા અંગે દાંતાના

મહારાણા અને લોકો વચ્ચે ઝગડો થતાં શ્રી છોટુભાઈ હેમુભાઈએ કવિને દાંતા જઈ આ પ્રથાનો અંત લાવવા જણાવતા ત્યાં જઈ આ પ્રથાનો સુખદ અંત લાવેલ. તેમણે દાંતા તાલુકાના ગામોમાં પ્રવાસ કરીને લોકોનો સંપર્ક સાધી તેઓના પ્રશ્નોની રજુઆત કરી આમ આદિવાસીઓના ઉત્કર્ષ માટે પણ તેમણે થોડું કામ કર્યું. કવિશ્રીએ આઝાદી બાદ ગામડાઓમાં પ્રૌઢ શિક્ષણનું કાર્ય શરૂ કર્યું. લોકોને અક્ષરજ્ઞાન આપવાનું તથા હરિજન

બાળકોને સવર્ણ સાથે નિશાળમાં બેસાડી હરિજનો પ્રત્યે લોકોને સૂગ ન રાખવા સમજાવવાનું કાર્ય શરૂ કર્યું. તેમણે દારૂબંધીના પ્રચાર માટે તથા હરિજન ઉત્કર્ષના નાટકો લખ્યાં અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાવી ગામે ગામ ભજવવાનું કાર્ય પણ કર્યું.

કવિશ્રી આનંદીએ લોકમાન્ય તિલકની સ્મશાનયાત્રામાં લીધેલ પ્રતિજ્ઞા હવે પૂર્ણ થતી હતી. ભારત આઝાદ થયું હતું. તેમણે પ્રતિજ્ઞા લીધેલી કે- જ્યાં સુધી ભારત આઝાદ નહીં થાય ત્યાં સુધી સીવેલાં કપડાં નહીં પહેરું. હવે એની પૂર્ણાહુતિનો સમય આવ્યો હતો. એ વખતના કલેક્ટર શ્રી વી.શંકરની વિનંતીને માન આપી રૂપાલ મુકામે માતાજીનો હવન કરાવી તેમણે સીવેલાં કપડાં ધારણ કર્યા... કવિશ્રી આનંદીએ સ્વાતંત્ર્ય સંગ્રામના યોદ્ધા તરીકે જીવન વ્યતિત કર્યું, પરંતુ તેમનું એક નાટ્યકાર તરીકે પણ થોડુંક પ્રદાન છે. કવિશ્રીએ કરાંચીમાં પણ નાટક કંપનીમાં કામ કરેલું. જો કે નાટક છૂટી ગયું. પણ કવિનો જીવ નાટ્ય જીવન માટે પણ તલસતો હતો.

આઝાદી માટે આજીવન ભેખ ધારણ કરનાર કવિશ્રી આનંદીનું નામ સ્વાતંત્ર્ય વીર તરીકે કલેક્ટર કચેરીમાં નોંધાયેલું હતું. જાણવા મળે છે કે હવે એ નામ ભૂંસાઈ ગયું છે. જેમણે આઝાદી માટે લોહી રેડયાં... જેલમાં ગયા... લાઠીઓ ખાધી... જીવનને સુખભોગને બદલે કંટકોની કેડીએ ગુજાર્યું તેવા મહાનુભાવોનું ઉચિત સ્મરણ કરવાની કૃતજ્ઞતા પણ હવે આપણામાં રહી નથી...? જો સ્વાતંત્ર્ય વીરની ખાંભીને વાચા ફૂટે તો તેનાથી આમ ચિત્કાર પડાઈ જાય-

'વક્ત ગુરફત પે ખડા થા તો લહૂ
હમને દિયા;
જબ બહાર આઈ તો કહા અબ
તેરા કામ નહીં.'

કવિશ્રી આનંદીએ તા.૩૦/૧૦/૧૯૭૩ ના રોજ પોતાની જીવન લીલા સંકેલી લીધી. - **કનુ આચાર્ય**

કપિલ શર્મા સોની એન્ટરટેઈનમેન્ટ પર "ઓય ફિરંગી" સાથે પરત ફરે છે.

ફોટો : શાંતી શાહ

ધ વેઈટ ઈઝ ઓવર! કપિલ શર્મા પોતાની આગામી ફિલ્મ ફિરંગીના પ્રમોશન માટે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર "ઓય ફિરંગી" નામના એક સ્પેશિઅલ એપિસોડ સાથે પરત આવે છે.કપિલ શર્મા કે જેમની તબિયત અગાઉ નાજૂક હતી, તેઓ હાલ સંપૂર્ણ સ્વસ્થ છે અને તેઓ એ આ સ્પેશિઅલ એપિસોડનું શૂટિંગ જૂની સ્ટાર કાસ્ટ જેમ કે, ભારતી સિંહ, કગકુ શારદા, ચંદન પ્રભાકર અને નવજોત સિંહ સિદ્ધુ સાથે કર્યું.

આખો એપિસોડ ત્યારે મનોરંજક બન્યો જ્યારે, કીકુ શારદા ઉર્ફે બચ્ચા યાદવે ફિરંગીની કાસ્ટને મનોરંજિત કરી અને જ્યારે ભારતીએ પોતાની કોમિક ટાઈમિંગ વડે દરેકને હસવા માટે મજબૂર કરી દીધાં.કપિલ શર્મા કે જે આ એપિસોડને હોસ્ટ કરી રહ્યા હતાં તેઓ એ દરેકને ખાતરી અપાવી કે આ એક મજેદાર એપિસોડ રહ્યો.જૂઓ "ઓય ફિરંગી"નો સ્પેશિઅલ એપિસોડ, ૨૫ નવેમ્બર, ૨૦૧૭, શનિવાર ના રોજ ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર

બ્લૂમબર્ગ ક્વિન્ટ, વોટ્સએપ વ્યવસાય સમાચાર સેવા લોન્ચ કરે છે

ભારતની અગ્રણી વ્યવસાય અને ફાઈનાન્સિયલ ન્યૂઝ કંપની બ્લૂમબર્ગક્વિંટે, નિર્ણય ઉત્પાદકો અને એક્ઝિક્યુટિવ્સ માટે એક વોટ્સસ સેવા શરૂ કરી છે. બિઝનેસ સ્પેસમાં તેની પ્રથમ પ્રકારની ઓફર, સબ્સ્ક્રાઈબર્સને બ્લૂમબર્ગક્વિંટના વૈશ્વિક અને સ્થાનિક બિઝનેસ ન્યૂઝ, માર્કેટ હલનચલન અને દેશના સૌથી પ્રભાવશાળી કોર્પોરેટ લીડરોના મંતવ્યોના વિસ્તૃત દૈનિક કવરેજ સાથે જોડાશે. આ સેવા બ્લૂમબગક્વિન્ટના BQ LIVEના તાજેતરના પ્રક્ષેપણને અનુસરે છે, ભારતની પ્રથમ ડિજિટલ લાઈવ સ્ટ્રીમિંગ વ્યવસાય સમાચાર સેવા, બ્લૂમબર્ગ ટર્મિનલ અને અગ્રણી સામાજિક અને વિડિઓ પ્લેટફોર્મ્સ તેની સાઈટ પર ઉપલબ્ધ છે.વપરાશ અને શેરની વહેંચણી માટે ટોપનાં ચેનલોમાંથી એક તરીકે ઉભરી રહેલા વોટ્સએપ સાથે, બ્લુમબર્ગ ક્વિન્ટે આ સેવાને વપરાશકર્તાઓ સાથે તેના જોડાણમાં વધારો કરવા અને તેના વિતરણ પદચિહ્નને વધારવા માટે શરૂ કરી છે.

ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ સીઝન ૨માં કોચને મળી રહ્યા છે બોલકણાં હુલામણાં નામ

ધ વોઈસ ઈન્ડિયા કિડ્સે ધૂમધડાકાભેર પુનરાગમન કર્યું છે અને સપ્તાહ દર સપ્તાહ ગાયકી પ્રતિભા અપવાદાત્મક બની રહી છે. આવી યુવા પ્રતિભાઓ ઉચ્ચ સંભાવના ધરાવતી હોવાથી કોચ પર બેગણું દબાણ આવી રહ્યું છે, જેઓ યુવા ઊભરતા ગાયકોને મેન્ટર કરવા સાથે કોચ પણ કરતા હોવાથી શો નવી ઊંચાઈએ લઈ જાય છે. કોચ શાન, હિમેશ રેશમિયા, પેપોન અને પલક મુછાલ વચ્ચે સુમેળ? બહુ જ મનોરંજક છે અને ચારેય વચ્ચે ખરેખર બહુ સારાસારી ચાલે છે. તેમની વચ્ચે જોડાણ એટલું મજબૂત બન્યું છે કે તેમણે એકબીજાને હુલામણાં નામ આપી દીધાં છે.

આરંભથી જ ધ વોઈસ ઈન્ડિયાનો હિસ્સો શાનને સ્વીટ શિકારી શાન નામ અપાયું છે. આ પછી યુવા કોચ અને સંગીત ઉદ્યોગની મીઠી રાજકુમારી એવી પલકને તેઓ રાજકુમારી પલક તરીકે સંબોધે છે. આખરે પેપોનના નામ ઉચ્ચારમાં મૂંઝવણ સંડોવાયેલી હોવાથી કોચ તેને પ્યારા પાપી પેપોન તરીકે સંબોધે છે. હિમેશ તો એવો ઉલ્લેખ કરે છે કે પેપોન બાળકો માટે પ્યારા છે, પરંતુ સાથી કોચ માટે પાપી છે, કારણ કે તે સ્પર્ધકોને પોતાની ટીમમાં આકર્ષે છે. આ ઉપરાંત પણ વધુ મજેદાર જાણવા માટે જોતા રહો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ, &TVપર, દર શનિવાર અને રવિવાર!

પોતાની ૫૦મી વર્ષગાંઠે, એકોર હોટેલ્સ એશિયા પેસિફિકમાં તેની ૫૦૦ હોટેલ્સમાં દરરોજના હીરોઝને આવકારે છે

ફોટો : શાંતી શાહ

૧૯ નવેમ્બર, ૨૦૧૭ના રોજ, એકોર હોટેલ્સ દરરોજના હીરોઝ એવા સ્ત્રી-પુરૂષો જેમકે સામાજિક કાર્યકર્તાઓ, સ્વયંસેવકો, ફાયરફાઈટર્સ, નર્સિસ અને શિક્ષકોને આવકારે છે, જેઓ દરરોજ તેમના સમુદાયો માટે કામ કરે છે. તેઓને વિશ્વભરમાં એશિયા પેસિફિકની ૫૦૦ હોટેલ્સ અને ભારતમાંની ૫૩ હોટેલ્સ સહિત દુનિયાભરમાં ૨૦૦૦ એસ્ટાબ્લિશમેન્ટ્સમાં આવકારવામાં આવશે.આ ગ્લોબલ ઈવેન્ટ ગ્રૂપ અને તેના ૨૫૦૦૦૦થી વધુ કર્મચારીઓ માટે સમાજ માટે સેવા આપવા પ્રતિબદ્ધ લોકોનો આભાર માનવા માટેની તક છે ડેમાં તેઓને બ્રેકફાસ્ટ, બાર્બેક, કોન્સર્ટ કે અમારા મહેમાનો તરીકે રાત્રીરોકાણ માટે આવકારવામાં આવશે.ભારતમાં, લન્ચ ઓફ ઓનરનું આયોજન વિવિધ હોટેલ્સમાં તેમના પસંદગીના ઓછા જાણીતા હીરોઝ માટે થશે.નોવોટેલ અમદાવાદ દ્વારા અમદાવાદના ૫૦ ઓછા જાણીતા હીરોઝને સન્માનિત કરાશે કે જેમણે અનેક વર્ષોથી સમાજ માટે પોતાનું યોગદાન આપ્યું છે. ૧૯ નવેમ્બર, રવિવારના રોજ શહેરની કેટલીક જાણીતી હસ્તીઓ ઉપસ્થિત રહેશે. આ ઈવેન્ટમાં આપણા હીરોઝ માટે ડિનરનું આયોજન કરવામાં આવશે.આ હોટેલ સ્ટાફ માટે તેમના એસ્ટાબ્લિશમેન્ટ્સ દર્શાવવાની તક છે જે તેમની આસપાસના લોકોના જીવન સાથે સંકળાયેલ છે તેમને કોઈ રૂમ બૂક કરાવ્યા વિના પ્રવેશ કરી શકવા માટે સ્થાનિક રહેવાસીઓને પ્રોત્સાહિત કરી શકે.

એબીલીટી ઓન વ્હીલ્સ, સૌ પ્રથમવાર વ્હિલચેર ઉપલબ્ધ હોય તેવી ટેક્સી

ફોટો : શાંતી શાહ

અમદાવાદ

ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર હરવા ફરવાની તકલીફ અનુભવતી વ્યક્તિઓ આસાનીથી અને આરામથી પ્રવાસ કરી શકે તેવી આશા ઉભી થઈ છે. હરીશકુમાર અને દેબાંશુ બેનર્જી દ્વારા સ્થપાયેલ એબીલીટી ઓન વ્હીલ્સ દ્વારા શહેરની મેડોરા ટ્રાવેલ સર્વિસીસ સાથે ખાસ મોડીફાઈડ કરાયેલી કાર ભાડેથી ઉપલબ્ધ કરવા વ્યૂહાત્મક કરાર કરવામાં આવ્યો છે. આ પ્રયાસ હાલમાં પાયલોટ તબક્કે છે અને તેનો ઉદ્દેશ પ્રવાસન શક્ય બનાવવા પ્રોત્સાહિત કરવાનો છે અને તે 'એસેસેબલ ઈન્ડિયા' કેમ્પેઈનનો હિસ્સો બની રહેશે. આ પ્રોજેક્ટ ગુજરાત સરકારની 'સ્ટાર્ટઅપ ગુજરાત' યોજના હેઠળ શરૂ કરાયો છે અને તેને આ યોજના હેઠળ સંપૂર્ણ ભંડોળ પૂરૂ પાડવામાં આવશે. એલ જે નોલેજ ફાઉન્ડેશન તેની નોડલ એજન્સી છે. આ યોજનામાં વ્હીલચેરનો ઉપયોગ કરનાર, વૃધ્ધ અને વિવિધ શારીરિક ક્ષતિ ધરાવતા લોકો તથા આર્થરાઈટીસની ભારે અસરને કારણે દર્દ થતાં હેરફેરમાં મુશ્કેલી અનુભવતા લોકોને ધ્યાનમાં રખાયા છે. એબીલીટી ઓન વ્હીલ્સના કન્સેપ્ટ દ્વારા શારીરિક મુશ્કેલી ધરાવતા (PwDs)વ્યક્તિઓને અનોખી મોબિલીટી સર્વિસ અને સોલ્યુશન્સ પૂરાં પાડવામાં આવશે. આ સર્વિસ ફક્ત એપ-કેબ સર્વિસ નથી.૯૪૨૯૬૩૩૮૫૯ નંબર પર ફોન કરીને કાર બુક કરી શકાશે.હરીશ શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિ છે અને લીમ્કા બુક ઓફ રેકર્ડમાં બે રેકર્ડ ધરાવે છે. તે ભારતમાં શારીરિક ક્ષતિ ધરાવતી એવી વ્યક્તિ છે કે જેણે એકલે હાથે ઓલ ઈન્ડિયાનો પ્રવાસ હાથ ધરીને ૨૮ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ડ્રાઈવીંગ કરીને ૧૬,૦૦૦ કી.મી.નું અંતર ૨૯ દિવસમાં પાર કર્યું છે. તેમણે ૧૨૯ કલાકમાં એકલે હાથે ફોર વ્હિલર દ્વારા યાત્રા કરીને ૬,૦૦૦ કી.મી.નો ગોલ્ડન ક્વાડ્રીલેટ્રલનો પ્રવાસ પૂર્ણ કર્યો છે. તેમના વ્યક્તિગત અનુભવને કારણે તેમને પોતાની આશાસ્પદ કોર્પોરેટ કેરિયર છોડવાની પ્રેરણા થઈ હતી અને એબીલીટી ઓન વ્હીલ્સની સ્થાપના કરી હતી. તેમને શ્રી નરેન્દ્ર મોદીનુંસમર્થન પ્રાપ્ત થયું છે.ભારતમાં અંદાજે ૭૦ લાખ લોકો એવા છે કે જે શારીરિક ક્ષતિને કારણે હેરફેરના નિયંત્રણોનો સામનો કરી રહ્યા છે. દર વર્ષે ૧ લાખ લોકોનો આ યાદીમાં ઉમેરો થાય છે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત ગીતા જીવન સંહિતાનો બીજો દિવસ

અવતારવાદ એ ભારતીય સંસ્કૃતિનું વિલક્ષણ પાસું છે. અત્ર-તત્ર-સર્વત્ર વ્યાપ્ત અને સર્વશક્તિમાન એવો ઈશ્વર, શરીર ધારણ કરીને આપણી વચ્ચે આવે એ વિચાર જ કેટલી પ્રસન્નતા આપે છે! પ્રભુની આ કરૂણા અને વાત્સલ્યને જે જાણે એ ભક્ત કૃતજ્ઞતા વ્યક્ત કર્યા વગર રહી શકે ખરો? પ્રભુ માત્ર દુષ્ટોનો સંહાર કરવા માટે અવતાર ધારણ કરવા નથી આવતા પરંતુ સજ્જનોના પુરૂષાર્થનો પ્રતિસાદ આપવા માટે પધારે છે. 'અવ' એટલે 'નીચે' અને 'તૃ' એટલે 'તરવું'. નીચે આવી પોતે તરી બીજા અનેકને તારવા એ અવતારનો હેતુ છે. ધર્મ અને અધર્મ એક ત્રાજવાના બે પલ્લાં સમાન અથવા પ્રકાશ અને અંધકાર સમાન છે. ધર્મ ઘટે ત્યારે અધર્મની વૃદ્ધિ આપોઆપ થાય છે અને ધર્મની વૃદ્ધિ માટે અધર્મનું શમન કરવું જ પડે છે એમ વિશ્વપ્રસિદ્ધ પ્રખર ધર્મોપદેશક પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા યોજાયેલ ગીતા જીવન સંહિતાના બીજા દિવસે જણાવ્યું હતું. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન અને ભારતીય ફિલસૂફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવનારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યતિથિ નિમિત્તે 'ગીતા-જીવન સંહિતા, અસ્તિત્વનો ઉત્સવ – શ્રીકૃષ્ણની સાથે'નું આયોજન કરવામાં આવ્યું છે જે ૨૬ નવેમ્બર, ૨૦૧૭ સુધી ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા પર સાંજે ૪.૦૦થી ૭.૦૦ વચ્ચે યોજાશે. સાત દિવસના આ આધ્યાત્મિક ઉત્સવ દરમિયાન પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા ગીતાના ચોથા અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસ યોગનું ચિંતનાત્મક પ્રવચન કરશે. આ પ્રવચનમાં તેઓ જ્ઞાનપૂર્વક કર્મનો સંન્યાસ કરીને કર્મના દોષ અને બંધનથી છૂટવાના સિદ્ધાંતનું વર્ણન કરશે. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર દ્વારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીને અંજલિ આપવા માટેની આ એક ઉમદા સામાજિક પહેલ છે.

ગુજરાતી ફિલ્મ ગુજરાતી વેડીંગ ઈન ગોવા નું મ્યુઝિક લોંચ કરવામાં આવ્યું

અમદાવાદ

આજે જયારે એક પછી એક ગુજરાતી ફિલ્મો સફળતાના શિખરો સર કરી રહી છે, ત્યારે અવનવા ટાઈટલ વાળી ગુજરાતી ફિલ્મો આવી રહી છે.આવીજ એક ટાઈટલ વાળી ફિલ્મ ગુજરાતી વેડીંગ ઈન ગોવા નું મ્યુઝિક અમદાવાદ ખાતે લોન્ચ કરવામાં આવ્યું હતું.સૌપ્રથમવાર કોઈક ફિલ્મ ના ગીત ને વલર્ડ રેકોર્ડ ઈન્ડિયા માં સ્થાન મળ્યુંછે. કેમ કરીને મનાવુ ગીત જે કીર્તીદન ગઢવી દ્વારા ગવાયું છે તે કુલ ૪ મિનીટ ૫૦ સેકન્ડ સુધી એકજ શોટ માં વગર કોઇ કટ એ શુટ કરવામાં આવ્યું છે ફિલ્મો માં પણ શક્ય થઇ શક્યું નથી.આ ફિલ્મ આજની યુવાપેઢી ના છોકરા અને છોકરીઓ વચ્ચેનું પ્રેમ,ઝઘડા,ગુસ્સો,પાગલપન એવા જીવન ના અનેક પાસાઓ ને સમાવી લેતી સમગ્ર પરિવાર સાથે જોઇ શકાય તેવી એક સુસંસ્કૃત અને આનંદી કોમેડી ફિલ્મ છે.ફિલ્મ નિતીન થન્કી, ઈન્દ્રસિંઘ રાજપુરોહીત અને ગ્રાંડ ફેમીલી ફિલ્મ દ્વારા રાજહીત પ્રોડક્શન ના સહયોગ થી બનાવ્વામાં આવી છે. આ ફિલ્મ માં મુખ્ય ભૂમિકામાં જય, શીવાંગ બ્રહ્મભટ્ટ, ચન્દ્રેશ, ગીત, ગરીમા, નેહલ, જેની, ભાવીની બેન અને ચિંતન(બીગબોસ માં જલ્લાદ ની ભૂમિકા કરેલ છે) છે.ફિલ્મ ના ગીતો માં મન નું ગોકુલ મારુ-પાર્થ ઓઝા અને દર્શના ગાંધી,મલી નજર જો નજર થી- જીગરદન ગઢવી,ચાંદ જેવો ચહેરો- પાર્થ ઓઝા, જીગરદન ગઢવી,જલ્પા દવે,નિકીતા શાહ,મયુરી દેસાઇ અને બેલા પટેલ, બેચલર્સ પાર્ટી- સુરજ ચૌહાણ અને રોની રાજહીત,કેમ કરીને મનાવુ- કીર્તીદન ગઢવી, બર્થડે પાર્ટી થીમ- ચોરુસ,ફટના કપલેટ-નિકીતા શાહ અને અભીતા પટેલ અને ગુજરાતી વેડીંગ ઈન ગોવા થીમ- ચોરુસ દ્વારા આપવામાં આવ્યું છે.ફિલ્મ માં સમીર માના દ્વારા સંગીત આપવામાં આવ્યું છે.

CMYK

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી
અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...

નાસ્તામાં ટ્રાઈ કરો Missi RotiT)

સવારે નાસ્તામાં કેટલાક લોકો પરાઠા ખાવા પસંદ કરે છે. તમે ચાહો તો મિસ્સી રોટી પણ ટ્રાય કરી શકો છો. આ દહીની સાથે ખૂબ ટેસ્ટી લાગે છે. અમે તમને તેની રેસીપી બતાવીશુ..

સામગ્રી - ૧૪૦ ગ્રામ લોટ, ૭૦ ગ્રામ બેસન, ૧૫૦ ગ્રામ ડુંગળી, ૧ ટેબલસ્પૂન ફુદીનો, ૧ ટેબલસ્પૂન ધાણા, ૧ ટીસ્પૂન મીઠુ, ૧/૨ ટી સ્પૂન લાલ મરચુ, ૧/૪ ટી સ્પૂન અજમો, ૧/૨ ટી સ્પૂન જીરુ, ૧ ટેબલસ્પૂન ઘી, ૪૦૦ મિલી. પાણી.

બનાવવાની રીત એક બાઉલમાં લોટ, બેસન, ડુંગળી, ફુદીનો, ધાણા, મીઠુ, લાલ મરચુ, અજમો, જીરુ, ઘી અને પાણી નાખીને સારી રીતે મિક્સ કરો અને ગૂંથી લો. તેને ૧૦ મિનિટ માટે આવુ જ રહેવા દો. - હવે થોડો લોટ લો અને મીડિયમ સાઈઝની બોલની જેમ બનાવી લો અને પછી વણો. ત્યારબાદ તવાને ગરમ કરીને રોટલીને મધ્યમ તાપ પર સેકો. પછી તેને પલટો અને થોડુ ઘી લગાવીને પકવો.- આવી જ રોટલીને બીજી સાઈડથી પકવો.. મિસ્સી રોટલીને સારી રીતે સેકો. - મિસ્સી રોટલી તૈયાર છે. તેના પર બટર લગાવીને સર્વ કરો.

વર્કીંગ વુમનની હેન્ડબેગમાં શું હોવું જોઇએ?

નારી ચેતના

લેડિઝનું હેન્ડ બેગ અલીબાબાની ગુફા જેવું હોવું જોઈએ.તેમાં પણ ખાસ વર્કિંગ વુમનના બેગમાં સૌંદર્ય પ્રદાન કરે તેવી તમામ સામગ્રી હોવી જરૂરી છે. રોજ તમારી જાતને રિફ્રેશ રાખવા તમારી હેન્ડ બેગમાં શું રાખવું જોઈએ તેના ચેકલિસ્ટ ઉપર એક નજર..સુંદરતા ઉપર ફક્ત ગ્લેમર વર્લ્ડની બ્યુટીઝનો જ ઈજારો નથી. સ્કિન અને ડ્રિસંગની રોજ બરોજ કરવામાં આવતી થોડી કેર તમે છો તેના કરતા વધારે સુંદર તમને દેખાવવામાં મદદ કરશે. એવું કહેવાય છે કે લેડિઝનું હેન્ડ બેગ અલીબાબાની ગુફા જેવું હોવું જોઈએ. તેમાં પણ ખાસ વર્કિંગવુમનના બેગમાં સૌંદર્ય પ્રદાન કરે તેવી બધી જ સામગ્રી હોવી જરૂરી છે. ડેઈલી તમારી જાતને રિફ્રેશ રાખવા માટે તમારી હેન્ડબેગમાં શું રાખવું જોઈએ તેના ચેકલિસ્ટ ઉપર એક નજર કરીએ. ચહેરો તમારા વ્યક્તિત્વનું દર્પણ છે. તમારા સારા ખરાબ મૂડની ઝાંખી તેના ઉપરથી થઈ આવે છે ઉપરાંત થાક અને મૌસમની અસર પણ તેના ઉપર એટલી જ ઝીલાય છે.

સવારની તાજગી સાંજ થતા ઓસરવા લાગે છે. ડસ્ટ અને સ્વેટ તમારી સ્કિનને ઝાંખી બનાવી દે છે. આથી તમારી બેગમાં વાઈપિંગ પેડસ હંમેશા રાખવા.ગરમ અને ભેજવાળા મોસમમાં પરફ્યુમ વાળા વાઈપીન પેડનો ઉપયોગ કરવો. જેના ઉપયોગને કારણે સ્કિન ઉપર રહેલા ભેજ અને ડસ્ટ સરળતાથી દૂર થશે અને સ્કિન ફ્રેશ લાગશે.

હેન્ડબેગમાં સૌથી મહત્ત્વની વસ્તુ કોમ્પેક્ટ છે. પાઉડર કોમ્પેક્ટની મદદથી તમે ફેસ ઉપરનું ઓઈલ સરળતાથી દૂર કરી શકશો. સાથે તે ચહેરા ઉપર સ્વેટ થતા અટકાવશે. કોમ્પેક્ટ જેવી જ બીજી મહત્ત્વની વસ્તુ લિપસ્ટિક, લિપસ્ટિક વગર તમારું હેન્ડ બેગ અધુરું છે. દિવસ દરમિયાન લંચ લીધા પછી હોઠને ફરીથી ટચઅપ આપવા માટે લિપસ્ટિક અનીવાર્ય થઈ જાય છે.

તે ઉપરાંત બેગમાં એક નાનો મિરર, હેર બ્રશ, કોમ્બ, નાનો રૂમાલ, પર્ફ્યૂમ અને કાજલ જેવી વસ્તુ રાખવી જરૂરી છે. સાથે જો તમારે ઓફિસ દરમિયાન બહાર તડકાનાં જવાનું થતુ હોય તો સન સ્કિન લોશન રાખવું જોઈએ. જેનાથી તમારી સ્કિનના પ્રોટેકશન મળી રહેશે. આ બધી વસ્તુ તમારી સુંદરતા બરકરાર રાખવાની સાથે તમે તમારી જાત માટે કેટલા સજાગ છો તે પણ વ્યક્ત છે. સૌથી મહત્વની વાત એ છે કે બેગમાં

બીજી પણ ઘણી અગત્યની વસ્તુ હશે, જેવા કે અગત્યના ડોક્યુમેન્ટ, પૈસાનું વોલેટ, લાઈસન્સ , ક્રેડીટ કાર્ડ આ બધી વસ્તુને જ્યારે એક બેગમાં જ મૂકવાની હોય ત્યારે બધુ ઢુટુ ન મુકતા અલગ અલગ પાઉચમાં રાખી ઓર્ગેનાઈઝ કરીને મૂકો. આઈકાર્ડ અને

ચાવીઓ માટે એક અલગ અને સ્પેસિફિક ખાનું જ રાખો જેથી જરૂર પડે તરત હાથમાં આવી જાય. શક્ય હોય તો પર્સની બહારની સાઈડનાં ચેનવાળા ખાનામાં રાખો.

ચાઈલ્ડ કેર : શુ આપનું બાળક નોર્મલ છે

બાળ ઉછેર

દરેક મા-બાપ એવું ઈચ્છે તેમનું બાળક બિલકુલ સ્વસ્થ અને નોર્મલ હોય. અહીં નોર્મલનો અર્થ છે માનસિક અને શારીરિક રૂપે બિલકુલ હૃષ્ટ-પુષ્ટ બાળક. આ અંગેની ચકાસણી કરવા માટે તમારે કેટલાક સંકેતોનું ધ્યાન રાખવું પડશે જેનાથી તમને સરળતાથી માલુમ પડી જશે કે તમારું બાળક નોર્મલ છે કે નથી.

જાણીએ કયા છે તે સંકેતો...

૧. શું તમારા બાળકને રડતું સાભળ્યું? - ડો તમારી નોર્મલ ડિલિવરી થઈ છે તો તમે જન્મતાની સાથે જ તમારા બાળકને ખૂબ રડતા જોશો. બાળક જેવું રડશે કે તેના ધબકારા જાતે જ એ સમયે શરૂ થઈ જશે. જો શિશુ કોઈ શોકને કારણે નહીં રડે તો ડૉક્ટર તેને પીઠ થપથપાવી રડાવશે.

૨. હાથ-પગમાં ૧૦ આંગળીઓ - ઘરની દાદી-નાની હંમેશા બાળક જન્મતા તેના હાથ-પગની આંગળીઓ જુએ છે કે ક્યાંક તે ઓછી કે વધુ તો નથી ને. આના પરથી માલુમ પડે છે કે બાળકમાં કોઈ શારીરિક દોષ છે કે નહીં.

૩. આઈબોલ મૂવમેન્ટ - નવજાત શિશુની આંખોની કીકી યોગ્ય રીતે વિકસિત થયા હોતા નથી માટે થોડા દિવસો સુધી તે આંખો બંધ જ રાખે છે. જ્યારે પણ બાળત પોતાની આંખો ખોલે, તુરંત જ તમારી આંગળીના માધ્યમ દ્વારા તેનું ધ્યાન તમારી આંગળ તરફ ખેંચો. આનાથી તેની કીકી ડાબી-જમણી બાજુએ યોગ્ય રીતે ફરતી રહેશે, આના પરથી માલુમ પડશે કે તમારા બાળકની આંખો સારી છે.

૪. સાંભળવાની ક્ષમતા - જ્યારે પણ તમારું બાળક ઊંડી ઊંઘમાં હોય ત્યારે મોટો અવાજ કરો. આમ કરવાથી તે જાગી જશે અને તમને માલુમ પડશે કે તે નોર્મલ છે.

૫. વજન - આમ તો જન્મના તુરંત બાદ શિશુનું વજન થોડું ઓછું થઈ જાય છે. પણ સામાન્યપણે શરીરમાંથી માત્ર ૧૦ ટકા વજન ઓછું થાય તે જ નોર્મલ ગણાય છે.

૬. ભૂખ્યું બાળક એટલે સ્વસ્થ બાળક - જો તમારું બાળક દૂધ પીવામાં કોઈ આના-કાની નથી કરતું અને મનથી દૂધ પીવે છે તો સમજી લો કે તેને સારી એવી ભૂખ લાગે છે. જો બાળક સારી રીતે ખાય છે, ઊંઘે છે તો તે નોર્મલ છે.

૭. ચહેરાના બનાવટ - જ્યારે શિશુ નોર્મલ ડિલિવરી દ્વારા જન્મે છે તો તેનું માથું થોડું મોટું હોય છે, જે સમય સાથે નોર્મલ થઈ જાય છે. આવું એટલા માટે બને છે કે બાળકને બહુ નાની જગ્યામાંથી માતાના શરીરની બહાર નીકળવાનું હોય છે માટે તેના માથા પર બહુ જોર પડે છે. આ સિવાય તમારે બીજી વિશેષતાઓ જોવી પડશે જેમ કે વળેલું નાક કે લટકેલું મોઢું.

રસથાળ

મોદક

સામગ્રી - ૨૦૦ ગ્રામ મેદો, દળેલી ખાંડ ૨૦૦ગ્રામ, કોપરાનું છીણ ૨૦૦ગ્રામ, ઈલાયચીનો ભૂકો બે ચમચી, કતરેલા કાજુ બદામ અડધો કપ, કિશમિશ અડધો કપ, મોણ માટે એક ચમચો તેલ, તળવા માટે ઘી.

બનાવવાની રીત - સૌ પ્રથમ મેદામાં તેલનુ મોણ નાખીને તેનો રોટલી જેવો લોટ બાંધીને અડધો કલાક માટે મૂકી રાખો. હવે કોપરાના છીણમાં દળેલી ખાંડ, ઈલાયચીનો ભૂકો, કાજુ-બદામ કતરેલા, કિશમિશ વગેરે નાખીને તેને મિક્સ કરો.

અડધો કલાક પછી લોટના એકવીસ લૂઆ કરો. દરેક લૂઆની મધ્યમ આકારની પૂરી વણો. આ પૂરીમાં ખાંડ અને કોપરાનું મિશ્રણ ભરીને તેને મોદકનો આકાર આપો. આ રીતે બધા મોદક તૈયાર કરો. એક કઢાઈમાં ઘી તપાવો. ગેસ ધીમો કરી થોડા થોડા કરીને બધા મોદક તળી લો.

લો તૈયાર છે ગણપતિ બાપ્પાનો પ્રસાદ.

મથુરાના પેંડા.

સામગ્રી માવા- ૨૦૦ ગ્રામ ખાંડ ૩ ચમચી ઈલાયચી પાઉડર- ૧ ચમચી ઘી- ૧ ચમચી દૂધ- ૩ ચમચી પાઉડર શુગર- ૧/૪ કપ

બનાવાની રીત : સૌથી પહેલા એક ગર્મ પેનમાં માવા નાખી ત્યારબાદ હવે ઘી અને ખાંડ નાખી સતત હલાવત અરહો. આ મિશ્રણને સારી રીતે હલાવતા રહો જ્યારે સુધી ખાંડ ઓગળી ન જાય. પછી દૂધ નાખી સતત હલાવો, જેથી મિક્સ નીચે ચોંટી ન જાઉઅ. માવાને આટલું શેકવું કે એ ગોલ્ડન બ્રાઉન થઈ જાય. સાથે જ પેનના કિનાર મૂકવા લાગે. જ્યારે આ મિશ્રણ પેનમાં વચ્ચે એકત્ર થવા લાગે તો તેમાં ઈલાયચી પાઉડર નાખી સારી રીતે મિક્સ કરી લો. હવે આ તૈયાર મિક્સચરને ગૈસથી ઉતારી લો. પ્લેટમાં નાખો. ત્યારબાદ તેને ઠંડં થવા દો. હળવું ગર્મ થતા આ મિક્સચરના પેંડાનું શેપ આપો. આ રીતે પેંડા ને પાઉડર શુગરથી કોટ કરી પિરસો.

ચા સાથે રોલ્ડ પાપડીની મજા માણો

સામગ્રી - મેદો ૨૦૦ ગ્રામ, રવો ૫૦ ગ્રામ, મોણ માટે રિફાઈંડ તેલ ૬૫ ગ્રામ, મીઠુ સ્વાદમુજબ .. લવિંગ જરૂર મુજબ.

બનાવવાની રીત - મેદો-રવો અને મોણ માટેનુ તેલ તેમજ મીઠુ મિક્સ કરી સારી રીતે મસળી લો. જરૂર મુજબ પાણી મિક્સ કરીને કડક લોટ બાંધી લો. કડાહીમાં તળવા માટે તેલ નાખીને ધીમી આંચ પર મુકો. તૈયાર મેદાના નાના નાના લૂઆ બનાવીને પાતળી પાપડી તળી લો. દરેક પાપડીનો રોલ કરીને ત્રણ ત્રણ લવિંગ લગાવી દો. તેલમાં ધીમા તાપ પર રોલ્ડ પાપડી સોનેરી તળી લો. ચટની સાથે અથવા ગરમા ગરમ ચા સાથે સર્વ કરો.

રઘલાનો કોઈ પત્તો નથી

આગ ભીતર ભીતરની રેણુ વિષ્ણુકુમાર બારોટ

આગ ભીતરની-રેણુ વિષ્ણુકુમાર બારોટ

રઘલાનો કોઈ પત્તો નથી

મુખી આમ તો રોજ એમના ક્રમ પ્રમાણે માઢના બારણામાંથી પસાર થતાં નાનકડો રસ્તો વટાવી સામે આવેલા મહાકાલી માતાના મંદિરમાં જતા ત્યારે પુજારી પ્રેમચંદ હસીને કહેતો, 'આઈ ગયા બાપા..?'પણ મુખી એ ભણી ધ્યાન આપતા નહીં,મહાકાલી માતા સમક્ષ હાથ જોડીને ઉભા રહેતા. કયાંક શબ્દો અવાજ સાથે કાઢતા હતા. કયાંક માત્રશેઠ જ ફાડતા કે જગત જનની મારી મા..સૌનું રક્ષણ કરજે. તું જગતને જાણે છે. તને વધારે નથી કહેતો અને પછી માથું નમાવતાં બહાર નીકળવાને જતા કે પૂજારી પ્રેમચંદ આવીને પ્રસાદ આપતો. પણ મુખી માત્ર સહેજ ખાતો..એ જોઈ પૂજારી કયાંક કહી નાખતો.. બાપા આ તો પરસાદ કહેવાય એનાથી રોગ ના વધે.. હોય તોય મટી જાય.. પૂજારી પ્રેમચંદ ડાયાબીટીસની બિમારીને રોગ કહેતો. એક વાર વાત વાતમાં મુખીથી કહેવાઈ ગયું હતું કે મને ડાયાબીટીસ છે અને મારે ઝાઝું ગળ્યું ખાવું ના જોઈએ.. મુખીના આ શબ્દો સાંભળીને પ્રેમચંદે કહેલું, 'બાપા ડાયાબીટીસને રોગ તો થોડો ઘણો બધાયને હોય તેથી કાંઈ ગળ્યું ખાવાનું થોડું બંધ થાય.. આ મનેય એ રોગ છે પણ હું તો તબિયતથી ખાઉં છું..

મુખીને શબ્દો યાદ આવી ગયા પછી નમન કરી નીકળ્યા..પોતાના કાળા બુટ પહેરવા ગયા પણ બુટ પર ધુળ જામેલી જોતાં જ મુખીનું મોં બગડી ગયું.મુખીની એક વિચિત્ર માન્યતા હતી. કદાચ ગામ કરતા ઉંધી, ગામના લોકો કયાંક બહાર જાય તો કપડાં સ્વચ્છ, ધોયેલા પહેરવાનો આગ્રહ રાખતા હતા. જ્યારે મુખીનું માનવું હતું કે કપડાં ગમે તેવા ચાલશે.. શરીર ઢંકાવું જોઈએ પણ બુટ, ચંપલ તો એકદમ ચોખ્ખા જોઈએ.. અને એ માટે પોતાના ઘરના આગળના ભાગમાં આવેલા ગોખલામાં કેટલા બધા સૂટ હતા ?

પત્ની આનંદીએ ઘણીવાર કહેલું આ આટલા બધા ખાસડા ભેગા કરવાનો અર્થ ખરો.? પહેરવા પૂરતા બે ત્રણ જોડી બઉં થયા..

પત્નીના શબ્દો સાંભળી મુખી હસેલા, બબડેલા ગમાર તને નહીં સમજાય..

મુખી પોતાની પત્ની આનંદીને મૂર્ખ ગમાર સમજતા હતા. એમનો ખ્યાલ હતો કે જો અક્કલવાળી હોત તો મારા જૂતાને ચમકાવી ન આપત..

જુની બાબત મન પ્રદેશમાં ઢળી ગઈ..

તડકો નીકળી ગયો હતો અને એ જ્યાં જગ્યા મળી ત્યાં પોતાના અસ્તિત્વની આલબેલ પોકારવા માંડયો હતો. રોજ સવારનો મુખીનો ક્રમ હતો. ગામમાં એક લટાર મારવા નીકળવાનો.. જોકે એ પાછળ એક કારણ પણ હતું ચાલવાનું.. ડાયાબીટીસનો રિપોર્ટ આવ્યા પછી ડૉકટરે સુચવેલું રોજ ચાલવાનું રાખજો.. ચાલવાથી વાંધો નહીં આવે..

ડૉકટરે કહ્યું ત્યારે આનંદી સાથે હતી. એણે વગર પુછે કહેલું રોજ તમતમારે નીકળી પડજો ને.. ઘેર વળી મારે તમારે શું કામ છે ?

ડૉકટરના સુચનમાં આનંદીનો સૂર આડકતરી રીતે ભળેલો. જે સૂર મુખીને ગમ્યો ન હતો. એમનો આત્મા તો કહી ઉઠયો હતો. ખરેખર તો તારે ચાલવાની જરૂર છે.. ખાઈ ખાઈને મમરાના કોથળા જેવી થઈ ગઈ છે.. ચાલીશ તો શરીર ઉતરશે.. અને શરીર ઉતરશે તો પાતળી થઈશ અને તું પાતળી થઈશ એટલે..

મુખીને રસ્તે ચાલતા પોતાનામાં રહેલો એક પુરૂષ યાદ કરી બેઠા. મંદિરથી આગળ નીકળી દરવાજા તરફના રસ્તે વળ્યા. ત્યાં પાસે જ શાકબજાર હતું. એને ભરાવાનો સમય થયો હતો. શરૂઆતમાં એ જ્યારે પરણ્યા હતા ત્યારે આનંદી એમની પાસે ખાંડ મંગાવતી પણ પછી મુખી પદ આવતા એ જવાબદારી મુકી દીધી હતી.હવે એ શાકબજાર પાસેથી પસાર થઈ ગયા. આગળ વધ્યા.. ફુટપાથ પર રઘલો મોચી.. લાઈટના થાંભલા નીચે છત્રી તળે બેસતો એ આવી ગયો હતો. લાકડાના ખોખા પર ડબલું હતું અને ડબલા પર ચાર પાંચ સળગતી અગરબત્તીઓ ધુમાડો છોડતી હતી.. રઘલો એ આમ તો મોચી ન હતો, ધોબી હતો.. પણ ધોબીનો ધંધો ફાવ્યો નહીં.. અને મોચી બન્યો.. એમાં ફાવટ હતી.. રાત પડે મારા ભૈ ઘરખર્ચ જોગ પૈસા મળી રહેતા..

એ રામ રામ બાપા.. રઘલાએ જયાં બેઠો હતો ત્યાં આગળથી માથું ઉંચુ કરતાં કહ્યું, બાપાની નજર એ તરફ ગઈ, પીળી સાડીમાં બીજા ખોખા પર રઘલાની પત્ની સોમીને સામે.. ઘણાને ચા પીવાની ઘણાને બીડી પીવાની.. તો ઘણાને પારકી સ્ત્રીઓ પીવી પસંદ નહીં અતિ પસંદ હતી..

મુખી ઉભા રહ્યા.. પીળી સાડી અને હાથમાં લાલ લીલી બંગડીઓ, રંગેલા નખ અને સરસ રીતે ઓળેલા વાળ ચહેરા પર ખસી આવેલી વાળની લટ અને આનંદી..

મુખીને આનંદી એક યા બીજી રીતે ગમતી ન હતી છતાં ઈચ્છા અનિચ્છાએ પતિ ધર્મ અદા કરતા હતા. જ્યારે આનંદી પત્ની ધર્મ અદા કરવાનો સો ટકા ધરાવતી હતી.

સામે સોમી હતી અને યાદ આનંદીની હતી. આનંદીનું શરીર આખું મમરાના કોથળા જેવું હતું, ભારે હાથ.. ભારે મોં.. જાડા હોઠ.. ઉંદરડી જેવા વાળ.. બેઠી હોય તો ઉભા થવાની તકલીફ અને ઉભી હોય તો બેસવાની તકલીફ..એમાંય એણે વર્ષોના વહાણા વીતવા છતાંય સંતાન ન આપતાં નજરોમાંથી ઉતરી ગઈ હતી.

સોમી એ દિવસે થેલીમાં ચમકાવેલા બુટ આપવા આવેલી.. સવારની પહોર હતી ત્યારે આનંદીએ એને ચાની રકાબી પીવા આપી ત્યારે આનંદીએ એ ઉભડક પગે બેઠેલી.. એની રૂપાળી કમરને મુખી જાળીમાંથી જોઈ રહેલા આ..હા..હા. શું કમર છે

અનુસંધાન પાના નં.૬ ઉપર

પિતા પુત્રના સંબંધની ઘણી જાણીતી અને થોડીક અજાણી વાતોનો રસથાળ

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

પિતા અને પુત્ર વચ્ચેના સંબંધની અનેક કથાઓ આપણા પ્રાચીન સાહિત્યમાં મળે છે. પિતાના વચન ખાતર ચૌદ વર્ષનો વનવાસ વહેનાર શ્રીરામ જેવા અવતારી પુરૂષો પણ છે. અને પિતાના અહંકાર સામે બંડ પોકારનાર ભક્ત પ્રહલાદ જેવો પુત્રો પણ છે.

ઈશુ ખ્રિસ્તે કહ્યું છે કે,'ઈશ્વર મારા પિતા છે અને હું તેમનો પુત્ર છું.' આ વિધાન ઘણું બધુ સૂચવી જાય છે પિતા પુત્રરૂપે પુનર્જન્મ પામે છે.

પિતાની આજ્ઞાથી પરશુરામ પોતાનાં માતા રેણુકાનો વધ કરે છે. તેમને પિતાના સામર્થ્યમાં પૂર્ણ વિશ્વાસ છે. પિતા જમદગ્નિ પરશુરામને વચન માંગવાનું કહે છે. ત્યારે પરશુરામ તેમનાં માતાને જીવંત કરવાનું અને માતા આ વધની ઘટનાને ભૂલી જાય. એવી માંગણી કરે છે. કાર્તવીર્ય અર્જુનના સૈન્યે જેમનો વધ કર્યો હતો. તેવા પિતા જમદગ્નિને પરશુરામ ખુદ જીવંત કરે છે.આવાં વિવિધ ચમત્કારીક કથાનકોમાં સૂચિત ચમત્કારો પ્રશ્ચાત ગૂઢ રહસ્યો છુપાયેલા છે. અહીં શબ્દાર્થનું નહિ પરંતુ હેત્વાર્થોનું વિશેષ મહત્ત્વ છે.

હે,વત્સ!' પુસ્તકમાંથી પસાર થતાં ૫૪ જેટલી આવી વાતો સૃષ્ટિના આરંભથી મહાભારત કાળ સુધીના ચોપન્ન પાત્રોને પિતૃભક્ત તરીકે રજૂ કરે છે. પૌરાણિક વાઙ્મયમાં વર્ણવેલા આ પાત્રોમાં ચમત્કૃતિ અને અતિશયોક્તિનાં પણ ઘણી જગ્યાએ દર્શન થાય છે. આવા કથાનોકના ગર્ભમાં મહાન સિદ્ધાંતો છુપાયેલાં છે જે તેમની સતત મનન અને ચિંતન દ્વારા સાધકની કક્ષા અનુસાર તેના ધ્યાનમાં આવતાં જાય છે. જો કે એક વિહંગાલોકન માત્ર છે. અહીં બ્રહ્માથી શરૂ કરી સનકાદિ કુમારો, નારદ, સ્વાયંભુવ, મનુ, હર્દમ, દક્ષ, રૂત્ર, મરીચિ, વશિષ્ઠ, અત્રિ, અંગિરા, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, ભૃગુ, અગત્સ્ય, પુરુરવા, વૃતાસુર, માંધાતા, રોહિત, અંશુમાન, દિલીપ અને ભગીરથ તેમજ જલંધર, માર્કેડેય, પરશુરામ, અષ્ટાવક્ર, યવક્રીત, ભીષ્મ, કૃપાચાર્ય, ધૃષ્ટદ્યુમ્ન, ઘટોત્કચ, શુકદેવ, અભિમન્યુ, જન્મેજય, જરત્કારુની પિતૃભક્તિની વાતો આપણને જાણવા મળે છે. આ પુસ્તકમાં જે પિતૃભક્તોનો ઉલ્લેખ છે તેઓ તેમના ભૌતિક પિતા બંનેની ભક્તિમાં પાર ઉતરેલા છે. તેઓ ઈશ્વરને પામ્યા છે. આ પુસ્તકોના લેખકો આમ તો સંપાદકો જ કહેવાય તેમણે પાત્રોના નિરૂપણમાં બુદ્ધિ અને વાણીની તેમની મર્યાદાને પણ સ્વીકારી છે. આ અંગે તેમને જે કંઈ સુઝ્યું કે સમજી શક્યા તદ્ અનુસાર તેને શબ્દ દેહ આપ્યો છે.

માતા, પિતા, ગુરૂ અને અતિથિને દેવ સમાન ગણાવામાં આવ્યા છે. માતા અને માતૃભૂમિને સ્વર્ગથી પણ વિશેષ માનવામાં આવેલ છે. જન્મદાતા માતાનુંમ મહત્ત્વ સર્વોચ્ચ છે.

અનુસંધાન પાના નં.૬ પર

ક્યારે ફળ ખાવાથી કેટલી કેલરી મળશે ?

નારી

આપણા ત્યાં રાતે જમ્યા પછી તડબૂચ,કેરી અથવા ટેટી જેવા ફળ ખાવાનું ચલણ છે. પરંતુ ફળહંમેશાં ભૂખ્યા પેટે ખાવાં જોઈએ, જમ્યા પછી નહીં. દાખલા તરીકે તમે બ્રેડની બે બેસ્લાઈસ ખાધા પછી જો ફળ ખાઓ તો સામાન્ય રીતે જ ફળ હોજરીમાંથી આંતરડા સુધી સીધુ જ પહોંચી જાય છે તેને બ્રેડ અટકાવી દે છે.ફ્રૂટ, બેડ અને પાચનરસ ભેગાં થવાથી ખોરાકનો સમૂહ છૂટો પડી જાય છે. તેના કારણે શરીરમાં રહેલા ખોરાકના સમૂહ છૂટો પડી જાય છે. તેના કારણે શરીરમાં રહેલા ખોરાકના આ સમૂહમાં આથો આવી જાય છે અને પરિણામે એસિડિટી થાય છે. ખાલી પેટે ફળ ખાવાથી સફેદવાળ, ટાલ, આંખ નીચેના કુંડાળા થતાં અટકે છે.

જેમને ફળનો જ્યુસ ભાવતો હોય તેમણે ડબ્બાના જ્યૂસથી દૂર રહેવું જોઈએ. ડેઝર્ટ કે પુડિંગમાં ફળ ભાવતા હોય ત્યારે પણ યાદ રાખો કે ફળ રંધવાના કારણે તેમાંથી પૌષ્ટિક તત્વો દૂર થાય છે. તે સંવાદિષ્ટ લાગે છે, પણ તેમાં રહેલા વિટામિન્સનો નાશ થાય છે.

કુત્રિમ ગળપણનો ઉપયોગ કરવાનું ટાળો. તેમાં રહેલા આસ્પાર્ટેમથી આડઅસરો થાય છે.

ફળનો રસ પીવાના બદલે આખા ફળ ખાવ. એક ગ્લાસ નારંગીના રસ કરતાં ત્રણ નારંગી ખાવાથી વધારે ફાઈબર મળે છે.

રિફાઈન્ડ ખોરાકથી બને તેટલા દૂર રહેવું. ખોરાકને રિફાઈન્ડ કરવા માટે વધારે પ્રોસેસ કરવામાં આવે છે. તેથી તેમાં રહેલા મૂળ પોષક ઘટકો તેમજ ફાઈબરનો નાશ થતો હોય છે.

કૃત્રિમ ગળપણનો ઉપયોગ કરવાનું ટાળો. કારણ કે તેમાં રહેલા આસ્પાર્ટેમ નામના તત્ત્વથી ઘણી આડઅસરો થાય છે. એક સંશોધન પ્રમાણે કૃત્રિમ ગળપણ લેવાથી ગળ્યું ખાવાથી તીવ્ર ઈચ્છા જાગે છે. સહુથી સારો ઉપાય છે- જ્યાં શક્ય હોય ત્યાં ફળોનો ઉપયોગ કરો,કારણ કે ફ્રૂટમાં રહેલું ફાઈબર શરીરમાં ખાંડને ભેળવવાની પ્રક્રિયા ધીમી પાડી દે છે.

ખાખરા કે ટોસ્ટના બદલે રોટલી કે બ્રેડ ખાવાં જોઈએ. ખાખરા અને ટોસ્ટ એ રોટલી અને બ્રેડના..છે. તેમનું વજન ઓછું હોવાથી તે વધારે પ્રમાણમાં ખવાઈ જવાય છે, સરવાળે શરીરમાં વધારે કેલરી ઠલવાય છે.

ઘઉંની રોટલીના લોટમાં તેલનું મોણ ન નાખ્યું હોય અને રોટલી પર ઘી ચોપડ્યું ન હોય ત્યારે એક રોટલીમાં આશરે ૮૦ કેલરી હોય છે અને ૩ ગ્રામ પ્રોટીન, ૧૮ ગ્રામ કાર્બોદિત ઘટક અને ૦.૫ ગ્રામ ચરબીનો સમાવેશ થાય છે.

કુ.અંજના સોનકર

બેદાગ ત્વચા અને લાંબા+સ્વસ્થ વાળ માટે, વિનેગરના છે અઢળક ફાયદા

રૂપના રખોપા

૧) ડેમેજ હેરને કરે છે રિપેર અને ડેન્ડ્રફને દૂર કરે છે.

તેની એન્ટી-ફંગલ પ્રોપર્ટીઝ ડેમેજ વાળને રિપેર કરવાની સાથે સાથે ડેન્ડ્રફની પરેશાની ખતમ કરે છે.

કેવી રીતે કરશો ઉપયોગ: અડધો કપ એપ્પલ સિડર સિરકામાં એક કપ પાણી મેળવો. શેમ્પુ કર્યા બાદ પહેલાં આ સોલ્યુશનથી તમારાં વાળ ધૂઓ અને પચી નોર્મલ પાણીથી ધોઇ લો.

૨) એસિડિક પ્રોપર્ટીઝને કારણે તે ખુલ્લા પોર્સને ઘટાડવાની સાથે સાથે ડ્રાય સ્કિનની સમસ્યામાં ઘટાડો કરે છે.

કેવી રીતે કરશો ઉપયોગ: તમારાં બોડી લોશન અને હેન્ડ ક્રિમમાં તેને મેળવો અને દરરોજ લગાવો

૩) નેચરલ ટોનર તરીકે ઓઈલી સ્કિન પર એપ્પલ સાઈડર સિરકા એસ્ટ્રિજન્ટની માફક કામ કરે છે અને ઁર લેવલ બેલેન્સ કરવામાં મદદ કરે છે.

કેવી રીતે કરશો ઉપયોગ: સમાન માત્રામાં એપ્પલ સાઈડર સિરકા અને પાણી મેળવો. હવે તેને ટોનરની માફક દરરોજના મોઈશ્ચરાઈઝિંગ રૂટિન પહેલાં ઉપયોગ કરો.

૪) ડેડ સ્કિનને કરો દૂર એપ્પલ સાઈડર વિનેગરમાં મોજૂદ નેચરલ અલ્ફા-હાઈડ્રોક્સી એસિડ એક્સફૉલિએન્ટની માફક કામ કરતાં ડેડ સ્કિન સેલ્સને હટાવવામાં મદદ કરે છે, જેનાથી તમને હેલ્થી અને ગ્લોઈંગ સ્કિન મળે છે.

કેવી રીતે કરશો ઉપયોગ: ૧ ચમચી અનફિલ્ટર્ડ એપ્પલ સાઈડર વિનેગરમાં ૧ ચમચી એપ્પલ સોસ મેળવો. હવે તેને તમારાં ચહેરા પર લગાવો અને ૧૦ મિનિટ બાદ ચહેરો ધોઈ લો.

૫) તેની એન્ટી-ઈન્ફ્લેમેન્ટરી પ્રોપર્ટીઝ જ્યાં સ્કિનની અંદર થતી બળતરાંને ખતમ કરી દે છે, ત્યાં એસિડિક ૐ ઈનગ્રોન હેર (સ્કિન પર નિકળતા નાના વાળ જે કોઈ કારણોસરસ સ્કિનની અંદર રહી જાય છે અને દાણાંની માફક દેખાય છે) તેની પરેશાની ખતમ કરવા માટે ફાયદાકારક છે. રેઝરના કટ્સ અને બળતરાં પણ તે ફાયદાકારક છે.

૬) પગની દુર્ગંધથી છૂટકારો

પગની દૂર્ગંધ દરેક પુરૂષની સૌથી મોટી પરેશાની હોય છે. એપ્પલ સાઈડર વિનેગર તેમાંથી છૂટકારો અપાવવામાં મદદ કરે છે.

અનુસંધાન પાના નં.૬ પર

CMYK

હવે ચેકબુક...

અનુસંધાન ૨ નુ ચાલુ..

કન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અને માસ્ટર કાર્ડ મળીને આ આ કાર્યક્રમને ચલાવી રહ્યા છે. આનો ઉદ્દેશ્ય કારોબારીઓને ડિજિટલ લેવડદેવડના તરીકા બતાવવાની સાથે સાથે કેશલેસ અર્થતંત્રને પ્રોત્સાહન આપવાનું પણ છે. તેમણે કહ્યું હતું કે, સરકાર કરન્સ નોટના પ્રિંટિંગ પર ૨૫ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરે છે. નોટોની સુરક્ષા અને જાળવણી પર ૬૦૦૦ કરોડ ખર્ચ કરે છે. બીજી બાજુ બેંક ડેબિટ કાર્ડ પેમેન્ટ માટે એક ટકા અને ક્રેડિટ કાર્ડ માટે બે ટકા ચાર્જ કરે છે. સરકાર આ પ્રક્રિયામાં ફેરફાર કરીને બેંકોને સીધીરીતે સબસિડી પહોંચાડવા માટે તૈયાર છે. આના કારણે ચાર્જને દૂર કરવામાં આવી શકે છે. ચેકબુક પર પ્રતિબંધ મુકવાને લઇને કેશલેસ અર્થતંત્રની દિશામાં ફાયદો પહોંચાડવાના પ્રયાસ થઇ શકે છે. મોટાભાગની વેપારી લેવડદેવડ ચેક મારફતે થાય છે.

વર્ષ ૨૦૧૮થી...

અનુસંધાન ૨ નુ ચાલુ..

જ્યારે સાતની તીવ્રતાના ધરતીકંપ આવી ચુક્યા છે. આ વખતે ભૂકંપના સંબંધની બાબત પૃથ્વીના પરિભ્રમણ સાથે જોડવામાં આવી રહી છે. જો કે કેટલીક વકથ નાના દિવસો હોવાના કારણે તેમાં ઘટાડો જોવા મળે છે. આ વૈજ્ઞાનિકોના કહેવા મુજબ પૃથ્વીના કિનારામાં થનાર નાના ફેરફાર પણ ભૂકંપ સાથે જોડાયેલા હોઇ શકે છે. યુનિવર્સિટી ઓફ કોલોરાડોના રોજર બિલ્હમ અને યુનિવર્સિટી ઓફ મોટાનાની રેબેકા બેન્ડિક દ્વારા રિસર્ચની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિયોલોજિકલ સોસાયટી ઓફ અમેરિકાને પૂર્ણ માહિતી મોકલી દેવામાં આવી છે. વૈજ્ઞાનિકોએ કહ્યુ છે કે પૃથ્વીના પરિભ્રમણની ગતિમાં ઘટાડો થવાના કારણે અંડરગ્રાઉન્ડ એનર્જીને બહાર આવવામાં મદદ મળશે. ઇરાન-ઇરાક સરહદ પર હાલમાં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપમાં ૫૩૦થી વધુ લોકોના મોત થયા હતા. હજારો લોકો ઘાયલ થયા હતા. આ વર્ષના સૌથી વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો વધીને ૫૩૦થી પણ ઉપર પહોંચી ગયો હતો. વર્ષ ૨૦૧૭ના સૌથી વિનાશકારી ધરતીકંપ તરીકે આને ગણાવવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિક સમુદાયમાં અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ધરતીકંપના કારણે અભૂતપૂર્વ નુકસાન થયુ હતું. હજારો ઈમારતો અને મકાનો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઇ ગયા હતા. મોટી સંખ્યામાં લોકો હજુ પણ જાહેર રસ્તામાં અને ખુલ્લામાં છે. ઘાયલોની સંખ્યા ૭૫૦૦ થી વધારે આંકવામાં આવી હતી. ઇરાન અને ઇરાક બન્ને દેશોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી હતી. ત્યારબાદ અરૂણાચલ પ્રદેશમાં સરહદ પર પ્રચંડ આંચકો આવ્યો હતો. ૧૮મી નવેમ્બરે આ પ્રચંડ આંચકો આવ્યો હતો. અરૂણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર ગયા શનિવારે વહેલી પરોઢે ભૂકંપનો પ્રચંડ આંચકો આવ્યો હતો. આસામ, નાગાલેન્ડ અને ત્રિપુર, રાજસ્થાના જેવા ભારતીય રાજ્યોમાં પ્રચંડ આંચકાનો અનુભવ થયો હતો.

પદ્માવતી ફિલ્મ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેમાં જણાવ્યું હતુ કે, પદ્માવતી ફિલ્મમાં રાણીના ઇતિહાસથી વિપરીત દ્રશયો બતાવવામાં આવ્યા છે. તેના વિરોધમાં પંજાબ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશમાં ફિલ્મ ઉપર રોક લગાવવામાં આવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ આ ફિલ્મ રિલીઝ ન કરવામાં આવે તેવી માંગણી છે. આ કાર્યક્રમમાં જસવંતસિંહ વાઘેલા, પ્રવિણજી ઠાકોર, દિપકભાઇ પટેલ, રજનીશભાઇ બાફના, કાન્તિભાઇ પુરોહિત, ભરતસિંહ સોલંકી, ગુણવંતસિંહ રાજપૂત, કાન્તિભાઇ પુરોહિત, પ્રકાશભાઇ ચૌહાણ, કમલેશભાઇ મહેતા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત જિલ્લાની...

અનુસંધાન ૩ નુ ચાલુ..

૧૬૩-લિંબાયતમાંથી અપક્ષ તરીકે સૈયદ મહેમુદ અહમદ, શેખ ઝાકીરભાઈ રઉફભાઈ, શેખ શાકિર શરીફ, શેખ સાબિર નસીરભાઈ, પઠાણ સમીરખાન અફઝલખાન, શેખ મોહસીન અલાઉદ્દીન, જૈન રાજેન્દ્રકુમાર અનીલકુમાર, કુરેશી ઈકબાલ એહમદ હાજીરઈસ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે સોશ્યાલિસ્ટ યુનિટ સેન્ટર ઓફ ઈન્ડીયામાંથી શ્રી સિંગ સત્યેન્દ્રસિંહ મદનસિંહે બે ફોર્મ તથા સ્વતંત્ર ભારત સત્યાગ્રહ પાર્ટીમાંથી શેખ હમીદ રમજાને ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૪- ઉધનામાંથી અપક્ષ તરીકે ચૌહાણ ફતેહલાલ માંગીલાલે બે ફોર્મ, સ્વતંત્ર ભારત સત્યાગ્રહ પાર્ટીમાંથી સિંહ મહેશ સમરબહાદુરે ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૫-મજુરા બેઠક પરથી અપક્ષ તરીકે લતાબેન અશોકકુમાર દ્રીવેદી, સ્વતંત્ર ભારત સત્યાગ્રહ પાર્ટીમાંથી શર્મા રાજમલ મોહનલાલે ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૬-કતારગામમાંથી દિનેશભાઈ જીકાદરા, અલ્પેશભાઈ ઈટાલીયા, જયકુમાર પટેલે અપક્ષ તરીકે જ્યારે આમ આદમી પાર્ટી તરફથી આંબલીયા ભીખાભાઈ, ભારતીય બહુજન કોગ્રેસમાંથી શેખ રોશનાઆરા અલ્તાકે ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૭- સુરત પશ્ચિમ અપક્ષ તરીકે રાજેશભાઈ ચૌહાણ તથા દિલીપકુમાર પારેખ ફોર્મ ભર્યા હતા. જ્યારે ભારતીય જનતા પાર્ટીમાંથી પ્રવિણભાઈ મગનભાઈ પટેલ તથા પૂર્ણેશભાઈ ઈશ્વરલાલ મોદીએ ઉમેદવારી નોંધાવી હતી. યુવા સરકારમાંથી શૈલેષકુમાર પટેલે ફોર્મ ભર્યું હતું.

૧૬૮- ચોર્યાસીમાંથી બહુજન સમાજ પાર્ટીમાંથી રાજભર રામસિંગ ગણેશ, શિવસેનામાંથી રાજપુત અરવિંદ ઉત્તમસિંગ, સ્વતંત્ર ભારત સત્યાગ્રહ પાર્ટીમાંથી શર્મા રાજમલ મોહનલાલ તેમજ અપક્ષ તરીકે મલેક ઈબ્રાહિમ ઈસ્માઈલ, કાઝિ મો.રફીક જુમ્મા, ભુપેન્દ્ર રમાકાંત સોનાવણે ઉમેદવારી નોંધાવી હતી.

૧૬૯-બારડોલીમાંથી ભારતીય જનતા પાર્ટી તરફથી પરમાર ઈશ્વરભાઈ રમણભાઈએ બે ફોર્મ તથા અપક્ષ તરીકે માહ્યાવંશી નટવરભાઈ ડાહ્યાભાઈ ઉમેદવારી નોંધાવી હતી.

૧૭૦- મહુવા બેઠકમાંથી કોઈ ફોર્મ ભરાયું ન હતું.

ડીસાના ભોયણ...

પાના નં.૮ ચાલુ

મળી આવ્યા હતા. બનાવના પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે આ મામલે રેલવે પોલીસે શહેરના રૂરલ પોલીસ મથકે જાણ કરતા રૂરલ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. બે પુત્રી અને એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો બાદમાં મૃતકની લાશને પી.એમ અર્થે ડીસા સિવિલમાં ખસેડી પોલીસે મૃતકના મોત પાછળનું કયું કારણ છે તેની શોધખોળ હાથ ધરી હતી.

ભાજપે ગુજરાતને...

પાના નં.૧ ચાલુ

ખપ્પરમાં હોમવું છે, અસ્થિરતામાં ધકેલવું છે, અશાંતિમાં ધકેલવું છે, ખામથિયરી આધારિત બનાવવું છે, કર્ફ્યુગ્રસ્ત કરવું છે, તેનો નિર્ણાયક ફેંસલો કરવાની ગુજરાતમાં ચૂંટણી દ્વારા તક મળી છે. ભાજપ ગુજરાતના વિકાસનો રથ લઇને નિકળી છે જ્યારે કોંગ્રેસ વિકાસ વિરોધનું વલણ લઇને નિકળી છે. આ ચૂંટણી જાતિવાદ સામે વિકાસવાદ અને વંશવાદ સામે વિકાસવાદનો સંઘર્ષ છે. ભાવનગરની રાષ્ટ્રપ્રેમી જનતાને સંબોધતા તેઓએ જણાવ્યું હતું કે, ભાવનગરનો જબવા એ આખાયે ગુજરાતનો જવાબ છે. ભાવનગરના સૌ પ્રજાજનોને હું વંદન કરી અભિનંદન આપું છું. ગુજરાતમાં ભાજપની સ્થિર સરકારના પરિણામે ૨૪ કલાક વિજળી થકી અંધારા દૂર કર્યા છે, ટેન્કરમુક્ત ગુજરાત કર્યું છે, કર્ફ્યુમુક્ત ગુજરાત કર્યું છે, ગુંડાઓ અને મવાલીઓ મુક્ત ગુજરાત નિર્માણ કર્યું છે. કોંગ્રેસના ૧૦ વર્ષના સોનિયા-મનમોહનના શાસનમાં ગુજરાતને સતત અન્યાય અને અપમાનનો સામનો કરવો પડ્યો છે. કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને ગુજરાતની જનતાને જવાબ આપવા માટે પડકાર ફેંકતા તેઓએ જણાવ્યું હતું કે, સરદાર પટેલને સતત અન્યાય કેમ કર્યો, ભારતરત્ન કેમ ન આપ્યો, સંસદ ભવનમાં તેમનું તૈલચિત્ર કેમ ન મુક્યું, સરદાર સરોવર નર્મદા બંધના કાર્યોમાં અવરોધ કેમ કર્યા, ગુજરાતની ધરતી ને તરસી કેમ રાખી, ગુજરાતના પ્રજાજનોને પાણીથી વંચિત કેમ રાખ્યા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વાળી ભાજપ સરકારના પરિણામે ગુજરાતના કોંગ્રેસ દ્વારા હંમેશા અન્યા કરવામાં આવતા મુદ્દાઓનો ઉકેલ આવ્યો છે અને વિકાસના અનેક નવા સોપાનો ગુજરાતની ધરતી પર ભેટ મળ્યા છે તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ઘોઘાથી દહેજ રો-રો ફેરી સર્વિસ એ પરિવહનના ક્ષેત્રે ગુજરાતનું નજરાણુ બની છે. અમદાવાદથી મુંબઈ બુલેટ ટ્રેન એ વિકાસનું પ્રતિક બની છે. રાજકોટ ખાતે એરપોર્ટના નિર્માણનું ખાતમુહુર્ત થયું છે. ક્રૂડ રોયલ્ટી વધી છે. નાણાપંચ દ્વારા આપવામાં આવતા નાણાનો હિસ્સો વધ્યો છે. ગુજરાત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે અને કેન્દ્ર તેમાં અનેક માર્ગે સહયોગી બન્યું છે તે ગુજરાત માટે ગૌરવની બાબત છે. તેઓએ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને ગુજરાત આવી ગુજરાતને બદનામ કરવાનું બંધ કરવા, ગુજરાતને પર્યટન સેન્ટર ન ગણવા અને ગુજરાતની મુલાકાતે આવે ત્યારે ગુજરાતના પ્રશ્નોના જવાબ આપવાની તૈયારી સાથે આવવાની અપીલ કરી છે. પી ચિદમ્બરમ કાશ્મીરને આઝાદી આપવાની વાત કરી દેશની એકતા અને અખંડિતતા સામે પ્રશ્નાર્થ કરે છે તેનો પણ જવાબ કોંગ્રેસના રાહુલ ગાંધીએ આપવો જોઈએ. શશી થરુર અને ચિદમ્બરમ રોહીંગિયા ઘુષણખોરોને દેશમાં સ્થાન આપવાની વાત કરે છે અને દેશની સુરક્ષા સાથે સંકળાયેલી બાબતને સાહજીક લે છે ત્યારે રોહિગ્યા મુસલમાનોના મુદ્દે કોંગ્રેસનું શું વલણ છે.

અમિત શાહે ભાવનગર ગુલિસ્તા મેદાન ખાતેથી ભાવનગર અને સમગ્ર ગુજરાતની જનતા જનાર્દનને ભાજપને પુનઃ સત્તા સોંપવાના આશીર્વાદ આપી અને ૧૫૦ પ્લસ બેઠકો સાથે વિજયી બનાવી દિવ્ય ગુજરાત અને ભવ્ય ભારત બનાવવા સહયોગી થવા અપીલ કરી હતી અને ગુજરાતનું ગૌરવ વધારવા આહવાન કર્યું હતું.

કોંગ્રેસની બીજી ..

પાના નં.૧ ચાલુ

દક્ષિણ અશોક લાલ (નવા ઉમેદવાર), દ્વારકા મહેરામણ ભાઇ મોરીયા (વર્તમાન સભ્ય), જામ ખંભાળીયા વિક્રમ માંડમ (ભૂતપૂર્વ સંસદસભ્ય ભૂતપૂર્વ ધારાસભ્ય) આ નવ ઉમેદવારો ઉપરાંત ડેડીયાપાડા અને ઝઘડીયામાંથી જનતાદળ યુના બે સભ્યો મહેશભાઇ વસાવા અને છોટુભાઇ વસાવાએ ઉમેદવારીપત્રકો ભર્યા છે છોટુભાઇ વસાવા ઝઘડીયામાંથી ચુંટાઇ આવ્યા પછી તેમના પુત્ર મહેશભાઇ વસાવો ડેડીયામાં ઉમેદવારી નોંધાવી છે. ગવે સુરત જિલ્લાના માગરોલના ઉમેદવારની જાહેરાત કરવાની બાકી રહે છે. કોંગ્રેસના અગાઉ ૭૭ ઉમેદવારો અને તેની બેઠકોના નામ જાહેર કર્યા હતાં તેમાંથી ચાર બેઠકોના ઉમેદવારો બદલામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે. વરાછા રોડ સુરત વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી પ્રવીણભાઇ તોગડીયાના ભાઇ પ્રફુલ્લભાઇ તોગડીયાના બદલે ભૂતપૂર્વ ધારાસભ્ય ધીરૂભાઇ ગજેરા, કામરેજ બેઠકના ઉમેદવાર નિલેશ કુંભાણીના સ્થાને અશોક ઝીરાવાલા જુનાગઢ બેઠક પર અમિતક ઠુમ્મરને સ્થાને ભીખુભાઇ જોશીને ભરૂચ બેઠક પરર કિરણભાઇ ઠાકોરના સ્થાને જયેશ પટેલને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

વિધાનસભા ચૂંટણી...

પાના નં.૮ ચાલુ

માટે ખર્ચ નિરીક્ષક તરીકે સંતોષકુમાર મોહન્તીની નિમણુંક કરવામાં આવી છે. તેઓના રોકાણનું સ્થળ વિશ્રામગૃહ (પંચાયત) દિયોદર છે અને ફોન નં.૦૨૭૩૫-૨૪૪૦૭૨, મોબાઇલ નં. ૭૦૬૯૦૫૨૮૧૨ છે. ૯-ધાનેરા, ૧૩-ડીસા અને ૧૫-કાંકરેજ માટે ખર્ચ નિરીક્ષક તરીકે શ્રી પ્રતિક કુમાર સિંગની નિમણુંક કરવામાં આવી છે. તેઓનું રોકાણ સ્થળ વી.આઇ.પી.ગેસ્ટ હાઉસ દાંતીવાડા છે અને ફોન નં.૦૨૭૪૮-૨૭૮૪૫૫, મોબાઇલ નં.૭૦૬૯૦ ૫૨૮૧૩ છે. ૧૦-દાંતા, ૧૧-વડગામ અને ૧૨-પાલનપુર વિધાનસભા બેઠકો માટે ખર્ચ નિરીક્ષક તરીકે શ્રી સંજય પાંડેની નિમણુંક કરવામાં આવી છે. તેઓનું રોકાણ સ્થળ વિશ્રામગૃહ (સ્ટેટ) પાલનપુર છે અને ફોન નં.૦૨૭૪૨-૨૫૨૫૩૯, મોબાઇલ નં.૭૦૬૯૦ ૫૨૮૧૪ છે. આ અધિકારીઓ બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી લડતા ઉમેદવારો ધ્વારા કરવામાં આવતા ખર્ચની ચકાસણી કરશે.

થરાદ હાઈવે ..

પાના નં.૮ ચાલુ

ત્યારે તેમાંથી વિદેશી શરાબની કુલ ૯૧૨ બોટલો મળી આવી હતી. પોલીસને જોઈને એક શખ્સ નાસી ગયો હતો જ્યારે વાહનના ડ્રાઈવર નિતેષ મનસુખલાલ પુજારાની ધરપકડ કરી હતી.

પોલીસે રૂપિયા ૯૧,૨૦૦ની કિંમતનો વિદેશી દારૂ મળી કુલ રૂપિયા ૨.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે ઝડપાયેલા બુટલેગરને આ દારૂનો જથ્થો કોને મોકલવાનો હતો અને ક્યાં ઉતારવાનો હતો સહિતના પ્રશ્ને આગવી પૂછપરછ હાથ ધરી છે.

કલ્યાણપુરા પ્રા...

પાના નં.૮ ચાલુ

દાખલ કરાતા હાઇકોર્ટના આદેશ અનુસાર બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તપાસ સમિતિ બનાવી તપાસ કરાવતા તારીખ ૨૯/૦૮/૧૨ થી તારીખ ૨૭/૦૭/૨૦૧૬ ના સમયગાળા દરમિયાન શાળાના રેકર્ડમાં છેડછાડ કરી હોવાનું અને વાઉચર બુક તથા રજિસ્ટરમાં વિસંગતતા કરી ઉચાપત કરી હોવાનુ માલુમ પડતા લાખણી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ.પટેલે કલ્યાણપુરા પ્રાથમિક શાળાના તત્કાલીન આચાર્ય રેખાબેન કાન્તિલાલ ડામોર વિરુદ્ધ આગથળા પોલીસ મથકે ઉચાપતની ફરિયાદ નોંધાવતા શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી હતી.

ગુંદરી ચેકપોસ્ટ..

પાના નં.૮ ચાલુ

એફ જવાનો અને સ્થાનીક પોલીસના વાહન ચેકીંગ દ્વારા ઝડપી પાડ્યો છે.

ગુંદરી ચેકપોસ્ટ ઉપર બી.એસ.એફના જવાનોએ અને પાંથાવાડા પોલીસ સ્ટાફન પી.એસ.આઈ જે.ટી મહેશ્વરી, હે.કો અર્જુનભાઇ, પો.કો વિજુસિંહ, અમરતભાઈ વિગેરનાઓ મંગળવારના સાંજના સમયે વાહન ચેકીંગમાં હતા.તે દરમીયા રાજસ્થાન પાંસિંગ ટ્રક નં આર.જે ૧૮ - જી.એ ૧૩૯૭ને અટકાવી તપાસ કરી હતી.જે ટ્રકમાંથી ખીચોખીચ વિદેશી દારૂની ભરેલી પેટીઓ મળી આવી હતી. જેથી પોલીસે ટ્રકનાં ડ્રાઇવરની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે જેમ જેમ ચૂંટણીઓની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ દારૂની હેરાફેરી વધવા માંડી છે.જેથી સ્થાનિક પોલીસે ગુજરાતમાં યોજાનારી વિધાનસભા ચટણીઓને ધ્યાનમાં રાખી કડક વાહન ચેકીગ હાથ ધરી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે લઇ વધુ તપાસ હાથ ધરી છે.

ત્રિપલ તલાક ..

પાના નં.૧ ચાલુ

મુક્તિ મેળવી લેવામાં મદદ મળશે. અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે ખુબ જ સંવેદનશીલ અને જટિલ ત્રિપલ તલાકના મુદ્દા પર ૨૨મી ઓગષ્ટના દિવસે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો અને ત્રિપલ તલાકને ગરબંધારણીય ઠેરવતા દેશમાં જુદા જુદા સમુદાયમાં આની ભારે ચર્ચા જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય પીઠે ૩-૨ની બહુમતિ સાથે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા ત્રિપલ તલાક પર આગામી છ મહિના માટે સ્ટે મુકી દીધો હતો. સાથે સાથે કેન્દ્ર સરકારને ત્રિપલ તલાકના મુદ્દા ઉપર કાયદો બનાવવા માટે સૂચના આપી હતી.

આ મામલામાં સુપ્રીમ કોર્ટના પાંચ જજ પૈકી ત્રણ જજે ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો જ્યારે મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ જેએસ ખેહર અને ન્યાયમૂર્તિ એસ અબ્દુલ નઝીરે આ મામલામાં જુદો અભિપ્રાય આપ્યો હતો. જસ્ટિસ કુરિયન, જસ્ટિસ જોસેફ અને જસ્ટિસ નરીમને ત્રિપલ તલાકને ગેરબંધારણીય ગણાવ્યો હતો અને આને સ્વૈચ્છિક તરીકે ગણાવીને આની ટિકા કરી હતી. સાથે સાથે ત્રિપલ તલાકને ફગાવી દીધો હતો. ૩-૨ની બહુમતિથી આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ૧૧મી મે ૨૦૧૭ના દિવસે આ મામલામાં બંધારણીય બેંચમાં સુનાવણી શરૂ થઇ હતી. સુનાવણી સતત છ દિવસ સુધી ચાલી હતી. આ ગાળા દરમિયાન બંને પક્ષો તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટ તરફથી પણ ખુબ જ રોચક ટિપ્પણી કરવામાં આવી હતી. કુરાન, શરિયત અને ઈસ્લામિક કાયદાના ઇતિહાસ ઉપર જોરદાર ચર્ચા થઇ હતી. બંધારણની કલમો પણ જોરદારરીતે રજૂ કરવામાં આવી હતી. છ દિવસ સુધી સુનાવણી બાદ ૧૮મી મે ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

મહિલાઓને..

પાના નં.૧ ચાલુ

ફાળવણી થાય તેવી માંગ પણ બંને પક્ષોના મહિલા સંગઠનમાં ઉઠવા પામી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીલક્ષી જાહેરસભા કે કાર્યક્રમો દરમ્યાન ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના નેતાઓ અને આગેવાનો દ્વારા અવારનવાર મહિલાઓની સુરક્ષા, મહિલા સશિકતકરણ અને મહિલાઓને પ્રાધાન્યતા સહિતના મુદ્દે મોટી મોટી વાતો અને જાહેરાતો કરાતી હતી પરંતુ જ્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા તેમના ઉમેદવારોની યાદી જાહેર કરાઇ ત્યારે બંને પક્ષ દ્વારા મહિલા ઉમેદવારોની થયેલી ઉપેક્ષા જગજાહેર થઇ ગઇ. ભાજપે અત્યારસુધી તેની જાહેર કરેલી યાદીઓમાં માત્ર આઠ મહિલા ઉમેદવારોને સ્થાન આપ્યું છે, જ્યારે તેની સામે કોંગ્રેસે તેના ઉમેદવારોની પ્રથમ યાદીમાં માત્ર ત્રણ મહિલા ઉમેદવારોને સ્થાન આપ્યું છે. ભાજપે અત્યારસુધીમાં પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો અને બીજા તબક્કાની ૯૮ બેઠકો પૈકી ૪૬ ઉમેદવારોની યાદી જાહેર કરી છે, તેમાં માત્ર આઠ મહિલા ઉમેદવારોને ટિકિટ ફાળવી છે. જ્યારે કોંગ્રેસના તેના ૮૬ ઉમેદવારોમાં માત્ર ત્રણ જ મહિલા ઉમેદવારને ટિકિટ ફાળવી છે. આમ ભાજપની સરખામણીએ કોંગ્રેસ મહિલાઓને પ્રાધાન્યતા આપવામાં ઉણું ઉતર્યું છે. ભાજપે ભૂજ બેઠક પરથી નીમાબહેન આચાર્ય, ાંધીધામમાં માલતીબહેન મહેશ્વરી, ગોંડલમાં ગીતાબા જાડેજા, ભાવનગર(પૂર્વ) વિભાવરીબહેન દવે, લિંબાયતમાં સંગીતાબહેન પાટીલ, ખેડબ્રહ્માામાં રમીલાબહેન બારા, આંકલાવમાં હંસકુંવરબા રાજ, વડોદરા સીટીમાં મનીષાબહેન વકીલને ટિકિટ આપી છે. જેની સામે કોંગ્રેસે નવસારી બેઠક પરથી ભાવનાબહેન પટેલ, ભાવનગર પૂર્વમાં નીતાબહેન રાઠોડ સહિત ત્રણ મહિલા ઉમેદવારોને ટિકિટ ફાળવી છે. ભાજપ અને કોંગ્રેસ પક્ષના હાઇકમાન્ડ દ્વારા મહિલા ઉમેદવારોની અવગણના અને ઉપેક્ષા થતાં બંને પક્ષના મહિલા સંગઠનમાં ભારે નારાજગી અને રોષની લાગણી ફેલાઇ ગઇ છે. હવે બાકી રહેલી યાદીઓમાં બંને પક્ષની મહિલા ઉમેદવારોને યોગ્ય સ્થાન આપી સાચા અર્થમાં મહિલા પ્રાધાન્યતા સાર્થક કરી બતાવવા માંગ થઇ છે.

પ્રથમ દોર..

પાના નં.૧ ચાલુ

રૂપાણીની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. જેતપુરની બેઠક માટે જયેશ રાદડિયાએ ઉમેદવારીપત્ર ભર્યું હતું. હિરાભાઈ સોલંકીએ રાજુલા બેઠકથી ઉમેદવારી નોંધાવી હતી. ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ ૨૫મી ઓક્ટોબરના દિવસે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો. ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે. ગુજરાત ચૂંટણીમાં આ વખતે ૫૦૧૨૮ પોલિંગબુથ અથવા તો મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. ગોવા બાદ હિમાચલ અને ગુજરાત એવા રાજ્ય બની ગયા છે જ્યાં ચૂંટણીમાં ૧૦૦ ટકા વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. પ્રદેશમાં ૧૦૦ ટકા સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવશે. વીવીપેટ ઉપરાંત હાઈપ્રોફાઈલ ગુજરાત ચૂંટણી માટે અન્ય કેટલાક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. આ ચૂંટણીમાં નજર રાખવા માટે અને પેમેન્ટ સુધીમાં આઈટીનો ઉપયોગ કરવામાં આવશે. કોંગ્રેસના ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી હતી.

ડીસા શહેરીજનોનો..

પાના નં.૧ ચાલુ

સાથેનો ફલાયઓવર બ્રીજ બનાવવા સર્વ સમંતિ સધાઈ હતી. જેમાં "ફલાય ઓવર બ્રીજ નહી તો મત નહી" સુત્ર સાથે જો ઓવર બ્રીજ મુદ્દે સત્વરે યોગ્ય નિર્ણય નહી લેવાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

આ બેઠકમાં શુક્રવારે સવારે દશ કલાકે સમગ્ર શહેરીજનો દ્વારા ગાંધીજીની પ્રતિમા પાસે એકઠા થઈ મૌન રેલી સ્વરૂપે પ્રાંત કચેરી ખાતે જઈ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવા નિર્ણય કરાયો હતો.

શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

તે નિર્વિવાદ હકીકત છે. તેમ છતાં બૌદ્ધિક દ્રષ્ટિએ વિચારતાં ઈશ્વર પુરૂષ છે. તેમ જ તેમનામાં થતી ઉદ્‌ભવેલી પ્રકૃતિ એ તેમની શક્તિ છે. આ શક્તિ જ સૃષ્ટિનું સર્જન કરે છે. પુરૂષ નિર્લેપ રહે છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ વિચારતાં પરમાત્મા ઈશ્વર અંશી છે અને આત્મા એટલે કે જીવો તેમના અંશો છે. આદ્રષ્ટિએ પરમાત્મા જ માતા-પિતા બંને છે. બ્રહ્માનો અને વિષ્ણુનો પુત્રપ્રેમ આદર્શ છે. સનકાદિ કુમારો વિષ્ણુના કુલ ચોવીસ અવતારો માંહેના પ્રથમ અવતાર તરીકે ગણાય છે

જોકે જ્ઞાન પૂર્ણ છે. તે પૂર્ણતાથી જરા પણ ઓછી માહિતી કે જાણકારીનો અજ્ઞાનમાં સમાવેશ થાય છે. ઈશ્વર નિર્ગુણ-નિરાકાર છે. પરંતુ તેમને આપણે સગુણ-સાકાર બનાવીએ છીએ. ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે આપણે તેમને પ્રથમ તો સગુણ-સાકાર બનાવવા પડે છે.

રામકૃષ્ણ પરમહંસ મહાકાલી અનન્ય ભક્ત હતા. તેમના જીવનના અંત પૂર્વે બહુ થોડા સમય પૂર્વે જ તેઓ પરમેશ્વરના સગુણ-સાકાર સ્વરૂપને તજવા તેમના અંતિમ ગુરૂ તોતાપુરીની મદદથી શક્તિમાન બનવા હતા. શિવને શિવ બનીને જ પામી શકાય છે. તે આખરી મંઝિલ છે. પરમાત્માને પામવા તેમને સગુણ-સાકાર રૂપે ભજી આનર્ગણ પ્રેમ પ્રદાન કરી અને આમ એક પછી એક સોપાનો સર કરતા રહી અનેક જન્મોમોમાંથી પસાર થવું પડે છે.

આવી રહેલ પેઢી ભારતીય સંસ્કાર અને તેના ઉચ્ચ આદર્શો પ્રતિ દ્રષ્ટિપાત કરવા પ્રેરાય અને આપણો આ અમુલ્ય વારસો, નવી પેઢી જાળવી રાખે તથા તેમના મહ્ત્ત્વ-મર્મને સમજે તે માટે આવા ચરિત્ર ચિત્રણો ખુબ જ આવશ્યક છે. અને આ પુસ્તકના લેખકોનો ઉદ્દેશ્ય પણ એ જ છે. તેથી જ તેઓ એ વાત સ્વીકારે છે કે વિચારો પરમાત્માની પ્રસાદી છે જે ને શબ્દદેહ આપવામાં તેઓ નિમિત બન્યા છે.

'હે વત્સ!' પુસ્તકના બંને સપાદકો ર્ડો.રાજકુમાર ટોપણદાસાણી અને પ્રો. મહેન્દ્ર ગૌદાણા. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત વિદ્વાનો છે. ર્ડા. રાજકુમારને અધ્યાત્મ કાર્ય, સંશોધન કાર્ય, પ્રાકશન કાર્ય તેમજ ઉર્જા બચાવવાની જાગૃતિ માટે રાષ્ટ્રીય કક્ષાએ

૯ જેટલા એવોર્ડ અને ૨ ગોલ્ડ મેડલ મળે છે. તો પ્રો. મહેન્દ્ર મોતીચંદ ગૌહાણા કોમર્સના વિષયો ઉપરાંત આધ્યાત્મ, તત્વજ્ઞાન, ખગોળ, ઈતિહાસ, વિજ્ઞાન, કલા આદિ વિષયોમાં ખુબ અભિરૂચી ધરાવે છે અને આજીવન શિક્ષણને સમાર્પિત રહ્યા છે.

પિતા પુત્રના સંબંધની ઘણી જાણીતી અને અનેક થોડી અજાણી વાતો રજૂ કરી નવી પેઢી સામે આ કથાઓ જીવન મૂલ્યોની પુનઃસ્થાપના કરે તેવી શ્રદ્ધાથી લેખકોએ અહીં તે મુકી આપી છે હર્ષ પ્રકાશન દ્વારા પ્રગટ થયેલ આ પુસ્તકના વિક્રેતા ગૂર્જર સાહિત્ય ભવન અમદાવાદ છે. આપણે આશા રાખીએ કે આવી રહેલી પેઢી ભારતીય સંસ્કારો અને તેના ઉચ્ચ આદર્શો પ્રતિ દ્રષ્ટિપાત કરવા પ્રેરાય એ શુભભાવના સાથે આ સુંદર પુસ્તકને આવકારું છું.

હે, વત્સ!(પિતા અને પુત્ર વચ્ચેના સંબંધોની કથાઓ)

લેખકોઃ ર્ડા.રાજકુમાર ટોપણદાસાણી અને પ્રો. એમ.એમ. ગોદાણા

નટવર હેડાઉ

રૂપના રખોપા

અનુસંધાન ૫ નું ચાલુ

કેવી રીતે કરશો ઉપયોગઃ ૧ કપ એપ્પલ સાઇડર સિરકામાં ૪ કપ પાણી મેળવો. તેમાં ૧૫ મિનિટ તમારાં પગને ડૂબાડીને રાખો.

૭) ડિટોક્સ માસ્ક

ઉપર જણાવ્યા અનુસાર, એપ્પલ સાઇડર વિનેગર સ્કિનને એક્સફૉલિએટ કરવાની સાથે સાથેં ઉઁ લેવલ બેલેન્સ પણ જાળવી રાખે છે, તેની આ પ્રોપર્ટીને ખાસ ડિટોક્સ માસ્ક તરીકે ઉપયોગ કરીને તમને સરળતાથી હેલ્દી અને ગ્લોઈંગ સ્કિન મળી શકે છે.

ડિટોક્સ માસ્ક બનાવવાની રીતઃ ૧ ચમચી એપ્પલ સાઇડર સિરકામાં ૧ ચમચી મુલતાની માટી મેળવો. બસ તમારું ડિટોક્સ માસ્ક તૈયાર છે.

કેવી રીતે કરશો ઉપયોગઃ ઉપર બનાવવામાં આવેલા ડિટોક્સ માસ્કને તમારાં ચહેરા પર લગાવો અને સૂકાવા દો, ત્યારબાદ પાણીથી ચહેરો ધોઇ લો.

૮) હાઇજીન મેકઅપ માટે

મેકઅપ બ્રશને સાબુ અને પાણીથી ધોયા બાદ તેને એપ્પલ સાઇડર સિરકા અને પાણીથી બનેલા સોલ્યુશનથી સાફ કરો. આનાથી તમારું બ્રશ સરસ રીતે સાફ થશે.

૯) સનબર્નથી અપાવશે આરામ

એપ્પલ સાઇડર સિરકામાં એન્ટી-ઈન્ફ્લેમેન્ટરી પ્રોપર્ટીઝના કારણે સનબર્ન, રેશિઝ અને દરેક પ્રકારની જલનથી આરામ આપવામાં મદદ કરે છે.

આગ ભીતર ભીતરની..

અનુસંધાન ૫ નું ચાલુ

સ્ત્રી હોય તો બસ.. ને બસ આવી ત્યારથી ભડકો થઈ ગયેલો..

આજે સામે હતી.. સવાર સવારમાં પધરામણી કયાંથી ? મુખીએ પુછવા જેવો સવાલ કર્યો..

ઈને એસટીમાં બહારગામ જવું છે.. મેં કહ્યું, ચાલ ગલ્લામાં રાખ્યા છે તે આલુ તે આવી છે..

રઘલા મોચીએ કહ્યું.

હું આપું મુખીએ જાણે વચ્ચે ઝુકાવતાં કહ્યું..

ના બાપા રઘલો બોલ્યા.

પણ સોમીએ સુચવ્યું બાપા આપે છે તો લઈ લોને.. એસટીમાં જલદી જવાય અને સાંજ વેળા ઝટ અવાય..

પણ કંઈ બાપાના પૈસા થોડા લેવાય ?

કેમ ના લેવાય ?

અને મુખીબાપાએ ઝભ્ભાના ખિસ્સામાં રહેલું પાકીટ કાઢયું.. સો સોની બે નોટ આપતાં કહ્યું, રઘાજી લઈ લો.. ઝટ જશે તો કામ આટોપી ઝટ આવશે..

શબ્દો મુખીના સરળ હતા. પણ એમની જીભ જાટને લીલા નાગની જેમ લબકારા મારતી હતી.. રઘલો મોચી હાથ લંબાવે તો લંબાવે એ પહેલાં સોમીએ હાથ લંબાવ્યો. રૂપાળાં હાથ.. લાલ લીલી બંગડીવાળા હાથ ...આહા.હા.. શું રુપાળલ હાથ તો.. જયારે આનંદીનો હાથ.. જાડો ભમહાથ..

આનંદીને ઘણી વાર શરીર ઉતારવા માટે કહ્યું હતું કે આનંદીએ સાફ ના પાડેલી.. કહેલું શરી વધે એ સુખની નિશાની છે..

શું ધુળ... એ પછી મુખીએ રોજ ચાલવા જવા અંગે કહેલું ત્યારે આનંદીએ સામે જ કહી દીધેલુ..હું કયાંય આંટા મારવા જવાની નથી. તમને ગમતી હોય તો રાખો નહીં.. તો ફારગતીને પકડાવી દો..

..... આનંદીના મોંએ ફારગતિ શબ્દ સાંભળી સોમી યાદ આવી ગયેલી.. જો સોમી મળી જાય તો ?

આજે સોમીએ પોતાના રૂપાળા હાથે રૂપિયા લીધા.. પોતાના બ્લાઉઝના બટવામાં મુકયા..

જાઉં ત્યારે ?

હા.. સાંજે આવતી રહેજે.

કોઈ ત્યાં થોડી રહેવાની છું..

અને સોમી ઉભી થઈ પોતાના હાથમાંની થેલી ઠીક કરી નીકળી ગઈ.. રઘલા મોચીએ જુતાં ચમકાવી દીધાં..

અલ્યા ખાવા બાવાનું ? મુખીએ સવાલ પુછયું..

એ તો રાંધીને સુઈ ગઈ હશે મારી હારે..?

મુખીએ બુટ પહેરી લીધાં.. બાપા રૂપિયા બે દિ' માં આપી દઈશ.. રઘલાએ કહ્યું..

કશો વાંધો નહીં... આખે રસ્તે મુખીને સોમી યાદ આવવાની રહી. .આડે દિવસ જો તક મળી જાય તો.. સોમીને.. એવી રમત રમાડવાની છે..

બપોરના બાર વાગ્યા સુધી સોમી યાદ આવતી રહી.. સોમી..સોમી થઈ ગઈ.. આનંદી ગમતી ન હતી અને સોમી માટે પ્રયાસ..

અઢી થયા.. ત્રણ થયા.. ચાર.. પાંચ અને છ વાગી ગયા..

આ તરફ સોમી જે બસમાં સવારે જવા નીકળી હતી. એમાં યાંત્રિક ખામીના લીધે આગ લાગી ગઈ.. સોમી જે ડ્રાઈવરની બેઠક પાછળ બેઠી હતી. ત્યાંથી અડધી બસ આગમાં સપડાઈ ગઈ.. બસમાં ચૌદ મુસાફરો જીવતા ભુંજાઈ ગયા.. એમાં સોમી પણ હતી.. સૌએ જાણ્યું.. મુખીએ પણ.. પણ એ પછી રઘલો કયાં ચાલ્યો ગયો.. કોઈને કશીય ખબર નથી. .મુખી ખામોશ થઈ ગયા..

રેણુ વિષ્ણુકુમાર બારોટ

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં એક રાતમાં બે દુકાનોના તાળા તુટ્યાં

અંકલેશ્વર

જીઆઈડીસીમાં એક એક સપ્તાહમાં બે મકાન અને બે દુકાનમાં તસ્કરોએ ચોરી કરી શિયાળાની શરૂઆત થતાં જ ચોરીનો ભય લોકોમાં આવી જતો હોય છે. અંકલેશ્વર પંથકમાં ચોરીના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યાં જ ગઈ તારીખ ૧૯ નવેમ્બરના રોજ રાતમાં બે દુકાનોના તસ્કરોએ તાળા તોડી ચોરી કરી હતી. ચોરી કરતાં તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. કોસમડી વિસ્તારમાં આવેલ બસ સ્ટેન્ડની મુખ્ય ચોકડી બાજુમાં આવેલ કોમ્પલેક્ષમાં એક સેન્ટર અને પટેલ જનરલ સ્ટોરને તસ્કરોએ નિશાન બનાવતાં શટર ઉંચા કરી બંને દુકાનમાંથી રોકડ નહી મળતાં તસ્કરો પરચુરણ તેમજ ઈલેક્ટ્રોનિક સામાનની ચોરી કરી લઈ ગયા હતા અત્રે ઉલ્લેખનીય છે કે એક જ સપ્તાહમાં તસ્કરોએ ૨ મકાન અને ૨ દુકાનમાં ચોરી કરી છે. આ બનાવની જાણ જીઆઈડીસી પોલીસ મથકે કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી આવી હતી. અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બહુચરાજીમાં માગશર સુદ બીજે રસ-રોટલીનું જમણ તથા અન્નકૂટ પ્રસાદ ધરાવાયો

ચાણસ્મા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજીમાં માગસર સુદ બીજને સોમવારના રોજ બાલા ત્રિપુરા સુંદરી મા બહુચરના મંદિરે રસ- રોટલીના મહાપ્રસાદ તેમજ મહાઅન્નકૂટનું આયોજન કરાયું હતું. જેનો લાભ મોટી સંખ્યામાં માઈભક્તોએ લીધો હતો.

આદ્યશક્તિ મા બહુચરએ તેમના પરમ ભક્ત કવિ વલ્લભભટ્ટની આબરૂ જાળવવા માટે ભરશિયાળે જ્યાં રસ મળવો મુશ્કેલ હોય તેવા સમયે સમગ્ર જ્ઞાતિજનોને રસ- રોટલીનું જમણ આપ્યું હતું. એટલું જ નહીં,

ખુદ માતાજીએ વલ્લભ ભટ્ટજીનું અને નારસંગા વીરજીએ ધોળા ભટ્ટનું રૂપ ધારણ કર્યું હતું. માતાજીએ આ પરચો પૂર્યો એ દિવસ હતો માગસર સુદ બીજને સોમવાર માતાજીના પરચાની યાદરૂપે બેચર-બહુચરાજી આનંદ ગરબા મંડળ પરિવાર અને માઈભક્તો દ્વારા બહુચર માતાજીના મંદિરે સવારે ૩૫૧ કિલો અન્નકૂટ ધરાવાયો હતો.

જ્યારે સાંજે બહુચર માતાજીની આરતી બાદ ભક્તોને ૧૫૦૦ લિટર રસ અને રોટલીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. જેનો બહુચરાજી નગર તેમજ સમગ્ર પંથકના માઈભક્તોએ લાભ લીધો હતો. આ મહોત્સવને સફળ બનાવવા આનંદ ગરબાના પરિવારના માઈભક્તો દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ હતી.

વિવિધ બજાર ભાવ

ડીસા

એરંડા	૮૪૪-૮૫૨
રાયડો	૬૬૦-૬૮૦
મગફળી	૬૫૫-૮૨૧
બાજરી	૨૫૫-૩૦૦
અડદ	૬૪૦-૮૨૫
ઘઉં	૩૦૦-૩૨૦
ગવાર	૬૭૧-૬૯૫
કપાસ	૮૯૬-૯૦૫

પાલનપુર

એરંડા	૮૫૦-૮૬૫
ઘઉં	૩૧૩-૩૬૧
જુવાર	૬૨૦-૬૨૯
બાજરી	૨૧૦-૨૭૨
મગફળી	૬૦૦-૮૫૧
અડદ	૬૦૦-૭૪૦
રાજગરો	૭૩૫-૮૧૩
મગ	૯૦૦-૯૦૫
રાયડો	૬૬૪-૬૮૦
મકાઈ	૨૬૦-૨૬૨

લાખણી

રાયડો	૬૭૩-૬૭૮
વરી.	૯૦૦-૯૧૧
બાજરી	૨૫૦-૨૯૩
ર.બાજરી	૩૭૩-૪૦૦
તલ	૧૮૦૦-૧૮૫૧
ગવાર	૬૫૦-૬૮૬
એરંડા	૮૪૭-૮૬૧
કપાસ	૮૫૦-૮૯૨

પાટણ

જીરૂ	૧૭૦૦-૩૫૦૦
વરી.	૮૫૦-૧૨૫૧
મેથી	૩૬૧-૫૪૦
સુવા	૭૩૦-૯૦૬
ઘઉં	૩૧૦-૩૫૬
બાજરી	૨૩૦-૨૮૫
બંટી	૨૯૫-૩૪૦
કપાસ	૮૯૦-૯૪૦
મગ	૫૮૦-૭૧૦
અડદ	૬૫૦-૮૭૮
ગવાર	૫૫૦-૭૦૦
મગફળી	૬૫૦-૭૫૦
અજમો	૮૨૧
રાયડો	૬૪૬-૬૮૫
એરંડા	૮૩૦-૮૬૭
તલ	૧૩૫૦-૧૮૦૦

ધાનેરા

જીરૂ	૩૫૦૦-૩૭૦૦
એરંડા	૮૨૧-૮૪૭
મેથી	૪૯૦-૫૩૯
રાજગરો	૭૭૦-૭૭૯
ઈસ.	૧૬૬૧-૧૭૭૭
સુવા	૭૯૧-૮૫૫
રાયડો	૬૬૦-૬૯૪
ગવાર	૬૫૧-૭૦૦
બીજડા	૧૩૦૦-૧૩૦૯
ઘઉં	૩૪૮
મગ	૭૨૧-૭૮૧
બાજરી	૨૫૧-૩૦૬
મગ	૭૦૦-૭૮૮
મઠ	૬૪૩-૭૭૫
ચોળા	૫૭૧-૭૪૧
તલ	૧૨૫૫-૧૮૦૦
અડદ	૬૫૦-૮૮૪
અજમો	૬૯૧-૧૨૪૧
મગફળી	૫૭૦-૮૪૦
અન્ય	૮૧૧-૯૦૦

થરા

જીરૂ	૩૦૦૦-૩૫૦૧
એરંડા	૮૫૩-૮૫૭
રાયડો	૬૬૫-૬૭૫
ગવાર	૬૫૦-૬૯૦
ઘઉં	૩૨૦-૩૪૫
બાજરી	૨૪૦-૨૬૩
અડદ	૬૯૦-૭૯૨
તલ	૧૪૦૦-૧૬૨૫
મગફળી	૯૦૦

સિદ્ધપુર

રાયડો	૬૫૦-૬૮૬
એરંડા	૮૨૦-૮૬૯
મગ	૭૨૦-૭૮૦
અડદ	૬૫૦-૮૬૨
ગવાર	૬૬૦-૭૧૧
ઘઉં	૩૨૦-૩૬૭
બાજરી	૨૨૦-૨૯૭
જવ	૩૦૪
કપાસ	૮૫૦-૯૩૭

ભીલડી

એરંડા	૮૫૦-૮૫૩
રાયડો	૬૭૩-૬૮૦
બાજરી	૨૨૫-૨૫૫
ગવાર	૬૬૦-૬૯૫
તલ	૧૫૦૦-૧૯૭૪
ર.બાજરી	૩૭૫-૪૦૬
અડદ	૬૫૦-૭૮૧
ચોળી	૫૮૦-૬૬૮
મગફળી	૬૮૧-૮૧૧
કપાસ	૮૫૦-૮૬૦

ચાણસ્માના ૬૪ ગામોમાં રોડ- રસ્તા અને ગટર વ્યવસ્થાની સુવિધા નથી

ચાણસ્મા

કેન્દ્ર સરકાર દ્વારા ગામડાઓના પાયાના વિકાસ માટે જનસંખ્યાના ધોરણે વર્ષમાં બે વખત નાણાંપંચની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સરકારની ગાઈડલાઈન મુજબ વીલેજ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ (વીડીપી) માટે આગામી ૨૦૨૨ ની સાલ સુધીનો પ્રોજેક્ટ બનાવી થનાર કામોની કાર્યસૂચિ બનાવી દેવામાં આવેલ છે અને તે પ્રમાણે વર્તમાન ગ્રામ પંચાયતોને વિકાસના કામો કરવાના થાય છે. પરંતુ તાલુકાની મોટાભાગની ગ્રામ પંચાયતો દ્વારા જે કામોમાં વધુ ટકાવારી મળે તે કામો માસ્ટર પ્લાનમાં બતાવ્યા ન હોય તેમ છતાં તેમાં આડેધડ ફેરફાર કરી તેમાં મુખ્યત્વે સ્ટ્રીટ લાઈટના થાંભલા ઉપર એલઈડી ટ્યુબલાઈટ પર લગાવવાના કામને અગ્રતા આપી મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળે છે. તેમાં સ્થાનિક ગ્રામ પંચાયત અને તાલુકાના અધિકારીઓની અહમ ભૂમિકા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ચાણસ્મા તાલુકાના આશરે ૬૪ ગામો પાસેથી વીડીપી યોજના અંતર્ગત કામોની રૂપરેખા ગ્રા.પં.ના ઠરાવો સાથે વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધીની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મથકે ઓનલાઈન કરવામાં આવી છે અને તેમાં હાલની ગ્રા.પં.ને ફેરફાર કરવાનો કોઈ અધિકાર નથી. મોટાભાગના ગામોએ રોડ-રસ્તા અને ગટર જેવા પ્રાથમિક જરૂરિયાતના કામો બાકી હોવા છતાં હાલમાં નાણાંપંચની ગ્રાન્ટમાંથી જે ગામો સ્ટ્રીટ લાઈટનું નિયમિત બિલ ભરે છે અને તમામ વીજ પોલ ઉપર અગાઉના ધારાસભ્યના ફંડમાંથી એલઈડી ટ્યુબલાઈટો લગાવેલી છે, તેમ છતાં સરકારી ગાઈડ લાઈનના નિયમોને નેવે મુકી કેટલીક ગ્રા.પં. દ્વારા થાંભલા ઉપર ટ્યુબ લાઈટો લગાવ્યા સિવાય તેની ખરીદીના બિલો નાણાંપંચની ગ્રાન્ટમાંથી રોજમેળમાં ઉધારી મોટાપાયે કટકી કૌભાંડ આચરવામાં આવી રહ્યાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળે છે. સ્થાનિક ગ્રા.પં. સરપંચ / તલાટી તેમજ તાલુકાના એન્જિનિયર એકાઉન્ટન્ટ અને તાલુકા વિકાસ અધિકારીની ભાગબટાઈથી આ કામોને મંજુરી આપી તેના બિલો ઉઘરાવી લેવામાં આવ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે વીડીપીમાં સમાવિષ્ટ ન હોય તેવા તમામ ગામોની નાણાંપંચની ગ્રાન્ટનો છડેચોક થયેલા દુરૂપયોગની તપાસ કરી પગલાં લેવાની જરૂર છે.

રાધનપુર વિધાનસભા બેઠકના કોંગ્રસના તમામ ટિકિટ વાંચ્છુઓનો એક જ સૂર

ટિકિટ લાવનારને બધા ભેગા મળીને જિતાડો

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસમાંથી ટિકિટની માંગણી કરનાર તમામ ટિકિટ વાંચ્છુઓની એક બેઠક રાજસ્થાનના પૂર્વ ખાણખનીજ મંત્રી અને પાટણ જિલ્લાના ઈન્ચાર્જ રામલાલ જાટ અને રાધનપુર બેઠકના ઈન્ચાર્જ રાજસ્થાનના પૂર્વ ધારાસભ્ય મદનલાલ પ્રજાપતિની ઉપસ્થિતિમાં મળી હતી,આ પ્રસંગે કોંગ્રેસના તમામ ટિકિટ વાંચ્છુઓને સાંભળવામાં આવ્યા હતા,જેમાં તમામનો એક જ સૂર જોવા મળ્યો હતો કે રાધનપુર બેઠક ઉપર જે કોઈ ઉમેદવારને ટિકિટ મળે તમામ ટિકિટવાંછુઓએ સાથે રહીને જંગી બહુમતીથી જીતાડવા , જો કે આ બેઠકમાં એક સૂર એવો પણ જોવા મળ્યો હતો કે કોંગ્રેસમાં ટિકિટની ફાળવણી બાદ જેને ટિકિટ ના મળી હોય તેવા અગ્રણીઓ પક્ષના જ ઉમેદવારને હરાવવા માટે અંદરખાને મહેનત કરતા હોય છે, તે ના થવું જોઈએ.બેઠક બાદ રાધનપુર-સાંતલપુરના ટિકિટવાંછુઓ અને અગ્રણીઓને એક-એક કરીને રૂમમાં બોલાવીને કેવા ઉમેદવાર રાખવા જોઈએ તે અંગે અભિપ્રાય લેવામાં આવ્યા હતા, આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ મંત્રી રઘુભાઈ દેસાઈ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ દેસાઈ, ફરશુભાઈ જિલ્લા, સાંતલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ મહેબૂબખાન મલેક,તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ઝાહીદખાન

મલેક,રાધનપુર તાલુકા કોંગ્રસ પ્રમુખ નવીનભાઈ પટેલ,પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ, લવિંગજી ઠાકોર, બળવંતજી ઠાકોર, જિલ્લા પંચાયતના સદસ્ય જગદીશભાઈ રાઠોડ, મહિલા અગ્રણી સવિતાબેન શ્રીમાળી,જોરાજી ઠાકોર તેમજ ડેલીગેટો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

રાજેન્દ્રનગર ચોકડી નજીક દવાની આડમાં લવાતા વિદેશી દારૂ સાથે ૧ ની ધરપકડ

મોડાસા

નેશનલ હાઈ- વેથી રાજેન્દ્રનગર ચોકડીથી દવાઓ ભરેલ મીની ટ્રકમાંથી વિદેશી દારૂ રૂા. ૨.૬૪ લાખનો ગેરકાયદેસર જથ્થો પોલીસે ઝડપી પાડ્યો હતો. મોડાસા રૂરલ પોલીસે દવાના ૨૦૦ બોક્સની આડમાં છુપાવેલી વિદેશી દારૂની ૧૨૦ બોટલના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરી રૂા. ૮૨,૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે લીધેલ છે, જ્યારે વોન્ટેડ બે આરોપીઓ સહિત ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

પર પ્રાંતમાંથી દવાના મોટા જથ્થા સાથે દારૂ ઘુસાડવામાં આવી રહ્યો હોવાની બાતમી મળતાં મોડાસા રૂરલ પોલીસે નેશનલ હાઈવેની રાજેન્દ્રનગર ચોકડી ખાતે નાકાબંધી કરી બાતમીવાળી મીની ટ્રક આઈશર ડી.એલ. ૧, એલવી ૪૮૭૪ ને અટકાવી પોલીસે તપાસ ચલાવતા દવાના બોક્સની આડમાં મોંઘીદાટ ૧૨૦ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળી આવેલ.

દવા દારૂની આ હેરાફેરીમાં ચાલક ભગવાન રામમહેર રાજપુત (રહે. ન્યુ દિલ્હી) ને ઝડપી જેલ હવાલે કરાયો હતો. અન્ય

મદદગારી કરનાર બે આરોપીઓ દિનેશ શિલાણી અને અરવિંદ જે. જાટ વિરૂધ્ધ પ્રોહી. એકટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે દારૂ અને ટ્રક મળી કુલ રૂા. ૮૨,૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

રાધનપુરમાં યુવા ભાજપની બાઈક રેલી યોજાઈ

કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરમાં મંગળવારે એક બાજુ કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી માટે બેઠક યોજાઈ હતી, તો બીજી બાજુ યુવા ભાજપ દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવતા ચૂંટણીનો માહોલ જોવા મળ્યો હતો,શહેર યુવા ભાજપ દ્વારા શીશુમંદિર પાસેથી બાઈક રેલી શરુ કરીને હાઈવે ચાર રસ્તા,પટણી દરવાજા, રાજગઢી, મંડાઈ ચોક થઈને પરામાં જૈન બોંડિંગ સુધી પહોંચી હતી,જેમાં બસ્સોથી વધુ કાર્યકરો જોડાયા હતા,જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ડો.દેવજીભાઈ પટેલ, બાબુભાઈ ચૌધરી,શહેર યુવા ભાજપ પ્રમુખ ચીકાભાઈ રબારી, અજયભાઈ રાણા સહીત કાર્યકરોએ બાઈક રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ભાજપના કેસરી ઝંડાઓથી સમગ્ર વાતાવરણને કેસરીયું બનાવી દીધું હતું.

સતીષ ભટ્ટ

સાબરકાંઠા જીલ્લાની હિંમતનગરની વિધાનસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાએ આજે પોતાની ઉમેદવારીપત્ર ભર્યુ હતુ... હિંમતનગર શહેરમાં દુર્ગા કોમ્પલેક્ષ ખાતેથી રેલી સ્વરૂપે નીકળી ટાવરચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી હનુમાનજી મંદિરના દર્શન કરીને નીકળ્યા હતા... ત્યારબાદ જીલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોચી વિજય મુર્હતમાં પોતાનુ ઉમેદવારી પત્ર ભર્યુ હતુ ત્યારબાદ સપથ લઈ ટેકેદારો સહિત પ્રાંત અધિકારી સમક્ષ પોતાનુ ઉમેદારીપત્ર આપ્યુ હતુ... રાજેન્દ્રસિંહ ચાવડા મોટી રેલી નિકાળી પોતાનુ શક્તિ પ્રદર્શન કર્યુ હતુ..

ઉનાવાના વેર હાઉસના ગોડાઉનમાંથી રૂા.૧.૮૦ લાખના એરંડાની ચોરી

ઉંઝા

ઉ/ઝા વિસ્તારમાં આજકાલ ચોરીઓનું પ્રમાણ વધ્યું છે જેથી પ્રજામાં ભયનો માહોલ છે ટું - વ્હીલર વાહનોથી માંડી ઘરફોડ ચોરીના બનાવોની ફરિયાદો પોલીસમાં નોંધાવામાં આવી હોવા છતાં તપાસમાં કોઈ પરિણામ મળેલ નથી. તાજેતરમાં ઉનાવા રોડ પર આવેલ વેર હાઉસ ગોડાઉનમાંથી તસ્કરોએ ૭૦ બોરી (કિં.રૂા.૧.૮૦ લાખ) એરંડાની ચોરી કરી ફરાર થઈ ગયેલ. ઉનાવા પોલીસ મથકની હદમાં આવતા ડાભી ગામ તરફ જવાના રસ્તા ઉપર આવતા ઉમિયા વેર હાઉસના ગોડાઉનમાં કુષિ માલો મુકવામાં આવેલ છે. ત્યારે તાજેતરમાં તસ્કારોએ ગોડાઉનનું તાળું તોડી એરંડાની ૭૦ બોરી (કિં.રૂા.૧.૮૦ લાખ) ની ચોરી કરી જતાં ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી છે.

બીજી તરફ ઉંઝામાં વહેલી પરોઢે આવેલા દૂધના કેન અને છાપાઓના પાર્સલો ખુલ્લેઆમ ચોરાઈ રહ્યો છે. કેટલાક સ્થળોએ વાહનોમાંથી પેટ્રોલ ડિઝલની ચોરી તેમજ ઘરફોડ ચોરીના બનાવો તો સામાન્ય બની ગયાં છે. રાત્રી પોલીસ પેટ્રોલીંગ સઘન કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

મહેસાણા નજીક આવેલ મેવડ ગામમાં જુગારના અડ્ડા પર છાપોઃ ૧૫ જુગારિયા ઝડપાયા

મહેસાણા

મહેસાણા નજીક આવેલા મેવડ ગામની સીમમાં ચાલતાં જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારતા પોલીસની પક્કડમાંથી છૂટવા જુગારિયાઓએ ભારે ધમપ છાડા કર્યા હતા. પોલસે કોર્ડન કરી અમદાવાદના સાત સહિત ૧૫ જુગારિયાઓને આબાદ ઝડપી લઈ જુગારના સાધનો, રોકડ રકમ અને ૧૫ મોબાઈલ કબજે કરી ગુનો દાખલ કરેલ છે.

આ અંગેની વિગત એવી છે કે મેવડ ગામની સીમમાં આવેલા અરવિંદ ચૌધરીના ખેતરમાં દિનેશ પટેલ નામનો શખસ મોટાપાયે જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે છાપો મારી પ્રતીક દવે (ઘાટલોડિયા), ગફુર દેસાઈ (બોપલ), ઈબ્રાહીમ મોમીન (સાણંદ), પ્રદીપ પેથીવાલા (જીવરાજપાર્ક), હસમુખ કલાલ, જયંતી દેવડા અને ધર્મેન્દ્ર રાલોપી ત્રણેય (રહે. મેમનગર) તેમજ અલારખા કુરેશી, દિનેશ પટેલ, ભરત ચૌહાણ સહિત કુલ ૧૫ જુગારિયાને આબાદ ઝડપી લઈ મોબાઈલ ફોન, રોકડ રકમ અને જુગારનાં સાધનો કબજે કર્યાં હતાં.

પોલીસે દરોડો પાડતાં જ જુગારિયાઓએ ભાગી છૂટવા માટે દોડધામ કરી મૂકી હતી. પરંતુ પોલીસે તમામને આબાદ ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાબરકાંઠામાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ માટે નિમાયેલા બે ચૂંટણી ખર્ચ નિરીક્ષકશ્રીઓના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમીક્ષા બેઠક

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લામાં નિમાયેલા બે ચૂંટણી ખર્ચ નિરીક્ષક સર્વ મુદ્દીતકુમાર અને આકાશ શંકર ચૌગલેના અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા જિલ્લાની ચાર વિધાનસભા બેઠકો અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પી.સ્વરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિધાનસભાની ચાર બેઠકો માટે અમલમાં મૂકેલા મેનેજમેન્ટ પ્લાનની પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી.સાબરકાંઠા જિલ્લામાં ભયમુક્ત, શાંતીપૂર્ણ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા માટે પોલીંગ સ્ટેશન, તાલીમ, જિલ્લાના ગામો, મહેસૂલી ગામો, બીએલઓ, સેકટર ઓફિસર તથા અગાઉની ચૂંટણીઓમાં થયેલ મતદાનની ટકાવારી, એસએસટી, વીવીટી, વીએસટી, એકાઉન્ટીગ ટીમ, એમસીસી, ફલાઈંગ સ્કવોર્ડ, મટીરીયલ મેનેજમેન્ટ, ઈવીએમ મેનેજમેન્ટ તથા સ્વીપ સહિતની વિસ્તૃત વિગતો અને ચૂંટણીઓની તૈયારીઓથી ચૂંટણી ખર્ચ નિરીક્ષકશ્રીઓને વાકેફ કર્યા હતા. હિંમતનગર અને પ્રાંતિજ વિધાનસભા બેઠકના ચૂંટણી ખર્ચ નિરીક્ષકશ્રી મુદ્દીત કુમાર તથા ઈડર અને ખેડબ્રહ્મા વિધાનસભા બેઠકના ચૂંટણી ખર્ચ નિરીક્ષક આકાશ શંકર ચૌગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી મેનેજમેન્ટ પ્લાન નિહાળી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. તમામ અધિકારીઓને સૌ સાથે મળી લોકશાહીના પર્વને ઉજાગર કરી વધુ મતદાન થાય તે માટે અને કોઈપણ મુશ્કેલી હોય તો સીધો સંપર્ક કરવા જણાવ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં નિમાયેલ બે ચૂંટણી નિરીક્ષકો જિલ્લા સેવા સદન સાબરકાંઠા ખાતે આવી પહોંચતા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સ્વરૂપ પી તથા ચૂંટણી ખર્ચ મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે સ્વાગત કરી આવકાર્યા હતા. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર વી. એલ.પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મુકેશ પરમાર, ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલ અધિકારીઓ અને નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સાબરકાંઠા જિલ્લાના ચૂંટણીખર્ચ નિરીક્ષકે મીડિયા મોનીટરીંગ સેન્ટરની મુલાકાત લીધી

સતીષ ભટ્ટ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી ખર્ચ નિરીક્ષક તરીકે નિમાયેલા આકાશ શંકર ચૌગલે મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરીંગ સેન્ટરની મુલાકાત લીધી હતી.મીડિયા સેન્ટરમાં પ્રદર્શિત કરાયેલ વિવિધ ચૂંટણીલક્ષી માહિતી નિહાળી પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસિદ્ધ થતાં સમાચારો સહિતની મોનીટરીંગ વ્યવસ્થા અંગે એમ.સી.એમ.સી.ના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામકશ્રી આર.એસ.પટેલે જિલ્લાના અખબારો અને ઈલેક્ટ્રોનિક મીડિયાની ગુજરાતી સમાચારની ચેનલોના મોનીટરીંગ અને એડ ન્યુઝ તથા પેઈડ ન્યુઝની મોનીટરીંગ વ્યવસ્થા અંગે વાકેફ કર્યા હતા. આ પ્રસંગે નાયબ ખેતી નિયામક પી.બી.કિસ્તરીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

પાટણ જિલ્લામાં ચાર વિધાનસભા બેઠકોના પોલીસ ઓબ્ઝર્વર તરીકે ડી.સી.સાગર નિમાયા

પાટણ

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭અન્વયે પાટણ જિલ્લામાં યોજાનાર રાધનપુર, ચાણસ્મા, પાટણ અને સિદ્ધપુર વિધાનસભા મતદાર વિભાગો માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા પોલીસ ઓબ્ઝર્વર તરીકે શ્રી ડી.સી. સાગર (આઈપીએસ)ની નિયુક્તિ કરી છે. તેમનો મોબાઈલ નંબર ૦૭૭૪૭૦૧૦૦૦૦ છે.તેમના લાઈઝન અધિકારી તરીકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી બી.એમ. ત્રિવેદી નિયુક્ત કરાયા છે.

જેમનો મોબાઈલ નંબર ૯૯૦૯૯ ૬૦૫૬૦ છે.તેમ જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલને એક અખબારી યાદીમાં જણાવાયું છે.